
ISBN-978-81-977089-5-4
First Edition



# Vinoba Bhave View of Karmayoga in Bhagwad Geeta

**Author**
**Dr. Tarulata V. Patel**
**Ms. Mansi P. Patel**



**Dr. Tarulata V. Patel** is currently working as Assistant Professor at Maniben M. P. Shah Mahila Arts College, Kadi, Gujarat. She belongs to a small town of Koparli located at the outskirts of Vapi, Gujarat. She has worked on "Vedic Vangmayma Krishi, Vruksh *ane Pashuvidhya nu Anushilan"* and obtained her Ph.D. degree in Sanskrit under the able guidance of Dr. Prajna Joshi from Gujarat University, Ahmedabad. She has to her credit 5 Books and 30 research papers published in national and international journals of repute. She has actively participated and presented research papers in 9 state, 16 national and 6 international seminars/conferences and attended 7 workshops of Sanskrit. Her research area includes Vedic literature, Religion and Scriptures, Puranas etc.



**Ms. Mansi P. Patel** serving as a Visiting Faculty at Maniben M.P. Shah Mahila Arts College, Kadi in Gujarati Subject since 2023. she has a 1 year of Teaching Experience. She has completed B.A. with Distinction and M.A. with Distinction in Gujarati from Hemchandracharya North Gujarat University, Patan. She has published more than 10 research papers Journal and she has attended various National, international seminars conferences, workshops etc. She is also Interested in the Subject like Madhyakalin Gujarati Sahitya.

*Publisher*
Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-977089-5-4
9 788197 708954

ISBN-978-81-977089-5-4
First Edition

# Vinoba Bhave View of Karmyoga in Bhagwad Geeta

**Dr. Tarulata V. Patel**

**Ms. Mansi Patel**

**“Vinoba Bhave View of Karmyoga in Bhagwad Geeta”**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-977089-5-4
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-977089-5-4

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-977089-5-4
First Edition

# પ્રસ્તાવના

ગીતા ગ્રંથની રચના થઈ ત્યારથી આજદિન સુધી ગીતાના વાચકોએ ગીતાના મધ્યવર્તી ઉપદેશો અંગે અનેક અભિપ્રાયો આપ્યા છે. ગીતા એક શાશ્વત અને સાર્વત્રિક ધાર્મિક ગ્રંથ છે. ભગવદગીતા એક કાલાતીત અને સર્વવ્યાપી ગ્રંથ છે, તેથી અલગ-અલગ સમયે દરેકને તેમની દ્રષ્ટિ અનુસાર માર્ગ મળે છે. જીવન પ્રત્યેનો અલગ દૃષ્ટિકોણ ધરાવનાર દરેક વ્યક્તિને તેમાંથી પ્રેરણા મળે છે. તે ભગવદગીતાનું આભૂષણ છે. ભગવદગીતા આપણને કહે છે કે, સાચું શું છે અને ખોટું શું છે? તે માત્ર કર્મના મૂળની તપાસ કરીને તે મુજબ કાર્ય કરવા માટે નિશ્ચય અને પ્રેરણા પણ શીખવે છે, ભગવદગીતા આપણને શુદ્ધ, સંલગ્ન હેતુ સાથે કર્મ કરવા પ્રોત્સાહિત કરે છે.

વિનોબા ભાવે અનુસાર નિઃસ્વાર્થ કાર્યના વ્યવહારિક અને આધ્યાત્મિક પરિણામો પર ભાર મૂકે છે. તે કર્મયોગ અથવા ક્રિયાના યોગનું અર્થઘટન કરે છે, ભક્તિ અને ભક્તિ સાથે પોતાની ફરજો નિભાવવાના એક માર્ગ તરીકે, તે પ્રકાશિત કરે છે, કે કર્મયોગ માત્ર ક્રિયા વિશે જ નથી, પરંતુ યોગ્ય વલણ સાથે ક્રિયાઓ કરવા વિશે છે - પરિણામો અને વ્યક્તિગત લાભો પ્રત્યેની આસક્તિથી મુક્ત છે.

તેમના મતે કર્મયોગનો સાર એ છે કે, પોતાની ફરજ અને જવાબદારીઓ અનુસાર સ્વાર્થ કે અપેક્ષાઓ વિના કાર્ય કરવું. વિનોબા ભાવે એ વાત પર પણ ભાર મૂકે છે કે, આ અભિગમ નિઃસ્વાર્થ સેવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અને વ્યક્તિના કાર્યોને વધુ સારા માટે સમર્પિત કરીને આધ્યાત્મિક વિકાસ અને આંતરિક શાંતિ તરફ દોરી જાય છે, વ્યક્તિ ચેતનાની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે અને પરમાત્મા સાથે વધુ ઊંડાણપૂર્વક જોડાઈ શકે છે.

આ અર્થઘટન વિનોબા ભાવેની અહિંસા અને સામાજિક જવાબદારીની વ્યાપક તત્વજ્ઞાનને પ્રતિબિંબિત કરે છે. વ્યવહારિક જીવન સિદ્ધાંતો સાથે આધ્યાત્મિક શાણપણને એકીકૃત કરે છે.

**ડૉ. તરુલતા વી. પટેલ,**

**માનસી પટેલ**

ISBN-978-81-977089-5-4
First Edition

# CONTENTS


| Sr. No. | Title & Author | Page No. |
|---|---|---|
| 1 | ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાઓ | 1 |
| 2 | શ્રીમદ્ભગવદગીતાનો કર્મયોગ | 17 |
| 3 | વિનોબા ભાવેનો જીવન પરિચય –તેમના કાર્યો | 29 |
| 4 | વિનોબા ભાવેના મતે કર્મયોગ સંદર્ભમાં વિચારણા | 38 |
| 5 | શ્રીમદ્ભગવદગીતાના  કર્મયોગનું જીવનમાં મહત્વ | 45 |
| 6 | આજનું વિશ્વ : ગીતાનો કર્મ સંદેશ અને તેનું મૂલ્ય | 61 |
| 7 | સંદર્ભગ્રંથસૂચિ | 63 |

ISBN-978-81-977089-5-4
First Edition

# Vinoba Bhave view of karmayoga in Bhagwad Geeta

## શ્રી વિનોબાભાવે ના મતે શ્રીમદ્ભગવદ્ગીતામાં કર્મયોગ


### લેખકો

૧) ડૉ. તરૂલતા વી પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર - સંસ્કૃત

૨) પ્રા. માનસી પી. પટેલ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - ગુજરાતી

### સહલેખકો

૧. પ્રો. મધુબેન એસ. ઠાકોર

૨. ડૉ. રતનબેન પી. સોલંકી, એસોસિયટ પ્રોફેસર - મનોવિજ્ઞાન

૩. ડૉ. જૈમિનીબેન સી. સોલંકી, આસિસ્ટન્ટ પ્રોફેસર - અર્થશાસ્ત્ર

૪. ડૉ. કિંજલબા ડી. ચુડાસમા, આસિસ્ટન્ટ પ્રોફેસર - અર્થશાસ્ત્ર

૫. પ્રા.ભારતી પ્રજાપતિ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - અર્થશાસ્ત્ર

૬. ડૉ.જલ્પા પ્રજાપતિ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - અર્થશાસ્ત્ર

૭. ડૉ. લક્ષ્મી ઠાકોર, ફૂલ ટાઈમ ફેકલ્ટી - મનોવિજ્ઞાન

૮. પ્રા. સનોબર શેખ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - અંગ્રેજી

૯. પ્રા. નરમીન પટેલ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - ઈતિહાસ

૧૦. પ્રા. જીતેન્દ્રસિંહ વિહોલ, ફૂલ ટાઈમ ફેકલ્ટી - ઈતિહાસ

ISBN-978-81-977089-5-4
First Edition

# પ્રકરણ-૧ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાઓ

કોઈ પણ દેશની સંસ્કૃતિ એ દેશનો આત્મા છે. ભારતીય સંસ્કૃતિ એ દેશનો આત્મા છે. ભારતીય સંસ્કૃતિની ગરિમા અપાર છે. આ સંસ્કૃતિમાં આદિકાળથી એવી પરંપરા ચાલી આવે છે કે જેની પાછળ તાત્વિક મહત્ત્વ અને વૈજ્ઞાનિક રહસ્ય છુપાયેલું છે.

સંસ્કૃતિ એટલે સમ્યક્ કૃતિ ! વિશ્વનિયંતાએ નિર્માણ કરેલી અનંત કૃતિઓમાં શ્રેષ્ઠ કૃતિ કઈ? આ પ્રશ્નનો ઉત્તર સોપતાં મનુષ્ય જ એ ગોરવભર્યું બિરુદ મેળવશે, એ નિઃ સંશય  વાત છે. ભગવાનને ગીતામાં માનવને મમૈવાંશ: કહીને પોતાના જ એક અંશ  તરીકે બિરદાવ્યો છે. આંગ્લ કવિ શેકસપિયરે પણ "Man is made in the image of god.” એમ કહીને માનવનું ગૌરવ વધાર્યું છે.

પરમેશ્વરની આ શ્રેષ્ઠ કૃતિ - માનવને સદૈવ શ્રેષ્ઠતાના ઉન્નત શિખર પર સ્થિર રહેવાનું માર્ગદર્શન આપતી, આપણા ઋષિમુનિઓએ સર્જેલી વિચારપ્રણાલી તેમજ તદનુકૂલ આચારસંહિતાનો પણ કાળક્રમે સંસ્કૃતિમાં સમાવેશ થયો. વિચારોનો વિસ્તાર અનવધિ  કાળમર્યાદામાં સાચવવો સુકર ન હોવાથી તે મહાન વિચારોએ સૂત્રોનું રૂપ લઈ આત્મસંરક્ષણની યોજના સાધી લીધી. એ વિચાર- સૂત્રો જ પાછળથી યથોચિત્ત પ્રતીકોમાં પરિણમ્યાં. આચારસંહિતામાં રહેલી  શુષ્ક ઉપદેશની જડતા દૂર કરવા શાસ્ત્રકારો એ વિભિન્ન પ્રકારના ઉત્સવો સર્જ્યા.  ઉત્સવના ઉમંગમાં આચારપાલન સહજ અને સરસ બન્યું. યોગ્ય અર્થમાં જો પ્રતીકો સમજાય અને ઉત્સવો ઉજવાય તો સંસ્કૃતિ કોઈ પણ કાળે પુનર્જીવિત થાય. પ્રતીકોમાં બુદ્ધિનો વૈભવ દેખાય છે તો ઉત્સવોમાં ભાવનો પ્રવાહ વહેતો જોવા મળે છે. પ્રતિકોમાં બુદ્ધિની ખિલવણી છે તો ઉત્સવોમાં હૃદયની કેળવણી છે. આજની ભાષામાં કહેવું હોય તો પ્રતીકો એ સંસ્કૃતિનું વિચારવિજ્ઞાન છે. તો ઉત્સવો એ વિચારોને સહજ રીતે આચારમાં લાવવાની કલા છે. માનવ એ ભાવ  અને બુદ્ધિ યુકત પ્રાણી હોવાથી ઉત્સવો અને પ્રતીકો બંને તેના જીવન ઘડતરમાં અમૂલ્ય એવાં ફાળો આપે છે. ભાવ અને બુદ્ધિ જીવનમાં એવાં મુશ્કેલ છે અને તેથી જ કેટલાંક પ્રતીકો અને ઉત્સવોને પણ અલગ પાડવાનું અશકયવત્ ભાસે છે.

અંગ્રેજીમાં સંસ્કૃતિ માટે Civilization તેમજ Culture એમ બે સબ્દો વપરાય છે. 'Our civilization is what we use and our culture is what we live.' આપણાં પ્રતીકો અને ઉત્સવોને સભ્યતા કરતાં સંસ્કારો જોડે ગાઢ સંબંધ છે. સંસ્કાર સર્જનમાં એ સાંસ્કૃતિક તત્વોનો ફાળો અતિ પ્રશ્ંસનીય છે

સંસ્કૃતિને દેશકાળ ની અર્વાચીનતાના નાદમાં ન પડતાં તેમાં રહેલી શ્રેષ્ઠતાનો કે અર્વાચીનતાના નાદમાં ન બુદ્ધિમાન મનુષ્યોનું લક્ષણ છે. મહાકવિ કાલિદાસે યોગ્ય જ કહ્યું છે:-

બધું જૂનું છે એમ કહેવું સારું નથી કે કવિતા નવી છે એમ કહેવું સારું નથી. મૂર્ખ વ્યક્તિ જેની બુદ્ધિ બીજાને સમજાવી શકાતી નથી તે બીજાને તપાસીને પૂજે છે.

ISBN-978-81-977089-5-4
First Edition

पुराण मत्येव न साधु सर्वं न चा प काव्यं नव मत्यव्धम्।
संतः परीक्ष्यान्यतरत् भजन्ते मूढः परप्रत्ययनेयबुद् धः।।
(માલવિકાગ્નિમિત્ર)

'સારાસાર વિવેક ખોઈ બેઠેલો માનવ, સંસ્કૃતિનાં તત્વોમાં રહેલા સત્વને સમજ્યા વગર, નિરર્થક વાતો માટે દુરાગ્રહી બની ભટકતો જોવા મળે છે."

તપનો મહિમા ભારતીય સંસ્કૃતિએ ગાયો છે. એકજ સ્થાન પર બાર વર્ષ બેસી માણસ દૈવી વિચારોનું પ્રવચન, ચિંતન તેમજ શ્રવણ કરે તો તેનાં જીવનમાં દૈવી કાર્યની પ્રેરણા પ્રભુ જરૂર આપે છે. કીર્તન ભક્તિને આજ આવા રીત હજારોની સંખ્યામાં ભાઈ –બહનો જ શ્રોતાવર્ગ  રૂપ હતા.તેઓ ભારતીય સંસ્કૃતિને માટે કાયપ્રવણ થયેલા છે.

ભારતનું એ સૌભાગ્ય છે કે વિશ્વને ચિરંતન માર્ગદર્શન આપી શકે  તેવી સંસ્કૃતિ એટલે વેદમાન્ય તેમજ વ્યાસમાન્ય સાંસ્કૃતિક! માનવ માત્રને તેની સમસ્યાઓનો ઉકેલ ભારતીય સાંસ્કૃતિક વિચારધારામાંથી સાંપડી શકે તેમ છે, પરંતુ દુઃખની વાત છે કે એ સંસ્કૃતિની મહાનતાને સમજી ન શકનારો આજનો ભારતવાસી પોતાના પ્રશ્નોનો ઉકેલ શોધવા વિશ્વ ભરમાં ભટકી રહ્યો છે.

આજના કાળમાં સૌથી પહેલાં તો આપણામાં ભારતીય સંસ્કૃતિ માટે અસ્મિતા નિર્માણ થવી જોઈએ. તેમજ "હું. ભારતીય છું'- એ વાતનું ગૌરવ લાગવું જોઈએ. 'ભારતમાં જન્મ મળ્યો એ મારું સૌભાગ્ય છે- એ ભાવના જો દ્રઢ થાય તો જ માનવ, સંસ્કૃતિનું યોગ્ય અર્થમાં પૂજન કરી શકે. પૂજન માં સમર્પણ ગૃહીત છે. સંસ્કૃતિ જો મને ગમે તો જ હું તેને ચરણે મારું જીવન ભાવપૂર્ણ અંતઃ કરણ થી સમર્પિત કરું. સંસ્કૃતિ ના તત્વોને જીવનમાં સાકારિત કરવાનો પ્રયત્ન કરવો તેમજ સાંસ્કૃતિક વિચારોને વિશ્વના ખૂણે ખૂણે પહોચાડવા કટિબદ્ધ થયું એ જ સાચું સંસ્કૃતિ - પૂજન છે.

ભારતીય સંસ્કૃતિ ઔદાર્યની અને કર્તુત્વની પૂજક છે. 'God, helps those who help themselves જેને ખુદનો ભરોસો નથી તેનો ખુદા પરનો ભરોસો કામયાબ નીવડતો નથી. લાંબી સોડ તાણીને પગ ઉપર પગ ચઢાવી આળસુની માફક બેસી રહેનારને ભગવાન મદદ કરતા નથી. ऋते श्रान्तस्य न सख्याय देवाः ઋગ્વેદનો ભવ્ય પુરૂષાર્થવાદી મંત્ર આપનારી ભારતીય સંસ્કૃતિ છે. સુતેલાને બેઠો કરનારી, અને ચાલતા રહેલાને દોડતો કરનારી આ જીવંત અને પ્રેરણાદાથી સંસ્કૃતિ છે. न लनीदलगत स ललं तरलं तदत् जी वत मतिशय चपलं 'માનવનું જીવન કમલ-પત્ર પર રહેલા પાણીના  ટીપા જેવું ચપલ છે. તેને પ્રમાદમાં વેડફી ન નાખતાં માણસે સજાગ રહીને તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. વેદની પણ આ ગર્જના છે કે, ' उ त्तष्ठ जाग्रत प्राप्य वरान् निबोधत'Arise awake and stop not till the goal is reached. શ્રુતિનો આદેશ છે કે ઊઠ અને જાગ ,હવે પ્રશ્ન એ થાય છે કે પહેલાં માણસ ઊઠે કે જાગે? ઊઠયા પછી જાગવાનું કહેનાર

ISBN-978-81-977089-5-4
First Edition

શ્રૃતિ આપણને સમજાવે છે કે ઘણા ઊઠેલા માણસો જોગલા લેતા નથી. વર્ષોના વર્ષો સુધી માણસ પોતાનો બધોજ વ્યવહાર ઊંઘ જેવી નિષ્ક્રિય અને બેભાન અવસ્થામાં કરતો હોય છે.

ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પુસ્તકના પાનાઓમાં નહી, પરંતુ તેના જીવતા ઉત્સવોમાં લખાયેલો છે. તે ઉત્સવો પાછળ રહેલી દ્રષ્ટિ જો પકડાય, તેની પાછળ રહેલા મંત્રનું જો મનન થાય તો એ સાંસ્કૃતિક ઇતિહાસના સર્જક એવા ઋષિમુનિઓ પ્રત્યે માનવ કૃતજ્ઞ બુદ્ધિથી નતમસ્તક બની જાય. એ સંસ્કૃતિ ટકાવવા લોહીનું ટીપેટીપું ખર્ચનાર પૂર્વજો માટે આદર નિર્માણ થાય, શાસ્ત્રાકારો ઉપરની શ્રદ્ધા વધારે દ્રઢીભૂત થાય. આમ ભારતીય સંસ્કૃતિ એટલે વેદોની સંસ્કૃતિ, આર્યોની સંસ્કૃતિ. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે. 'ईश्वरः सर्वभूतानां हृदेशेऽर्जन तिष्ठति' ઇશ્વર સર્વ પ્રાણીઓના હ્રદયમાં રહેલો છે. ભારતીય સંસ્કૃતિ આપણને માનવ તેમજ માનવેતર સૃષ્ટિ તરફ પ્રેમ અને આદરથી જોવાનું સૂચવતી રહી છે. આપણી સંસ્કૃતિએ પશુ-પક્ષી, વૃક્ષ-વનસ્પતિ સૌની સાથે આત્મીય સંબંધ જોડવાના પ્રયત્ન કર્યો છે.

### ભારતીય ધર્મશાસ્ત્રોમાં શ્રીમદભગવદ્દગીતા

ગીતા કોઈ એક જ દેશ ,સમાજ કે પ્રજાના વિચારને જીવનના આદર્શનું પ્રતિનિધિત્વ કરતો ગ્રંથ નથી. તેની જન્મભૂમિ ભલે ભારત  છે, છતાં ભારત ઉપરાંત તે સારા  સંસારની મિલકત છે. સમસ્ત માનવજાતિ  તેનો  લાભ લઈ  શકે છે. શ્રીકૃષ્ણ અને વ્યાસ સમસ્ત માનવજાતિનું મંગળ ઇચ્છનારા છે. ગીતા વિશ્વવ્યાપક  છે, સારીય સૃષ્ટિની તે અધ્યાત્મિક મૂડી છે.આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલા માગસર સુદ એકાદશીના મંગળ પ્રભાતે કુરૂક્ષેત્રની રણભૂમિ પર યોગેશ્વર શ્રીકૃષ્ણના મુખારવિંદમાથી ગીતાનો જ્ઞાનપ્રવાહ  વહ્યો. ભારતને ગીતાનો અમૂલ્ય ગ્રંથ મળ્યો અને ત્યારથી તે દિવસ ભારતના જ્વલંત સાંસ્કૃતિક ઈતિહાસમાં એક સુવર્ણનું પાનું બની રહ્યો.

ગીતા એટલે યોગેશ્વર શ્રીકૃષ્ણના મુખકમલમાથી નીતરેલું માધુર્ય તેમજ સૌદર્યનું વાડ્ગ્મયિન સ્વરૂપ. ભગવાન ગોપાલકૃષ્ણના પ્રેમમુરલીએ ગોકુળમાં સૌને મુગ્ધ કર્યા તો યોગેશ્વર કૃષ્ણ ની જ્ઞાન મુરલી ગીતાએ કુરુક્ષેત્ર ની ભૂમિ પર અર્જુનને યુદ્ધ માટે પ્રેર્યો અને ત્યારથી આજ સુધી અનેક જ્ઞાની, ભક્ત, કર્મયોગી, ઋષિ,સંત,સમાજસેવક કે ચિંતક પછી તે કોઈ પણ દેશ અથવા કાળનો હોય, ધર્મનો કે જાતિનો હોય, તે સર્વને તેણે મુગ્ધ કર્યા છે.' કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ 'ના મુખમાંથી નીકળેલા આ વાડ્ગ્મયે માનવને જીવન જીવવાની હિંમત આપી છે .

જીવન  એક સંગ્રામ છે અને તેવી કુરુક્ષેત્રની રણભૂમિ માં ગીતાનું ગાન એક સુયોગ્ય પૃષ્ઠભૂમિ નું સર્જન છે. ભગવાન ને અર્જુનને નિમિત્ત બનાવી વિશ્વના માનવ માત્રને ગીતામાં જ્ઞાન દ્વારા જીવનાભિમુખ કરવાનો ચિરંતન પ્રયાસ કર્યો છે. જીવન રડવા માટે નથી; ભાગી જવા  માટે નથી;  જીવન હસવા  માટે છે; રમવા માટે છે; મુસીબતોની સામે હિંમતથી જ્જૂમવા  માટે છે, તેમજ અખંડ આશા અને અતૂટ શ્રદ્ધાના બળે વિકાસ કરવા માટે છે.  તે માનવ માત્રને જીવનમાં પ્રતિક્ષણે  આવતા નાના મોટા સંગ્રામોની સામે હિંમતથી ઊભા રહેવાની શક્તિ બક્ષે છે.

ISBN-978-81-977089-5-4
First Edition

વેદ ઉપનિષદના મહાન જ્ઞાન – સાગરને ગીતાએ પોતાની નાનકડી ગાગરમાં સમાવી લીધો છે. 'सर्व शास्त्रमयी गीता' ગીતામાં સર્વશાસ્ત્ર નો સમન્વય જોવા મળે છે. કોઈ પણ વિશિષ્ટ ધર્મસંઘ કે સંપ્રદાયના નાદમાં ન પડતાં ગીતકારે માનવજીવન નાં ચિરંતન મૂલ્યોને ગીતામાં ગૂંથ્યા છે . આવો અમૂલ્ય ગ્રંથ માનવમાત્રને આપવા છતાં કૃષ્ણની નમ્રતા કેવી અદ્ભુત છે, ભગવાન સ્વમુખે કહે છે કે આમાં મારું કઈ પણ મૌલિક નથી . 'ऋ ष भः बहुधा गीतम्' ઋષિઓએ જે અનેકવાર અનેક પ્રકારે ગાયું છે તે જ હું ફરીથી કહું છુ. ભગવાનની આ નમ્રતા પર પ્રસન્ન થઈ ગયેલા શ્રીમદ આદ્ય શંકરાચાર્યે એક સ્તોત્રમાં ભગવાન શ્રીકૃષ્ણ ને 'मेघ सुन्दरम्' કહીને બિરદાવયા છે. સમુદ્રમાંથી પાણી ખેંચીને નિર્માણ થતા મેઘનું પાણી ભલે એનું પોતાનું ન હોય પણ મીઠાશ એની પોતાની છે. તેવી જ રીતે કદાચ જ્ઞાન કાં તો વિચાર મૌલિક ન હોય તો પણ ગીતાનું જે આગવું માધુર્ય છે તે કૃષ્ણ નું પોતાનું છે. શ્રી કૃષ્ણના મુખારવિંદ માંથી નીકળેલું આ અમૃત ગીત અનેકોના જીવનમાં સંગીત નિર્માણ કરે છે; નિષ્પ્રાણ લોકોમાં પ્રાણ પૂરે છે અને મૃતજીવન કરતાં જીવંત મૃત્યુ શ્રેષ્ઠ છે તે વાતની માનવ માત્રને પ્રતીતિ કરાવે છે.

ગીતા એ વૈશ્વિક ગ્રંથ છે. વાસ્તવિક રીતે જોતાં તો એ તત્વજ્ઞાનનો એક અમૂલ્ય ગ્રંથ છે. 'Gita is not the Bible of Hinduism but it is the Bible of Humanity: છતાંયે તમારો ધર્મગ્રંથ કયો? એમ કહીને આપણી મશ્કેરી ઉડાવતા લોકોને આપણે હિંમતથી કહી શકીએ કે ગીતા એ અમારો વિશ્વધર્મ ગ્રંથ છે. ગીતા ભગવાને સ્વમુખે ગાઈ એજ એનું વૈશિષ્ટય છે. વેદવ્યાસે તો પછીથી એ ગીતાને મહાભારતમાં ગૂંથી લીધી છે.

એની બીજી વિશેષતા તેની મહાન ઉદારતા છે. તેના સમગ્ર ઉપદેશમાં કયાંઈ કોઈ પણ ધર્મ, સંપ્રદાય, જાતિ ડે સાધના પ્રણાલિ સામે તિરસ્કારની ભાવના કે હીનવૃત્તિ જોવા મળતી નથી. ઊલટું પાપી, પ્રત્યે તે હમદર્દીથી જુએ છે. સ્ત્રી, વૈશ્ય ને શૂદ્રને માટે પણ ગીતા જીવનના વિકાસના સમાન અધિકારની હિમાયત કરે છે. આ સંસારમાં કોઈ ઉચ્ચ કે કોઈ નીચ નથી. બાહ્ય લૌકિક ભેદભાવના કારણે ઇશ્વરના દરબારમાં કોઈ શ્રેષ્ઠ કે કનિષ્ઠ બની જતુ નથી. માનવનાં ધર્મ ને કર્મ તથા જીવનવિકાસના પ્રધાન માર્ગો પ્રત્યે પણ ગીતા સહાનુભૂતિભર્યું ને ઉદાર વલણ દાખવે છે. જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરે માર્ગોનો ઉદાર સમન્વય કરવાને લીધે ગીતા કોઈ પણ એક પંથ કે સાધના સંપ્રદાયનું પ્રેરણા પુસ્તક બનવાને બદલે બધા પંથો તથા સંપ્રદાયોની પ્રેરણામૂર્તિ બની છે. નિવૃત્તિ પરાયણ અને પ્રવૃત્તિશીલ, ત્યાગી ને સંસારી બધા તેના પ્રત્યે પ્રેમભરી દષ્ટિથી અને આદરભાવના થી જુએ છે. વિવિધ ભાષ્યકારોનું ગીતા પ્રત્યેનું વલણ એનું ઉદાહરણ છે.

ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ, સાકાર છે કે નિરાકાર એવા બહુ ગવાઈ ગયેલા મતોના પણ ગીતામાં સમન્વય છે. જે ઈશ્વર નિર્ગુણ, નિરાકાર, અવિનાશી ને અજન્મા છે તે જ પોતાની માયાશક્તિથી પ્રકૃતિ ના આશ્રય લઈને સગુણ ને સાકાર બને છે, એવો ગીતા નિર્ણય આપે છે. સાકાર ને નિરાકાર એક જ સિક્કાનાં બે પાસાં છે. ઈશ્વર અનંત ને સર્વશકિતમાન છે, ને ઇચ્છે તે કરી શકે છે, ધારે તેવું સ્વરૂપ લઈ શકે છે.

ISBN-978-81-977089-5-4
First Edition

વિભૂતિયોગ વગેરે તેનાં ઉદાહરણો નિર્ણય ભાગ્યે જ બાંધી શકાય, તર્ક નહિ પણ અનુભવ જ આધ્યાત્મિક દ્રષ્ટિ એ મુખ્ય વસ્તુ છે.

ઉપાસનાની પદ્ધતિ બાબતમાં પણ ગીતાનો વિચાર સર્વાંગી, ખૂબ જ સાનુભૂતિભર્યો તેમજ ઉદાર છે આવી ગીતાની ઉદારતા અન્ય ધર્મગ્રંથોમાં જોવા મળતી નથી.કટ્ટર નિરાકારવાદી અને સાકારવાદી બંને ગીતાને માનવની દ્રષ્ટિથી જુએ છે. ત્યાગ મોટો કે કર્મ મોટું? માણસને શાંતિ શેનાથી મળે ? ત્યાગની કે કર્મથી ? ઇશ્વર પ્રાપ્તિ માટે કે મુક્તિ માટે કર્મ - ત્યાગ અનિવાર્ય છે? વગેરે પ્રકારમા પ્રશ્નોનો ગીતા સુંદર ઉકેલ આપે છે. ગીતા બાહ્ય ત્યાગ ની વાત કરતી નથી.

સંન્યાસ લેવાથી જ કોઇને સિદ્ધિ મળી જાતી નથી. ખરો ત્યાગ તો અંદરનો ત્યાગ છે. જેમાં કામ, ક્રોધ, લોભ ,અહંકાર, રાગ-દ્વેષ, મમતા, સ્વાર્થ જેવા વિકારો ને બૂરી વાસનાઓ કે જે મનને દૂષિત કરે છે- તેના ત્યાગની જરૂર છે, ગીતા ત્યાગ અને કર્મ, વ્યવહાર અને સંન્યાસ - બંનેનો મર્મ સમજાવે છે. અને પછી નિર્ણય અને વ્યવહાર પર એમ બન્ને પ્રકારમા લોકો તરફથી તે પ્રેમ પામી શકે છે. આ એક મહાન સિદ્ધિ ગણી શકાય.

જગતની પ્રવૃત્તિઓ મિથ્યા છે કે માયામય છે એમ ગીતા શીખવતી નથી. જન્મ, જરા , વ્યાધિ , મૃત્યુ વગેરે દુ:ખોનો તે વિચાર કરવાનું કહે છે, જગતને તે અનિત્ય તથા શાશ્વત સુખ વિનાનું કહે છે તે વાત સાચી છે પણ તેનું કારણ એ છે કે માણસ તેમાં આસક્ત ન બને ને જગતમાં રહીને પરમ પુરૂષાર્થ દ્વારા પરમેશ્વર પ્રત્યે પ્રીતિ દાખવે. સંસાર કે સંસારના પદાર્થો પ્રત્યે તિરસ્કારને અત્યંત રાગ એ બેમાંથી એકનું તે સમર્થન કરતી નથી. તે તો સંસારમાં રહીને અનાસક્ત રહેવાનો મધ્યમમાર્ગ ને પણ તે જરૂરી માને છે.

ગીતા કેવળ પારલૌકિક સુખનો ઉપદેશ નથી આપતી. મૃત્યુ પછીની ઉત્તમ ગતિની જ આશા નથી આપતી. પરંતુ આ જીવનમાં જ પૂર્ણ સુખી ,ઈશ્વરદર્શીને શાંત બનવાની શીખ આપે છે. ગીતાના તત્વજ્ઞાનની ભાષા કઠિન નથી. સરળ ભાષાને ઉત્તમ વિચાર એ તેની વિશિષ્ટતા છે.

ગીતા એ 'મા' છે, બીજી ઘણી સ્રીઓ જગતમાં સારી કોઈને પણ તે બાની તુલનામાં આવી શકતી નથી. તેવી જ રીતે બીજા અનંત ગ્રંથો સારા હશે. પરંતુ તે ગીતાની તુલનામાં ઊભા રહેશે નહીં કારણ કે ગીતા એ મારી "મા" છે. માનું સ્તનપાન કર્યા વગર માનવીનું જીવન પુષ્ટ થવું અશકય છે. પાપના ખાડામાં ડુબેલા અધમમાં અધમ મનુષ્યથી લઈને લોકોત્તર ભક્તિ કરતા રહેલા ઉત્તમ પુરૂષ સુધી સૌને માર્ગદર્શન કરવાનું બીડું ગીતાએ ઝડપ્યું છે. કારણ કે મા પોતાના કોઈ જ દીકરાનો તિરસ્કાર કરી શકતી નથી.

પાપી માં પાપી મનુષ્ય પણ જો ગીતામાતા પાસે આવે તો મા ગીતા તેનો તિરસ્કાર કે ઉપેક્ષા ન કરતાં તેને પોતાની પાસે લઈને હૂંફ આપે છે. એકાદ દુષ્ટ માનવને કુટુંબના લોકો ઘરમાંથી બહાર કાઢી શકે, સમાજના લોકો તેનો બહિષ્કાર કરી શકે કે એકાદ રાજા તેને દેશનિકાલની સજા ફરમાવી શકે પણ

ISBN-978-81-977089-5-4
First Edition

મા-જગદંબા' તેને જગતની બહાર કેમ કાઢી  શકે ? ગીતા કોઈ પણ માનવમાંથી પોતાની શ્રદ્ધા ગુમાવતી નથી.

એક ભૂલ થવાથી જો જીવનનો આખો દાખલો ખોટો થતો હોય તો બધાનાં જીવનો વ્યર્થ  જ માનવાં પડે કારણ કે માનવ માત્ર ભૂલને પાત્ર.'ગીતા તો કહે છે કે:

अ प चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यव सतो हि सः ॥ गीता ९.३०

ગમે તેવો પાપી માણસ પણ બદલી શકે છે. સારો થઈ શકે  છે. મહાન બની શકે  છે. લૂંટારુ વાલિયો મહર્ષિ વાલ્મીકિ બન્યો એ એનું જ્વલંત ઉદાહરણ છે. આના માટે માનવે સાચા અંતઃ કરણપૂર્વક પ્રભુને પ્રાર્થના કરવાની હોય છે. પ્રાર્થના નો હેતુ થયેલાં પાપો કે ગુનાઓ માટે ક્ષમા માગવાનો હોય છે.

નિરાશાના અંધકારમાં અટવાતા માનવોના જીવનામાં 'મા  ગીતા' આશા નો પ્રકાશ પાથરે છે, હતોત્સાહી મનુષ્યને ગીતા નવો ઉત્સાહ આપે છે. નિરાશા એ તો નાસ્તિકતા છે. 'ભગવાન મારી જોડે છે' એમ માનનારો માનવ કદી નિરાશ બનતો નથી. નિરાશ  મનુષ્યને ગીતા કહે છેઃ.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वो त्तष्ठ  परन्तप ॥ २.३

નિરાશ  એ તો હૃદયની ક્ષુદ્ર દુર્બળતાનું લક્ષણ છે. માનવ  નિષ્ફળ થવાથી નિરાશ થાય પરંતુ નિષ્ફળતા એ સફળતા નો વિરોધ નહિ.  વિલંબ સૂચવે છે - 'In future success is delayed and not denied. નિષ્ફળતાઓથી નિરાશ થઈને બેસી જવાને બદલે માનવે વધારે શક્તિથી કામે લાગવું જોઈએ. પ્રયત્નશીલ માનવના જીવનમાં આવતી રહેલી નિષ્ફળતાઓ પગથિયાંઓનું રૂપ લઈ સફળતાની સીડી સર્જે છે. "Fallure are the pillars of success.'- નિરાશાવાદી મનુષ્ય ગુલાબ પર કાંટો નિહાળે છે. ગીતા તેને કાંટામાં ગુલાબ નિહાળવાની દ્રષ્ટિ બક્ષે છે. જે પાપી નથી કારણ કે એનામાં પાપ કરવાની હિંમત નથી , તેમજ જે નિરાશ બનતો નથી  કારણ કે તે કંઈ કરતો જ નથી ; એવા સામાન્ય જનના જીવનમાં પણ રસ ભરવાનું કામ ગીતા કરે છે. ગીતા આવા માનવને કહે છે, “तस्माद् योगी भव - તું યોગી બન, અર્થાત કયાંક પણ જોડાઈ જા. કોઈ  કાર્ય, સંસ્કૃતિ, ધ્યેય કે ઈશ્વર જોડે જોડાયા વગર જીવનનો વિકાસ, અસંભવિત છે. વૃક્ષ જમીન સાથે જોડાયેલું છે તેથી તેનું જીવન સફળ થાય છે. કોઈ  ધ્યેય કે આદર્શ વગરનું જીવન મીઠા વગરની રસોઈ જેવું ફિકકું હોય છે. આવા માનવને વર્ણવતો એક શ્લોક છે:

न संध्यां संधत्ते निय मत नमाजं न कुरुते
न रोजां जानीते व्रतम्ऽ प हरेनैर्व कुरुते।
न वा मौजीबंधं कलयति न वा सुन्नत  व धम्।
न काशी मक्का वा  शवः  शव न हिन्दुर्न यवनः ।

ધ્યેયશૂન્ય જીવન સુકાન વગરના વહાણ જેવું હોય છે. આવો માનવ જીવન સાગરમાં આમતેમ, અથડાતો કુટાતો, મળેલી શક્તિઓને વ્યર્થ વેડફાતો  કઇ જ પ્રાપ્ત ન કરતાં અંતે નષ્ટ થાય છે. આવા માનવ ને ગીતા ધ્યેય બંધનથી બાંધે છે.

ગીતાના માહત્મ્યમાં કહ્યું છે કે 'ગીતાને સારી પેઠે ગાવી ને કર્તવ્ય કે આચરણમાં ઉતારવી. પછી બીજાં શાસ્ત્રોની જરૂર નહિ રહે.' શાસ્ત્રોનો મુખ્ય હેતું સરી રહેશે. ગીતા જ એવો એક ગ્રંથ છે જેને ભારતનો ધાર્મિક પ્રતિનિધિગ્રંથ કહી શકાય અને એ રીતે સંસારની સામે ગૌરવપૂર્વક મૂકી શકાય.

ગીતાની ગોઠવણી મહાભારતમાં કરવામાં આવી છે. આખાયે મહાભારત પર પ્રકાશ નાખતા ઊંચે રાખેલા દીવાની માફક ગીતા તેની વચ્ચોવચ ઊભી છે. એક બાજુ મહાભારતનાં છ પર્વ અને બીજી બાજું બાર એમ મધ્યભાગે અને તેવી રીતે એક તરફ સાત અક્ષૌહિણી અને બીજી તરફ અગિયાર અક્ષૌહિણી સેનાની વચ્ચે એમ બીજી રીતે મધ્યભાગે રહીને ગીતાનો ઉપદેશ થયેલો છે.

મહાભારત અને રામાયણ આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. એમાની વ્યક્તિઓ આપણા જીવન સાથે એકરૂપ થયેલી છે. રામ, સીતા, ધર્મ , દ્રોપદી , ભીષ્મ, હનુમાન વગરના ચરિત્રોએ મંત્રને  વશ થયુ હોય તેમ આખા ભારતીય જીવનને હજારો વર્ષોથી વશ કરેલું છે.  દુનિયાનાં બીજા મહાકાવ્યોમાંનાં પાત્રો આવી રીતે લોકજીવનમાં ભળી ગયેલાં જોવાનાં મળતાં નથી. આ રીતે જોઈએ તો મહાભારત અને રામાયણ બન્ને ખરેખર અદભુત ગ્રંથો છે. રામાયણ મધુર  નીતિકાવ્ય છે અને મહાભારત વ્યાપક સમાજશાસ્ત્ર છે, એક લાખ શ્લોકો રચીને વ્યાસે અસંખ્ય ચિત્રો, ચરિત્રો અને ચારિત્ર્યો  ઘણી કાબેલિયતથી આબેહૂબ દોર્યા છે. તદ્દન નિર્દોષ એટલે કે બિલકુલ ખામી વગરનું એક પરમેશ્વર વગર કોઈ નથી અને તેવી  જ રીતે આ જગતમાં કેવળ દોષ થી ભરેલું એવું પણ કંઈ નથી. એ વાત મહાભારતે ચોખ્ખે ચોખ્ખી કહી  છે. એમાં ભીષ્મ અને યુધિષ્ઠિર જેવા ના કોષો બતાવેલા છે અને તેવી  ઊલટું કર્ણ અને દુર્યોધન વગેરેના ગુણો પણ પ્રગટ કરી બતાવ્યા છે. માનવીનું જીવન ધોળા અને કાળા ધાગાનો બનેલો પટ છે એ વાત મહાભારત કહે છે. વિરાટ સંસારનું છાયાપ્રકાશમય ચિત્ર ભગવાન વ્યાસ તેનાથી લેપાયા વગર અળગા રહીને બતાવે છે. વ્યાસની આ અત્યંત અલિપ્ત તેમજ ઉદાત્ત ગૂંથણીની કાબેલિયત ને લીધે મહાભારતનો ગ્રંથ સોનાની એક ઘણી મોટી ખાણ બન્યો છે. જેને જોઈએ તે એમાંથી શોધ  કરીને ભરપેટ સોનું લૂંટી શકે છે.

આવું મોટું મહાભારત વ્યાસે લખ્યું તો ખરું પણ તેમને પોતાને પોતાનું એવું ખાસ કંઈ કહેવાનું હતું કે નહીં ? પોતાનો વિશિષ્ટ સંદેશ તેમણે ક્યાંયે આપ્યો છે ખરો ? મહાભારતમાં કયે ઠેકાણે વ્યાસ સમાધિમાં તન્મય થયા છે? અનેક જાતના તત્વજ્ઞાનનાં અને તરેહતરેહના ઉપદેશોનાં વનનાં વન મહાભારતમાં ફેલાયેલાં છે. પણ એ બધાં તત્વજ્ઞાનનું એ બધા ઉપદેશોનું અને એકદરે આખા ગ્રંથનું સારભૂત રહસ્ય તેમણે કોઈ ઠેકાણે રજૂ કર્યું છે. કે નથી? હા કર્યું છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસે ભગવદ્ગીતાં માં આપ્યું છે. ગીતા વ્યાસની મુખ્ય શીખ અને તેમના મનનનો પૂરેપૂરો સંગ્રહ  છે. એના આધાર થી " મુનિઓનો હું છું વ્યાસ - એ વિભૂતિ સાચી ને સાર્થક સાબિત કરવાની છે. પ્રાચીન કાળથી

ISBN-978-81-977089-5-4
First Edition

ગીતા ને ઉપનિષદનો દરજ્જો મળેલો છે. ગીતા ઉપનિષદોનુંયે ઉપનિષદ છે કેમ કે બધાં ઉપનિષદોનું દોહન કરીને આ ગીતારૂપી દૂધ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવી જગતને આપ્યું છે. જીવનના વિકાસને માટે જરૂરી એવો લગભગ એકેએક વિચાર ગીતામાં સમાવેલો છે. એથી જ ગીતા ધર્મજ્ઞાન નો કોષ છે એમ અનુભવી પુરુષોએ યથાર્થ કહ્યું છે. ગીતા નાનો સરખો તોયે હિન્દુ ધર્મનો મુખ્ય ગ્રંથ છે.

ગીતાએ મહાભારતના યુદ્ધના સંદર્ભમાં અર્જુનના આકુલ વૈરાગ્ય અને તીવ્ર વિષાદને નિમિત્તે શ્રીકૃષ્ણ નો ઉપદેશ યોજયો છે. શ્રીકૃષ્ણે સર્વ શાસ્ત્રોમાંથી ઉત્તમ સિદ્ધાંતો તારવી સારગ્રાહી પદ્ધતિથી સમગ્ર માનવજાતને માટે એક સમન્વયવાદી માર્ગ ચીંધ્યો છે. તેમાં પ્રતિપાદિત સિદ્ધાંતો સાર્વદેશિક અને સાર્વકાલિક છે. ગીતાએ યુદ્ધની વાત ટાળી નથી, ટાળી શકાય એમ પણ નથી, પરંતુ તે અનિવાર્ય અને કર્તવ્યરૂપ બનેલા સંગ્રામને અખંડ જીવનની ભૂમિકા ઉપર મૂકે છે. ગીતા એ માત્ર 'તત્વજ્ઞાન' નથી. એમાં 'નીતિ' પણ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતના છઠ્ઠાસ્કંધમાં આવેલ ભીષ્મપર્વનો એક ખૂબ પ્રસિદ્ધ અંશ છે. એના ૧૮ અધ્યાય છે. (અ. ૨૩ થી ૫૦) મહાભારતમાં જ કેટલીક જગ્યાએ (આદિપર્વ ૧ ; ૧૮૧, શાંતિપર્વ ૨ ;૨૪૬-૪૭) ભગવદ્ગીતાનો નામ બતાવી આપે છે કે મહાભારત રચાયું ત્યાર થી જ ગીતાનો અંતર્ભાવ એમાં થયેલો છે. ગીતા અને મહાભારત વચ્ચે ભાષા, અર્થ અને શૈલીનું જે સામ્ય છે તે બતાવે છે કે બંને એક જ મહાગ્રંથના ભાગ છે. (ઇતર દર્શનો તથા અન્ય સાપ્રદાયો વિષેના એ બેના વિચારો પણ ઘણે અંશે મળતા આવે છે. વૈદિક યજ્ઞો પ્રત્યેનું વલણ, સૃષ્ટિની ઉત્પતિનો ક્રમ, સાંખ્યની ગુણત્રયીનું તથા પાતંજલ યોગનું નિરૂપણ અને વિશ્વરૂપનું વર્ણન એ બંનેમાં લગભગ સરખાં છે.

જેઓ એમ માને છે કે ગીતા વેદાન્તના નિવૃત્તિ માર્ગનો બોધ આપે છે. તેમને ગીતા અને મહાભારતનો સંબંધ સ્વભાવિક લાગતો નથી, પરંતુ ગીતા સમત્વબુદ્ધિ સાથે નિષ્કામ કર્મો કરવાનો ઉપદેશ આપે છે. તેમ માનીએ તો આ પ્રશ્ન રહેતો નથી. માભારત નો પ્રધાન સૂર ધર્માધર્મ વિચાર રજૂ કરીને પ્રજાને ધર્મ તરફ વાળવાનો છે. - धर्मो रक्षति र क्षतः तथा धामीदर्यश्च कमश्च स धर्मः कंन सेव्यते। વ. ગીતા પણ એમાં પોતાનો સૂર પુરાવે છે. ગીતામાં શ્રીકૃષ્ણના વિશ્વરૂપ દર્શનનો ઉલ્લેખ છે તે આદિપર્વ માં પણ આવે છે. વળી શાંતિપર્વમાં નારાયણીય ધર્મની ચર્ચા વખતે પણ ગીતાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સ્વધર્મ ગમે તેવો હોય છતાં તેના આચરણથી પાપમુક્ત જ રહેવાય છે, એવો ગીતાનો વિચાર શાંતિપર્વમાં તથા વનપર્વમાં જોવા મળે છે. આમ છતાં કેટલાક વિદ્વાનો માને છે કે ગીતા મૂળ મહાભારતમાં લખાઈ નહિ હોય પણ પાછળથી કોઈએ ઉમેરી દીધી હશે. તો વળી કેટલાક વિદ્વાતો ના મતે મહાભારતના મૂળમાં જય ગ્રંથ કે જયભારતગ્રંથ નામે ઓળખાતો એક નાનો ગ્રંથ જ હશે.

મહાભારત એ કેવળ ઐતિહસિક ગ્રંથ જ નથી. ઇતિહાસનાં મહાન વ્યાસજીએ એક મહાન પાત્રોને આધાર તરીકે લઈને તેમના દ્વારા , મહર્ષિ વ્યાસજીએ, એક મહાન, આતંરજીવન ના જટિલ પ્રશ્નોને હંમેશને માટે ઉકેલવાનો મહાભારતમાં પ્રયત્ન કર્યો છે. આથી ઐતિહસિક બીનાઓ એમાં અગત્યની નથી. એ

ISBN-978-81-977089-5-4
First Edition

બીનાઓને પીઠ તરીકે સ્વીકારી તે દ્વારા પ્રગટતું જીવનનું દર્શન એ મહત્વની ચીજ છે. આથી કુરુક્ષેત્ર નો ભારતીય મહાસંગ્રામ એ તો ફકત સ્થૂળ નિમિત્ત માત્ર છે. પાંડવો અને કૌરવોને આગળ કરીને વ્યાસજીએ માનવહૃદયમાં ચાલતા દેવી અને આસુરી ભાવોના સનાતન સંગ્રામનો ચિતાર અને રદિયો આપવા ગીતાજી માં પ્રયત્ન કર્યો છે.

ગીતાની ખૂબી તો એ છે કે સચોટ માર્ગદર્શન કર્યા પછી પણ એ તો મનુષ્યને કહે છે મેં જે કહ્યું છે તેનો સંપૂર્ણ વિચાર કરીને તને યોગ્ય લાગે એમ કરજે '(XVIII - (3)) આમ ગીતાના ઉપદેશક શ્રીકૃષ્ણે અર્જુનને નિમિત્ત બનાવી બૌદ્ધિક સમજાવટ દ્વારા સર્વાંગી સત્ય પ્રસ્તુત કરવાનો અભૂતપૂર્વ અને સફળ પ્રયત્ન કર્યો છે. તેથી જ ગીતા આજે જ નહિ પણ ભવિષ્યમાંય, ભારતીયોને જ નહિ પણ તમામ માનવજાતનેય ઊર્ધ્વગામી કલ્યાણમાર્ગનો ઉપદેશ આપતો ગ્રંથ બની રહેશે એ નિઃશંક છે.

**શ્રીમદ્ભગવદ્ગીતાનું જીવનદર્શન**

ગીતા મહાભારતમાં જ આવે છે. મહાભારત ના ૨૫ માં અધ્યાયથી ૫૨ માં અધ્યાય સુધીના ૧૮ –અધ્યાયોને જુદા પાડીને તેનું નામ ગીતા કે શ્રીમદ્ભગવદ્ગીતા એવું રાખવામાં આવ્યું છે.

જુગારમાં હારી ગયેલા પાંડવોને શરત પ્રમાણે ૧૨ વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ ભોગવવાના હતા. પાંડવોએ એ સમય પૂરો કર્યો અને પછી કૌરવો પાસે પોતાના ભાગમાં આવતા રાજ્યની માગણી કરી. કૌરવોએ એ માગણી સ્વીકારી નહિ. પાંડવોએ સંજય મારફત પોતાના દૂત તરીકે મોકલ્યા. છેલ્લે કજિયો ટાળવા માટે અવસ્થલ, વૃકસ્થલ, માકન્દી , વારણાવત અને છલ્લા કોઈ એક ગામ - એમ ફક્ત પાંચ જ ગામની માગણી કરી. કૌરવો ન માન્યા અને યુદ્ધ આવી પડયું.

કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવોની સાત અક્ષૌહિણી સેના અને કૌરવોની અગિયાર અક્ષોહિણી સેના - એમ ૧૮ અક્ષૌહિણી સેના ભેગી મળી, કૌરવોની સેનાના સેનાપતિ ભીષ્મ હતા અને પાંડવોની સેનાના સેનાપતિ ધ્રુષ્ટદ્યુમ્ન હતા. બન્ને સેનાઓ લડવા માટે વ્યૂહમાં ગોઠવાઈ ગઈ. તને યુદ્ધ શરૂ થવાની તૈયારી જ હતી. તે વખતે અર્જુને પોતાના સારથિ શ્રીકૃષ્ણને પોતાનો રથ બન્ને સેનાઓની વચ્ચે મૂકી આપવા કહ્યું. રથ સેનાઓની વચ્ચે આવ્યો ત્યારે અર્જુને જોયું તો સામેના સૈન્યમાં ગુરુઓ, પિતાઓ, પુત્રો પિતામહ, સસરાની કક્ષાના માણસો. મિત્રો, મામાઓ વગેરે સ્વજનો ઊભા હતા. અર્જુન ક્ષુદ્ર રાજ્ય મેળવવા આ સ્વજનોને મારી નાખવા ઊભો હતો. આ વિચારથી અર્જુનને ભારે વિષાદ થયો. આ બધા સ્વજનોને હણ્યા પછીથી પાંડવોને કયુ સુખ મળવાનું હતું ! . અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું. "હે મધુસદન, એ લોકો મને મારી નાખે તો પણ હું તેમને હણવા ઈચ્છતો નથી."

एतान्न हन्तु मच्छा म घ्नतोऽ प मधुसूदन ।
अ प त्रैलोक्यराज्यस्य हेतोः कं नु महीकृते ॥ १.३५

અર્જુનને લાગ્યું કે મહાનુભાવ ગુરુઓની સામે હું કઈ રીતે બાણ નોધું ? વળી આવું ઘોર યુદ્ધ કરીએ અને કોનો સંહાર થાય પછી પણ આપણે જ જીતીએ અને આપણને રાજ્ય મળે એવું શી રીતે કહી શકાય?

ISBN-978-81-977089-5-4
First Edition

આમ, "અર્જુનના મનને કૃપણતા ઘેરી વળી અને પોતે શું  કરવું જોઈએ તે નક્કી કરી શક્યો નહિ. આથી તે કૃષ્ણને શરણે જાય છે અને કહે છે :  शष्यस्तेऽहं शा ध मां त्वां प्रपन्नम् ॥ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સ્વધર્મનો ઉપદેશ આપે છે, જેના પરિણામે અર્જુનની માનસિક નબળાઈ - તેનો વિષાદ - દૂર થાય છે અને તે શ્રીકૃષ્ણને કહે છે : करिष्ये वचनं तव।  આમ, મહાભારતના ઉપર્યુકત પ્રસંગમાં જે ઉપદેશથી અર્જુનનો વિષાદ દૂર થયો તે ઉપદેશ જ શ્રીમદ્ભગવદ્ગીતા છે.

ગીતા જીવનની સુગીતા છે. ગીતાને જો સુંદર રીતે ગાવામાં આવે તો બીજા શાસ્ત્રો વાંચવાની કે સાંભળવાની કોઈ જરૂર રહેતી નથી. "ગીતા" એટલા માટે એક સુંદર લય તથા દિવ્ય દિશા  પ્રદાન કરે છે. 'અર્જુન' એટલે ઋજુ અથવા સરળ. શ્રીકૃષ્ણ પરમાત્મા છે, અર્જુન જીવાત્મા. અથવા શ્રીકૃષ્ણ નારાયણ છે, જ્યારે અર્જુન નર, સંસારના ક્લેશથી વિષાદયુકત બનેલા જીવાત્મા પરમાત્મા તરફ એક દ્રષ્ટિપાત કરે  છે અને તેમાંથી શાંતિ શોધે  છે ત્યારે એક ઈષ્ટ ચિત્ર દોરાય છે. કૃષ્ણ ઘણો મુશ્કેલ ધર્મ છે. એની ધારણા પણ કઠિન છે. એને સમજવું મુશ્કેલ છે. કૃષ્ણ બધાને સંભાળે છે એનું જ ગીત ગીતા છે."

'ગીતા' વિષાદનું ગીત છે. જીવન વિષાદના જનક છે. જીવન થી પ્રસ્તુત વિષાદ નિશ્ચિત જીવનમાં જ ઓત-પ્રોત રહે છે, જો વિષાદ ન હોય  તો પ્રસાદની સુંગધ  પણ ન આવે. કરૂણતા જ પ્રસાદ નો આધાર છે. રાત વગર દિવસનું કોઈ મહત્વ નથી. - એવી જ રીતે દુખ વગર સુખ નું કોઈ મહત્વ નથી. દિવ્ય ગતિ સુધી લઈ  જવાવાળો માર્ગ વિષાદ જ છે. વિષાદ અર્જુનને 'સરળ' બનાવે છે. કૃષ્ણને એમની તરફ આકર્ષે છે એટલે જ વિષાદ "યોગ" છે.

ગીતા નો આરંભ વિષાદથી જ થાય છે. ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्म वद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ऽर्जुन वषादयोगो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

આ પ્રથમ અધ્યાયની પુષ્પિકામાં ગીતા વિષાદયોગથી જ પ્રારંભ થાય છે. સાચા સાધકોની ઓળખાણ એ છે કે એમણે વિષાદયોગને જાણી લીધો હોય છે. અને એવું જો હોય તો ગીતા એમના અંતરમાં પહેલાથી જ રમી હોય છે. ભલે પછી એમણે શ્રીકૃષ્ણ મુખ દ્વારા ગીતા ન સાંભળી હોય, પરંતું આ ગીત વડે સાનિધ્ય  પ્રાપ્ત કરે છે તેમને તો કૃષ્ણ મળી જ જાય છે, અને એમનો અર્જુન સરળ બની જાય છે. વિષાદયોગ જેમને જેટલો પ્રભાવિત કરી શકે છે, તેટલો તેમની બુદ્ધિ પાર કરી જવાની ક્ષમતા વધી જાય છે. ગીતાનો પરબ્રહ્મ  બુદ્ધિથી પર છે, એટલા માટે જ ઉપનિષદે ગીતાને '. रसो वै सः કહીને પુકારી છે.

જ્યારે જયારે માનવ-સમાજ માનવીય મૂલ્યો વડે વંચિત થયો છે અને વિખૂટો થઈને દિશા- હીન થયો છે. ત્યારે ત્યારે ગીતાની પ્રસંગિકતા બધે સર્વના હિત માટે સિદ્ધ થઈ છે,; એમ પણ ગીતાના સાર્વકાલિક પ્રસંગો લઈને પણ બે મત થઈ શકતા નથી, કેવળ હિન્દુ સમુદાયના જ નહીં, પરંતુ સંપૂર્ણ માનવ જગતનો એક દિશા-દર્શક ગ્રંથ છે. ગીતા, "મહાભારત" અથવા પાંચમાવેદની એક એવી દુર્લભ બક્ષિસ છે. ગીતા, જેનાં જીવંત જીવન જીવવા માટેના જ્ઞાન ગરિમાનો બોધ મળે છે. માનવનો ભય, નિરાશા, આત્મા- હીનતા. તટસ્થતા એમ પલાયન વગેરે દુર્બળતાઓના વિરૂદ્ધ શાંતિના પક્ષમાં ઓજસ્વિતા પ્રદાન કરે છે.

જિજિવિષાના અભાવમાં જો મનુષ્ય એક મૃતકતા સમાન નિરર્થક જીવન જીવે છે. ગીતા એને તેજસ્વી બનાવે છે.યોગેશ્વર શ્રીકૃષ્ણએ ગીતાના માધ્યમ દ્વારા સમસ્ત માનવસૃષ્ટિને કર્મયોગનો કલ્યાણકારી સંદેશ આપ્યો છે. અને શાંતિ સ્થાપના અર્થે અન્યાય અત્યાચારોના વિરુદ્ધ યુદ્ધના હેતુ માટે પ્રેરિત કર્યા છે. કૃષ્ણની વાંસળી એમની શાંતિપ્રિયતા કલાપ્રેમને ઉજ્જ્જવળ કરે છે. જેમ કે પાંચજન્ય અને સુદર્શનચક્ર એમના શાંતિ સુરક્ષાના સાધન પ્રતીત થાય છે. ગીતાના જ્ઞાન મંજૂષામાં દેવી જ્ઞાનની અનંત સંપત્તિઓ ભરેલી છે.

અંતિમ તત્વની પ્રાપ્તિના માર્ગરૂપે ગીતાએ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનો વિચાર કર્યો . પરંતુ તેમાંનો કોઈ પણ એક માર્ગ એકલો અટૂલો બીજા અંગોની મદદ વિનાનો આચાર ધર્મ સૂચવતો જ નથી. કર્મને જ્ઞાનની અને જ્ઞાનને કર્મ તથા ભક્તિની આવશ્યકતા રહે છે. શ્રીમદ્ભગવદ્ગીતાની એક શૈલી છે કે સાધક કર્મયોગ, ભક્તિયોગ, કે જ્ઞાનયોગ સાધન દ્વારા સિદ્ધ બને છે. તે જ સાધનથી તેની પૂર્ણતાનું વર્ણન કરે છે. કર્મયોગમાં કામના ના ત્યાગની વાત મુખ્ય કહેવામાં આવી છે. તેથી સિદ્ધ અવસ્થામાં સાધક સઘળી કામનાઓનો ત્યાગ કરે છે એમ કહ્યું છે.

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥[1]

ભક્તિયોગમાં સાધક ભગવાન સિવાય બીજું કશું છે જ નહિ, એવા અનન્ય યોગથી ઉપાસના કરે છે.[2]

ये तु सर्वा ण कर्मा ण मयि सन्न्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ १२.६

તેથી સિદ્ધ અવસ્થા માં સાધક સઘળા પ્રાણીઓ માં દ્વેષ ભાવથી રહિત થઈ જાય છે.[3]

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं व शष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १२.१२

તો જ્ઞાન યોગ માં સાધક પોતાને ગુણોથી સર્વથા અસંબદ્ધ અને નિર્લિપ્ત જુએ છે.

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वे त्त मद्भावं सोऽ धगच्छति ॥ १४.१९

જ્યારે દ્રષ્ટા (જીવ) ગુણો વિના બીજો કર્તા નથી એમ જુએ છે અને (ત્રણ) ગુણોથી તત્વને ઓળખે છે. ત્યારે તે મારા સ્વરૂપને પામે છે.[4] 'તેથી તે પૂર્ણ અવસ્થામાં તે સઘળા ગુણોથી સર્વથા અતીત બની જાય છે. એમ કહ્યું છે કે જ્ઞાન, કર્મ અને ભક્તિ ગીતામાં એકબીજામાં ઓતપ્રોત થઈ એક નવું જ જીવનદર્શન કે જીવનયોગ ઊભો કરે છે.

ગીતા સાર્વત્રિક ધર્મનો નિર્દેશ કરે છે. તત્કાલીન સમસ્યા કરતાં તેમાં સર્વકાલીન દ્રષ્ટિ વધારે છે. તેથી નિશ્ચિતપણે એમ કહી શકાય કે કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય જ તેનો પ્રતિપાદ્ય વિષય છે.

વિચાર, લાગણી અને ક્રિયા એ ત્રણ માનવ વ્યક્તિના ઘટકો છે. મનુષ્ય એ ત્રણ દ્વારા પોતાની જાતને અભિવ્યક્ત કરે છે. આ પરથી પૂર્ણ માનવ એ છે જે આ ત્રણેય ઘટકોને યોગ્ય રીતે વિકસાવી તેમાં સુમેળ કે સંવાદિતા સ્થાપી શકે. ગીતાકાર કર્મ, જ્ઞાન અને ભક્તિને અલગ અલગ ધર્મો રૂપે કે જુદા જુદા માર્ગ તરીકે દર્શાવતા નથી પરંતુ આ ત્રણેયનો જેમાં સમન્વય થયેલો છે. એવો આચાર ધર્મ નિર્દેશે છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्या म मा शुचः ॥ १८.६६

"બધા ધર્મો છોડીને તું મારા શરણે આવ, હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, તું શોક ન કર."[5] આ શ્લોક સમગ્ર ગીતાના ધર્મના સારરૂપ છે. આ શરણાગતિ અનન્યભાવે પરમાત્મા જ બધું કરે છે એ પ્રકારની છે.

માણસે પોતાની સર્વ ચિંતા પરમાત્માને સોંપી જીવનસંગ્રામમાં ઝંપલાવવાનું છે. આ શ્લોકમાં કર્મ નિષ્ક્રિયતાની વાત નથી પણ કર્મ સાથે સંકળાયેલી અહંતા મમતા ને ત્યાજવાની છે. ગીતામાં ભગવાને કર્મયોગ,જ્ઞાનયોગ અને ભક્તિયોગ ત્રણેય યોગોમાં એક સરખી વાત કહી છે; કર્મયોગમાં- कर्मण्यकर्म यः पश्येदकर्म ण च कर्म यः । જે મનુષ્ય કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જુએ છે.[6]

જ્ઞાનયોગમાં. - सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।

"જે આત્માને બધા પ્રાણીઓમાં અને બધા પ્રાણીઓને આત્મામાં જુએ છે."[7]

અને ભક્તિયોગમાં, - यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।

જે બધે મેને જુએ છે અને મારામાં બધાને જુએ છે."[8] - આ રીતે ત્રણેય યોગોમાં એક સરખી જ વાત કહેવાનું એ તાત્પર્ય બતાવ્યું છે કે જે યોગોનો અધિકારી હોય, તે યોગના તત્વને તે અસંદિગ્ધરૂપે સમજી લે. કર્મયોગમાં 'અકર્મ' જ્ઞનયોગમાં 'આત્મા' અને ભક્તિયોગમાં 'ભગવાન'મુખ્ય છે. આમ અકર્મ, આત્મા અને ભગવાન ત્રણેય તત્વથી એક જ છે.

કર્મયોગમાં 'કર્મનો અભાવ' અને 'અકર્મ' નો ભાવ છે. જેમ કે દરેક કર્મનો આરંભ અને સમાપ્તિ થાય છે, પરંતુ કર્મનો આરંભ થતાં પહેલાં પણ અકર્મ હતું. અને કર્મની સમાપ્તિ થયા પછી પણ અકર્મ રહેશે. એ સિદ્ધાત છે કે જે વસ્તુ આદિ અને અંત મા રહે છે તે મધ્યમાં રહેતી નથી. એટલે કર્મ કરતી વખતે પણ અકર્મ જેમનું તેમ જ છે.

જ્ઞાનયોગમાં 'સર્વભૂત' નો અભાવ અને 'આત્મા' નો ભાવ છે. જેમ કે, બધા શરીરોમાં જન્મ અને મરણ થાય છે, પરંતુ શરીરના જન્મ પહેલાં પણ આત્મા હતો અને શરીરો ના મરણ પછી પણ આત્મા હશે એટલે શરીરો ન હોતા પણ આત્મા જેમનો તેમ જ છે.

ભક્તિયોગમાં 'સર્વ ' નો અભાવ અને 'ભગવાન' નો ભાવ છે. જેમ સંસાર ઉત્પન્ન અને નષ્ટ થાય છે : પરંતુ સંસાર ના ઉત્પન્ન થવા પહેલાં પણ ભગવાન હતા અને સંસારનો નાશ થયા પછી પણ ભગવાન રહેશે. એટલે સંસાર રહે તો પણ ભગવાન જેમ ને તેમ જ છે. અકર્મ (નિર્લિપ્તતા) આત્મા અને ભગવાન

ISBN-978-81-977089-5-4
First Edition

એ ત્રણેય સ્વતઃ સિદ્ધ છે. જે વસ્તુ સ્વતઃસિદ્ધ હોય છે, તે સદાને માટે હોય છે, સૌને માટે હોય છે અને બધી જગ્યાએ હોય છે.

કર્મયોગમાં મનુષ્ય જ્યાં સુધી પોતાના માટે કંઈ પણ કરે છે ત્યાં સુધી તે કૃતકૃત્ય થતો નથી. પરંતુ જ્યારે તે પોતાના માટે કંઈ કરતો નથી, માત્ર બીજાઓને માટે બધાં કર્મો કરે છે ત્યારે તે કૃતકૃત્ય થઈ જાય છે, તેને કઈ કરવાનું બાકી રહેતું નથી. જ્ઞાનયોગમાં જ્યારે સાધક પોતાના સ્વરૂપને યથાર્થ સ્વરૂપથી જાણી લે છે, અનુભવ કરી લે છે ત્યારે તેને કઈં જાણવાનું બાકી રહેતું નથી અને ભક્તિયોગમાં માત્ર ભગવાનને પોતાના માનવાથી અને બીજાઓને પોતાના ન માનવાથી સાધકને પછી કંઇ પામવાનું બાકી રહેતું નથી.

આમ કર્મ, જ્ઞાન અને ભકિત ત્રણેયને ગીતાએ એક જ સંદર્ભે જોયા છે. ગીતાકારના મતે કર્મોથી છૂટવા માટે ફળાસક્તિનો ત્યાગ કરી માત્ર યજ્ઞ અર્થાત્ કર્તવ્યપરંપરા સુરક્ષિત રાખવા માટે જ કર્મ કરવામાં આવે તો તે 'કર્મયોગ' થઇ જાય છે.[9] વિવેક દ્વારા કર્મોથી સંબંધ વિચ્છેદ કરવામાં આવે તો તે 'જ્ઞાનયોગ' થઈ જાય છે.[10]અને કર્મોને ભગવાનને અર્પણ કરવામાં આવે તો 'ભકિતયોગ' થઇ જાય છે.[11] "ભગવદગીતા એ ૧૮ માં અધ્યાયમાં પોતાના ઉપસંહાર માં જણાવ્યુ છે કે –

स्वे स्वे कर्मण्य भरतः सं सद् धं लभते नरः।-१८.४५

માણસ પોતપોતાનો સ્વધર્મ પ્રાપ્ત કર્મો કરવામાં રચ્યોપચ્યો રહે એટલે તેનો સ્વાભાવિક રીતે જ વિકાસ થાય છે અને તેને સિદ્ધિ મળે છે.

ગીતાના સોળમાં અધ્યાયમાં વર્ણિત દ્રશ્યોના વિચાર મંથનથી નિષ્કર્ષ આ નીકળે છે કે દૈવી તથા આસુરી બંને પ્રકારની સંપત્તિઓને સાધી લે છે, ત્યારે એ વંદનીય થઈ જાય છે. અને જ્યારે એ આસુરી સંપત્તિઓ અપનાવી લે છે, ત્યારે તેમાંથી તે નીચલી કક્ષાએ આવી જાય છે અને તે નિંદાને પાત્ર બને છે. 'ગીતા' માં નિરૂપાયેલ આ લક્ષણોના આધાર પર જ દેવતા અને અસુરના વચ્ચે એક વિભાજન રેખા નિશ્ચિત થઈ છે. માનવ દેહોમાં જ રામ- કૃષ્ણ, બુદ્ધ વગેરે અવતરિત થયા છે અને મનુષ્ય દેહોમાં જ રાવણ અને કંસ જેવાઓ પણ ઉત્પન્ન થયા છે. વાસ્તવમાં અર્થશાસ્ત્રી યા ભૌતિકવાદી સિદ્ધાંત દ્વારા સ્વીકૃત વસ્તુ સંપત્તિ અથવા વાસ્તુ સંપત્તિની વિપરીત કેવળ જ્ઞાન સંપત્તિને જ 'ગીતા' માં સંપત્તિ તરીકે ઓળખાવી છે. જીવન –યાત્રા અને ભોગ - વિલાસમાં આવનારી ભૌતિક સંપત્તિઓ જ્યારે ભોકતાઓને એમના નિયંત્રણમાં લઈ લે છે, ત્યારે એના પર વર્ચસ્વ આવી જાય છે, ત્યારે એ વિભિન્ન પ્રકારના અન્ત બાહ્ય પ્રદૂષણોને જન્મ આપે છે. આવી સ્થિતિમાં જ્ઞાનની સંપત્તિઓ જ અન્નતઃ ઉપચારને કામ આવી છે.

ઉર્દૂમાં એક પંક્તિ ખૂબ જ પ્રસિદ્ધ છે. - " तन्दुरस्ती हजार नियामत" તો અંગ્રેજીમાં પણ એક કહેવત પ્રસિદ્ધ ......When wealth is lost, nothing is lost, when health is lost, something is lost, but when character is lost everything is lost." અને તુલસીદાસે પણ ગુણોને જ દ્રવ્ય માન્યું છે.

ISBN-978-81-977089-5-4
First Edition

"गो धन, गज धन वाजि धन, और रतन धन खान ।
जब आवे सन्तोष धन सब धन धूरि समान ॥"

ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી સંપત્તિમાં જન્મેલ વ્યક્તિઓના ૨૬ ગુણો બતાવ્યા છે. અભય, સાત્વિક વૃત્તિ, જ્ઞાન અને કર્મયોગમાં વિશેષ સ્થિતિ, દાન, સંયમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા , સત્ય, ક્રોધનો અભાવ, ત્યાગ, શાંતિ ,ચાડીચુગલીનો અભાવ, પ્રાણીમાત્ર પર દયા, લોલુપતાનો અભાવ, અદ્રોહ, અભિમાનીપણાનો અભાવ એ દૈવી સંપતિ છે. એનાથી વિપરીત આસુરી સંપત્તિ બતાવી છે. એમાં દંભ, ગર્વ, ક્રોધ, અભિમાન, નિષ્ઠુરપણું અને અજ્ઞાન એમ છ ગુણોનો નિર્દેશ છે. દૈવી સંપત્તિ મોક્ષ આપનારી અને આસુરી સંપત્તિ બંધનમાં નાખનારી મનાય છે. જેમનો ઉદ્દેશ વ્યકિત ને મોહપાશમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ નિર્દેશાયો છે.

આસુરી પ્રકૃતિના લોકો પ્રવૃત્તિ અને નિવૃત્તિ જાણતા નથી, તેમનામાં પવિત્રતા, સદાચાર અને સત્ય હોતાં નથી. આવા લોકો કહે છે કે આખું જગત અસત્ય, નિરાધાર, પરમેશ્વર વગરનું, વિષયોપભોગરૂપી હેતવાળું છે. નષ્ટ થયેલ આત્મવિવેકવાળા, અલ્પબુદ્ધિવાળા, દૃષ્ટ લોકો ક્રૂર કર્મ કરી જગતનો નાશ કરવા ઉત્પન્ન થાય છે. વિષયોપભોગની ઇચ્છાનો આશ્રય કરી દંભ, માન અને મદથી યુક્ત થયેલા, અપવિત્ર વ્રતોવાળા આ આસુરી સંપત્તિના લોકો મોહથી ખોટા આગ્રહો પકડી રાખી પ્રવૃત્તિ કરે છે. મૃત્યુ આવી પહોંચે ત્યાં સુધી સુખોપભોગની ચિન્તામાં રહેલા, વિષયોપભોગને જ શ્રેષ્ઠ માનતા, આશાઓના પાશમાં બંધાયેલા, કામક્રોધમાં પરાયણ રહેતા તેઓ સુખ ભોગવવા માટે અન્યાય થી ધનનો સંચય કરવા ઈચ્છે છે. 'આજે મેં" આ મેળવ્યું, હવે તે મનોરથ હું પ્રાપ્ત કરીશ આ ધન મારું છે, તે ધન મારું થશે, આ શત્રુને મેં માર્યો અને બીજાઓને પણ હું મારીશ, હું ઇશ્વર છું. હું ઉપભોગ કરનાર છું, હું સિદ્ધ છું,બળવાન, સુખી, સમૃદ્ધ અને કુળવાન છું; મારા જેવો બીજો કોણ ? હું યજ્ઞ કરીશ, દાન દઇશ, હું આનંદ કરીશ'- આવા અજ્ઞાનથી મોહ પામેલા એ આસુરી લોકો સીધા નરકમાં પડે છે. આત્મશ્લાઘા કરનારા , ઠાઠમાઠથી રહેનારા અને ધન તથા માનના મદદથી યુક્ત થયેલા એ લોકો દંભથી કેવળ નામના યજ્ઞો વડે વિધિ વગર મારું યજન કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. 'અશુભ કર્મ કરનારા અને દ્વેષ કરનારા એ ક્રૂર નરાધમોને હું આ સંસારમાં અસંખ્યવાર આસુરી યોનિઓમાં જ નાંખું છું. છેવટે તે અધમ ગતિને જ પામે છે, મને પામતા નથી.

કામ, ક્રોધ અને લોભ માનવીનું પતન કરનારા નરકનાં ત્રણ દ્વાર છે. તેનો ત્યાગ કરવો જોઈએ. તેનાથી છૂટેલો મનુષ્ય કલ્યાણકારી કર્મ કરી પરમ ગતિને પામે છે. જે શાસ્ત્રોક્ત વિધિ છોડી દઈને મનમાં આવે તે કરવા માંડે છે. તેને સિદ્ધિ, સુખ કે ઉત્તમ ગતિ મળતાં નથી, તેથી કાર્મ-અકાર્યનો નિર્ણય કરવા માટે શાસ્ત્રને જ પ્રમાણ માનવું જોઇએ.

'ગીતા' માં વર્ણવેલી દૈવી સંપત્તિઓ નિઃસંદેહ આ દેવોની સંપત્તિ છે, જેમનું ચરિત્ર ઉદાત્ત ઉતકૃષ્ટ અને નિષ્કલંક છે. મનુષ્યના અંતિમ પ્રાપ્તિ આજે પણ દેવત્વ છે, જેવા પ્રકારે મનુષ્ય દોષોથી પર નિરપેક્ષ

ISBN-978-81-977089-5-4
First Edition

ધારણા છે. એવા પ્રકારે દેવત્વ પણ સર્વથા નિરપેક્ષ સકારાત્મક પરિકલ્પના છે, વૈદિક, પોરાણિક અને લોકચેતનાના પૂજ્નીય દેવ પૂર્ણત્વ તથા અમૃત્વનું પ્રતીક છે. આ પૂર્ણત્વ તથા અમૃતત્વની પ્રાપ્તિ માનવીય જીવનનું લક્ષ છે. ભારતીય માનસમાં દેવ, દાનવ અને મનુષ્યની સત્તાઓનો સ્વીકાર થયેલો છે. આ દૈવી સંપતિઓ માનવીને સુંદર જીવન જીવવાનું માર્ગદર્શન આપે છે. માનવીને દૈવીસંપદમાં કહેલ ગુણ પોતાનામાં વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ. અને આસુરી સંપદમાં કહેલ બાબતોથી વિવેકપૂર્વક દૂર રહેવું જોઈએ.

ગીતાએ સત્વ, રજસ , તમસ પ્રમાણે માનવ પ્રકૃતિના ત્રણ ભેદ કરેલ છે. દૈવી પ્રકૃતિવાળા લોકો સાત્વિક, આસુરી પ્રકૃતિવાળા લોકો રાજસિક અને રાક્ષસી પ્રકૃતિવાળા લોકો તામસિક હોય છે.

ભારતીય ધર્મ, સાહિત્ય અને સંસ્કૃતિ ના આંગણામાં ગીતા તુલસીનો ક્યારો છે. આસ્થા અને વિશ્વાસનું પ્રતીક છે. મૂર્તિમાન શ્રદ્ધા છે. જીવનાધાર પ્રાણ છે. એમનું મહત્વ કેવલ એટલા માટે જ નહી કે આ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના મુખકમળ દ્વારા ગવાઈ છે, પરંતુ ગીતા જ્ઞાનના ક્ષીર - સાગરમાંથી વલોવીને કઢાયેલ અમૃત એમાં સંયોજાયેલુ છે. ગીતા શુષ્ક જ્ઞાનનું સૈદ્ધાંતિક વિવેચન નથી, ખંડન-મંડન આધારિત તર્ક-જાળ અને પાંડિત્યવાળી ભાષાનું પ્રદર્શન પણ નથી. જીવનની પ્રયોગશાળાઓમાં અનુભવ - સિદ્ધ પ્રયોગોનો સરસ તથા સરળ ભાષાશૈલીમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રસ્તુત કરાઇ છે. આ કારણથી ગીતાની પ્રાસંગિકતા આજે અત્યંત ભૌતિકવાદી યુગમાં પણ એટલી જ છે, કે જેટલી મહાભારત ના સમયમાં પણ હતી.

ગીતા જીવનનું ગીત અને અમરતાનું સંગીત છે. ગીતા આશાનું દીપ, જ્ઞાનનું આલોક, કર્મનો રાજમાર્ગ,નિર્ભીક્તા , પૌરૂષ અને ધીરજનું બળ છે. ગીતા ઉપનિષદ અથવા ગુહ્યતમ શાસ્ત્ર છે. – "इतिगृह्यतमं शास्त्रम्।"

એમના જ્ઞાતા પરમગુરુ શ્રીકૃષ્ણ છે. અને અર્જુન પ્રપન્ન જિજ્ઞાસુ તથા વિનીત શિષ્ય છે. સમસ્ત ઉપનિષદ રૂપી કામધેનુઓનો દોહનાર ગોપાલ નંદન શ્રીકૃષ્ણ છે. અને ગીતા અમૃત રૂપી દૂધને પીનાર વાછરડાં રૂપી અર્જુન છે..

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्॥

ગીતા બ્રહ્મવિદ્યા અને યોગવિદ્યા છે. ગીતા બ્રહ્મરૂપી પરમ વિદ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ એમનો આશ્રય લઈને ત્રણેય લોકોનું પાલન કરે છે. ગીતાને ભગવાને એમનું હ્રદય કહ્યું છે 'गीता मे हृदयं पार्थ।'

ISBN-978-81-977089-5-4
First Edition

**સંદર્ભ સૂચિ** :

૧ શ્રીમદ્ભગવદ્ગીતા.  ૨. ૫૫

૨. શ્રીમદ્ભગવદ્ગીતા.  ૧૨. ૬

૩ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૨.  ૧૨

૪ શ્રીમદ્દભગવદ્ગીતા.  ૧૪.  ૧૯

૫ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૮ . ૬૬

૬ શ્રીમદ્ભગવદ્ગીતા ૪ . ૧૮

૭ શ્રીમદ્ભગવદ્ગીતા ૬ . ૨૯

૮ શ્રીમદ્ભગવદ્ગીતા ૬ . ૩૦

૯ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૯,૯ .૧૮

૧૦ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૩。 ૨૩ , ૨૪

૧૧ શ્રીમદ્ભગવદ્ગીતા ૯  ૨૭, ૧૨.  ૬

ISBN-978-81-977089-5-4
First Edition

## પ્રકરણ-૨ ભગવદ્ગીતાનો કર્મયોગ

જગતના બધા ધર્મો પોતાની પ્રારંભિક અવસ્થામાં વિધિપ્રધાન હોય છે. માનવીની ધર્મ અંગેની સૂઝ જેમ જેમ વધતી જાય તેમ તેમ વિધિની પકડ ઘટતી જાય અને માનવી વિધિ કરતાં ભાવનાને મહત્ત્વ આપવા લાગે છે. પ્રાચીન વૈદિક ધર્મમાં યજ્ઞયાગને કર્મ માનવામાં આવતું. સંહિતાઓમાં સાદી યજ્ઞવિધિ હતી. પરંતુ બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞવિધિનું મહત્વ વધ્યું. કેટલીક વખત તો આ વજ્ઞો વર્ષો સુધી ચાલતા. ધીરે ધીરે યજ્ઞ એ જ ધર્મ એવો ભાવ ઉત્પન્ન થયો. તેથી આવા યજ્ઞો માટે પાછળના વૈદિક સાહિત્યમાં નફરત જોવા મળે છે. પરંતુ ગીતાએ યજ્ઞને આધ્યાત્મિક્તા અર્પી પોતાના કર્મયોગના સિદ્ધાંત નો પાયો દ્રઢ બનાવ્યો.

મનુષ્ય "બ્રાહ્મી સ્થિતિ" ને પામી જાય તો પણ જયાં સુધી તે જીવતો હોય છે ત્યાં સુધી કર્મોને તે તદ્દન છોડી શકતો જ નથી. ગીતા શરીરયાત્રા માટે, યજ્ઞ માટે અને લોકસંગ્રહ માટે એમ ત્રણ રીતે કર્મો કરવાનું કહે છે. અને આ કર્મો આસક્તિ રહિત બનીને કરવાનું કહે છે. શ્રીકૃષ્ણને પોતાને પણ આ જગતમાં કશું પ્રાપ્તવ્ય નથી છતાં પોતે કર્મ કરે છે એમ કહી નિષ્કામ કર્મ કરવા તરફ અર્જુનને પ્રેરે છે અને એ દ્વારા અર્જુનને એનો સ્વધર્મ સમજાવે છે.

અર્જુનને દ્વિધા એ છે કે જો કર્મ કરતાં જ્ઞાન વધારે સારૂં હોય તો ભગવાન એને આવા ઘોર કર્મમાં કેમ જોડે છે? એના ઉત્તર રૂપે યજ્ઞાર્થ કરેલાં સર્વ કર્મો આધ્યાત્મિક પરિપૂર્ણતા ની સિદ્ધિમાં સાધનરૂપ બની શકે છે એવો ગીતાનો આદેશ છે. મોક્ષની પ્રાપ્તિમાં કર્મયોગ પણ ભક્તિ, જ્ઞાન અને ધ્યાન જેટલો જ અસરકારક છે. શ્રીમદ્દ્ભગવદ્ગીતા મનુષ્યને વ્યવહારમાં પરમાર્થસિદ્ધિની કળા શિખવાડે છે. તેનો આશ્રય કર્તવ્યકર્મ કરાવવામાં છે, છોડવવામાં નહિ. એટલા માટે ભગવાન કર્મયોગ અને જ્ઞાનયોગ બંને સાધનોમાં કર્મ કરવાની વાત કરે છે. મે પહેલા કહ્યું તે પ્રમાણે હે પાપરહિત, આ જગતમાં બે પ્રકારની નિષ્ઠા છે;[1] 'સાંખ્યોનો જ્ઞાનમાર્ગ અને યોગીઓનો કર્મમાર્ગ. જેઓ સાધન ચતુષ્ટયથી સંપન્ન છે, જેમની તીવ્ર, સુક્ષ્મ બુદ્ધિ અને પગલ્ભ સમજશક્તિ છે તે જ્ઞાનયોગ માટે યોગ્ય છે, કર્મ તરફ જેમનું વલણ છે. તેઓ કર્મયોગ માટે યોગ્ય છે.

न कर्मणामनारम्भान्नैष्कर्यं पुरुषोऽश्नुते ।
न च सन्न्यसनादेव सद् धं सम धगच्छति ॥

કર્મ નહિ કરવાથી માણસ નિષ્કામ બની શકતો નથી; માત્ર સંન્યાસથી સિદ્ધિ પણ મેળવી શકતો નથી.[2] નિષ્કામ કર્મોના આરંભ, અનુષ્ઠાન વિના કર્મયોગી નૈષ્કર્મથી પ્રાપ્ત થતું સનાતન સુખ ભોગવી શકતો નથી. આનંદ માણી શકતાં નથી. તેમ જ્ઞાનયોગી પણ નિષ્કામ થયા પછી કર્મનો ત્યાગ કરે, તો તેને મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. કારણ કે કોઈ પણ મનુષ્ય જ્ઞાની કે અજ્ઞાની એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકે નહિ. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા 4 સત્વાદિ ગુણો સર્વ પ્રાણીઓને તેમની પ્રકૃતિના ગુણોના સંસ્કાર પ્રમાણે તેમના સ્વભાવ જ કર્મોમાં પરવશ કરીને કર્મ કરાવે છે. અર્થાત્ મનુષ્યની મરજી કર્મત્યાગ કરવાથી

થાય તો પણ પ્રકૃતિ તેમને પરાણે કર્મમાં જોતરે છે. કર્મ કરવું અનિવાર્ય છે. રાજીખુશીનો સોદો નથી. કર્મનું સ્વામીત્વ પ્રકૃતિનું છે, માનવીનું નથી. શ્વાસ લેવો એ પણ કર્મ છે. તેથી શ્વાસોચ્છવાસની જેમ જ્ઞાની કે અજ્ઞાનીને સ્વભાવ  જ કર્મ ચાલું રાખવાં પડે છે.

कर्मेन्द्रिया ण संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा  मथ्याचारः स उच्यते ॥ ३.६

જે મનુષ્ય બહારથી કર્મેન્દ્રિયોને સંયમમાં રાખીને મનથી વિષયોનું ચિંતન કરનાર ઢો'ગી કહેવાય છે. પણ મન વડે ઇન્દ્રયોને વશ  કરી આસકિત વગર જે કર્મેન્દ્રિયો વડે કર્મયોગનો આરંભ કરે છે, તે વિશેષતા પામે છે. તું ચાકકસ કર્મ  કર.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः।
शरीरयात्रा प च ते न प्र सद्ध्येदकर्मणः ॥३.८

કર્મ ન કરવાથી આજીવિકા ચાલશે નહિ. ભગવાન આદેશ આપે  છે કે સ્વભાવથી, પ્રકૃતિથી નક્કી થયેલા નિયમ કર્મ (શાસ્ત્રકર્મ ) તું કર, કેમ કે કર્મ ન કરવાં કરતાં (અકર્મ) કર્મ કરવું, એ વધારે સારૂં છે; કારણ કે અકર્મથી તારી શરીરયાત્રા (જીવનનિર્વાહ) સિદ્ધ થશે નહિ. પાર પડશે નહિ,[3] ભાવાર્થ એ છે કે નિયત કર્મથી શરીરયાત્રા પાર પડે છે, તેથી કર્મથી શરીરયાત્રા  પાર પડે છે, તેથી કર્મ પ્રત્યક્ષ ફળ (જીવનનિર્વાહરૂપી ફળ) આપનારું છે, માટે જે બુદ્ધિ કર્મની સાધક હોય, તે જ ફળદાયી છે. બીજી નહિ. (નિયત એટલે શરીર સાથે જન્મેલાં) નિયત કર્મ કરવું એ જ અકર્મ કરતાં શ્રેયસ્કર છે. તેમનું મહત્વનું કારણ આપતાં ભગવાન કહે છે કે શરીરયાત્રારૂપી યજ્ઞ માટે જે નિયમ કર્મ કરાય છે તે સિવાયના બીજા કર્મો  કરવાથી એટલે કે પરધર્મનું આચરણ (સંન્યાસી બની ભિક્ષાન્ન  પર જીવવું) કરવાથી આ લોકના મનુષ્યો કર્મબંધનમાં પડે છે, માટે શરીરયાત્રારૂપી યજ્ઞ માટે (તદર્થ કર્મ) કરવાનાં નિયત કર્મ મુક્તસંગ થઈને કર. અર્થાત્ કર્મફલાશા રહિત તથા કર્તુત્વના અભિમાન રહિત થઈને, સમત્વબુદ્ધિથી કર, તેથી કર્મબંધન લાગશે નહિ.[4] અહીં યજ્ઞનો અર્થ વૈદિક હોમહવન  ઘટતો નથી) કર્મની ચર્ચા (અર્જુનના પ્રશ્નની) ચાલે છે. ઉપનિષદ  કાળમાં હોમહવનને જ યજ્ઞ  કહેવામાં આવતા હતા તેવા સંકુચિત ક્ષેત્રમાંથી બહાર કાઢીને વ્યાપક સ્વરૂપમાં યજ્ઞ શબ્દ ભગવાન લાગુ  પાડે છે. શરીરયાત્રા યાત્રા શબ્દ ઉત્સવના અર્થમાં વપરાય છે, જેમ વૈદિક યજ્ઞ કરવાનો ઉત્સવ છે. તેમ ધંમના સાધનરૂપ શરીરને ટકાવી રાખવું એ પણ ઉત્સવ છે, તેથી શરીરયાત્રારૂપી યજ્ઞ સમજવાનો છે. આવા ઘણા પ્રકારના યજ્ઞો છે, જેમ કે દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ આ બધા યજ્ઞો કર્મોમાંથી ઉત્પન્ન થયેલા છે.[5] તથા યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે.[6]

सहयज्ञाः, प्रजाः, सृष्ट्वा, पुरा, उवाच, प्रजापतिः।
अनेन, प्रस वष्यध्वम्, एषः, वः, अस्तु, इष्टकामधुक् ॥ ३.१०

ISBN-978-81-977089-5-4
First Edition

બ્રહ્માએ  યજ્ઞ અને પ્રજાઓ  સાથે સર્જી તેમણે પ્રજાને કહ્યું. 'આ યજ્ઞ વડે તમે વૃદ્ધિ પામે. તે તમારી ઈચ્છાઓ પૂરી કરે. યજ્ઞથી તમે દેવોને પ્રસન્ન કરો, દેવો તમને પ્રસન્ન કરે. પરસ્પર પ્રસન્ન કરતાં તમે કલ્યાણને પામશો.

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभा वताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥ १२

કારણ કે કર્મયજ્ઞથી સંતુષ્ટ થયેલા (યજ્ઞભાવિતા:) દેવો તમોને ઇષ્ટ ભોગો સ્ત્રીપુત્ર, પશુ, ધન, ધાન્યાદિ ની સમૃદ્ધિ આપશે. તે દેવોએ આપેલા ભોગો એમને આપ્યા વિના એટ્લે કે એમને કર્મ દ્વારા સંતુષ્ટ કર્યા વિના ,એમનું ઋણ ફેડયા વિના જે ભોગવે છે. તે ચોર છે.[7] દેવોની માલિકીના ભાગોના હરણ કરનારા ચોર જ કહેવાય છે. પરિશ્રમીને છોડી દેવાતા કોઈને સહાય કરતાં નથી. न ॠते श्रान्तस्य सख्याय देवाः।

યજ્ઞશેષ જમનાર સર્વ પાપથી મુક્ત થાય છે. પોતાને માટે જ રસોઇ કરનાર કેવળ પાપ જ ભોગવે છે.

कर्म ब्रह्मोद्भवं  वद् ध ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥

નિયત કર્મ કરવાથી શ્રેય ની પ્રાપ્તિ થાય છે એમ જે કહેવાયું છે. તેની સ્પષ્ટતા કરવામાં આવે છે. કર્મ બ્રહ્મમાંથી એટ્લે પ્રકૃતિમાંથી ઉત્તપન્ન થાય છે. પ્રકૃતિ (બ્રહ્મ) અક્ષરમાંથી એટ્લે અવિનાશી પરમાત્મામાં થી  ઉત્પન્ન થયેલી જાણ માટે યજ્ઞમાં (કર્મમાં ) સર્વવ્યાપી બ્રહ્મ, પરમાત્મા અધિષ્ઠાન રૂપે ,આધારરૂપે રહેલા છે. તેથી જ્યાં કર્મ છે ત્યાં પરમાત્માની હાજરી છે એમ સમજવું જોઈએ.[8] અર્થાત દરેક વર્ણ પોતપોતાના નિયત કર્મરૂપી યજ્ઞનું અનુષ્ઠાન નિષ્કામ ભાવે કરે તેને પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આ યજ્ઞચક્રને અનુસરનાર પાપી આયુષ્યવાળો તથા ઇન્દ્રિય લંપટ હોઈ નકામું જીવે છે. અર્જુને કહેલું કે સ્વધર્મના  અનુષ્ઠાન થી પ્રાપ્ત થતાં ભોગો અને રાજ્યનું કોઈ પ્રયોજન નથી.[9] એવી શંકાને ભગવાન અહીં નિર્મૂળ કરે છે. કર્મથી થતાં લાભો અને કર્મ ન કરવાથી થતી હાનિ નું વર્ણન કર્યું છે. પરમપરાથી ચાલી આવતા કર્મચક્રને કેટલાક આત્મજ્ઞાનીઓ ચાલુ રાખતા નથી તે ક્યા ક્યા કારણોસર યોગ્ય નથી તેની ચર્ચા હવે ભગવાન શરૂ કરે છે.

જે કેવળ આત્મામાં જ રમણ કરનારા ભૌતિક વિષયોમાં નહીં, આત્મામાં જ સંતુષ્ટ છે તેને કઈ કાર્ય રહેતું નથી તેથી એવા જ્ઞાનીને કર્મ કરવાનું ફરજરૂપે કોઈ પ્રયોજન રહેતું નથી. તેમ કર્મ ન કરવાથી કોઈ હાનિ થતી નથી વળી સંપૂર્ણ ભૂતોમાં એમને કોઈ પણ સ્વાર્થનો સંબંધ રહેતો નથી. ભગવાન અર્જુનને એવી ઉચ્ચ ભૂમિકામાંથી ફળમાં આશક્તિ રાખ્યા વગર નિરંતર સારી રીતે કર્મ કરવાનું કહે છે.

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ १९॥

ISBN-978-81-977089-5-4
First Edition

સતત, નિરંતર કર્તવ્ય કર્મનું આચરણ સારી રીતે કર,કારણ કે આસક્તિ રહિત થઈ, કર્મફળાશા રહિત થઈ કાર્ય કર્મ કરનાર પરમ પુરૂષને પુરૂષોત્તમને પ્રાપ્ત થાય છે.[10] ભાવાર્થ એ છે કે સાધક અવસ્થામાં સ્વકર્મ ખરું જ અને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થયા પછી પણ કર્મ તો ચાલુ જાખવાં જોઈએ. કર્મના બાહ્યસ્વરૂપમાં ફેરફાર થવો ન જોઈએ. આ સિદ્ધાંતના સમર્થનમાં ઉદાહરણ આપી ભગવાન કહે છે કે

कर्मणैव हि सं सद् धमास्थिता जनकादयः ।
लोकसङ्ग्रहमेवा प सम्पश्यन्कर्तुमर्ह स ॥ २० ॥

પૂર્વકાલમાં જનકાદિ (અશ્વપતિ,ઇક્ષ્વાકુ, પ્રહ્લાદ, અંબરિષ) જ્ઞાનીઓએ પણ આશક્તિ રહિત થઇ સ્વકર્મ દ્વારા પરમ સિદ્ધિને પામ્યા છે. જ્ઞાનીઓને સર્વ પ્રાણીઓમાં કોઈ પણ પ્રયોજનનો સંબંધ નથી એમ જે કહેવાયું છે.[11] તેનું ખંડન કરતાં ભગવાન કહે છે કે લોકસંગ્રહ પ્રતિ દ્રષ્ટિ રાખીને પણ તારે કર્મ કરવા જોઈએ.

લોકસંગ્રહ ખાતર કર્મ કરવાથી સમાજને એ જ્ઞાની પુરૂષ કઈ રીતે ઉપયોગી નીવડે છે. તેની સ્પષ્ટતા કરતાં ભગવાન કહે છે કે શ્રેષ્ઠ મનુષ્ય જે આચરણ કરે છે. તે જેને પ્રમાણે કરે છે, તેને લોકો અનુસરે છે. ભગવાન પોતે પણ કામ કરે છે. લોકસંગ્રહ માટે કર્મ કરવાં જોઈએ તે માટે ભગવાન પોતાનું જ દ્રષ્ટાંત આપે છે. પેલા આત્મરતિ, જ્ઞાની પુરુષની જેમ કોઈ પણ કર્તવ્ય નથી. તેની યાદ અપાવતાં ભગવાન કહે છે કે મારે ત્રણે લોકમાં (સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળમાં કોઈ પણ કર્તવ્ય નથી. તેમ ન મેળવેલું એવું કાંઈ મારે મેળવવા યોગ્ય નથી. છતાં હું કર્મો માં સતત પ્રવૃત રહું છું. હે અર્જુન, જો હું કોઈ સમયે આળસ ત્યજીને કર્મ કરવામાં પ્રવૃત્ત ન થાઉં તો સામાન્ય લોકો પણ સર્વ રીતે કર્મ કરવામાં કે કર્મ ન કરવામાં સ્થાપેલા મારા રસ્તાને જ પ્રમાણભૂત માનીને અનુસરે અને આ પ્રજાનો નાશ કરવામાં હું કારણ બનું કર્મ ન કરવાથી શી હાનિ થાય તે વિષે ભગવાન કહે છે કે જો હું લોકસંગ્રહ ખાતર કર્મ ન કરું તો કર્મો તથા તેના કાર્યરૂપ વૃષ્ટિ, અન્ન , પ્રજા ના અભાવથી આ લોકો નાશ પામે અને લોકો કર્તવ્યભ્રષ્ટ થઈ જાય અને સ્વધર્મમાં સંકરતા, મિશ્રણ થઈ જાય, તો સમાજની સારી વ્યવસ્થા બગડી જાય. કર્મની ભેળસેળ એ જ વર્ણસંકરતા છે. પરિણામે વર્ણ સંકર પ્રજાનો કર્તા હું થાઉં.[12]

सक्ताः कर्मण्य वद्वांसो यथा कुर्वन्ति भारत।
कुर्याद् वद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ।।३.२५

હે અર્જુન, જેમ અવિદ્વાન કર્મફલોમાં આસકત થઈ જે લગની પૂર્વક, ઉત્સાહપૂર્વક કર્મ કરે છે તેમ લોકસંગ્રહની ઈચ્છાવાળા લોકો નષ્ટભ્રષ્ટ ન થાય તેવી ઇચ્છાવાળા વિદ્વાને, જ્ઞાનીએ આસકત થઈ આનંદપૂર્વક પોતપોતાની નિયત કર્મમાં વર્તવું જોઇએ.[13] જ્ઞાનીએ અજ્ઞાનીઓમાં બુદ્ધિભેદ પેદા ન કરીને પોતાના કર્તુત્વનું સારી રીતે પાલન કરતા રહીને તેઓની પોતે પણ તેવાં જ કર્મો કરાવવાં જોઈએ.[14] આ રીતે ત્રીજા અધ્યાયમાં ભગવાને કર્તવ્ય કર્મોનું પાલન કરવા માટે બહુ ભાર મૂકયો છે.

ISBN-978-81-977089-5-4
First Edition

ભગવાન અર્જુનને કહે છે, 'અધ્યાત્મચિત વડે બધાં કર્મો " મારામાં અપર્ણ કરી ફલાશારહિત, મમતા વિનાનો તથા શોકરહિત તું યુદ્ધ કર.[15] શ્રીકૃષ્ણના આ વિચાર પ્રમાણે જે આચરણ કરે છે. તે કર્મોથી છૂટે છે.

श्रेयान्स्वधर्मो वगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।३.३५

દરેક ઇન્દ્રિયને, ઇન્દ્રિયના વિષયમાં રાગદ્વેષ રહેલા છે; તેને વશ થવું નહીં.પરધર્મ કરતા સ્વધર્મ વધારે સારો છે. સ્વધર્મમાં મરણ પણ વધારે સારૂં છે. પરંતુ પરધર્મ ભયંકર છે.[16]

રજોગુણથી ઉત્પન્ન થનારુ ખૂબ ખાનાર, મહાપાપી એવા કામ અને ક્રોધ માનવીને પાપાચરણ માટે પ્રેરે છે. જેમ ધુમાડાથી અગ્નિ, મેલથી અરીસો અને ઓરથી ગર્ભ ઢંકાયેલ છે તેમ કામ વડે જ્ઞાન ઢંકાયેલું છે.[17] શ્રી મધુસૂદન કહે છે કે આ કામ અગ્નિ જેવો દુષ્કર છે. જેમ ઘી વગેરે પદાર્થો થી અગ્નિ તૃપ્તિ પામતો નથી, તેમ કામ ભોગથી કદી તૃપ્તિ પામતો નથી, કામ તુપ્ત કરવો મુશ્કેલ અગ્નિ છે. માટે હે ભરત શ્રેષ્ઠ.

तस्मात्त्व मन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि होनं ज्ञान वज्ञाननाशनम् ॥ ३.४१

ઇન્દ્રિયોને વશ કરી જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનારા કામ ક્રોધને જીતવા જોઈએ.

इन्द्रिया ण पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद् धर्यो बुद्धेः परतस्तु सः ॥ ३.४२

અંતમાં ભગવાન કહે છે કે સ્થૂલ પદાર્થ કરતાં ઇન્દ્રિયો, ઇન્દ્રિયો કરતાં મન, મન કરતાં બુદ્ધિ અને બુદ્ધિ કરતાં આત્મા ઉત્કૃષ્ટ છે.

ભગવાને ગીતામાં કર્મયોગની સાથે જ જ્ઞાનયોગ અને ભક્તિયોગનું સમાંતર નિરૂપણ કર્યું છે. છતાં તેઓ કહે છે કે કર્મયોગ જ્ઞાનયોગથી શ્રેષ્ઠ છે.

श्रीभगवानुवाच
सन्न्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसन्न्यासात्कर्मयोगो व शष्यते ॥[18]

"કારણ કે કર્મયોગમાં બધા કમો કર્તવ્ય પરંપરાને સુરક્ષિત રાખવા માટે અર્થાત્ બીજાઓના માટે જ કરવામાં આવે છે, એટલે પોતાના સુખ- આરામ, આદર- મહિમા, વિદ્યા - બુદ્ધિનું અભિમાન, લોભ અને સંગ્રહની ઈચ્છા વગેરેના ત્યાગ સરળતાથી થઈ જાય છે, જયારે કે જ્ઞાનયોગમાં વિવેક વિચાર વડે પોતાના સુખ આરામનો ત્યાગ કરવામાં મુરશ્કેલી પડે છે. કર્મયોગ ધ્યાનયોગથી પણ શ્રેષ્ઠ છે.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञान मति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ १३.११[19]

ISBN-978-81-977089-5-4
First Edition

કારણ કે કર્મયોગમાં સંપૂર્ણ કર્મોના ફળનો અર્થાત્ ફળેચ્છાનો ત્યાગ છે, જ્યારે ધ્યાનયોગમાં કર્મફળનો ત્યાગ નથી. કર્મો નો ત્યાગ કરવાની અપેક્ષાએ આસકિત રહિત થઈ કર્મ કરનારા કર્મયોગી શ્રેષ્ઠ છે.[20]

ज्ञेयः स नित्यसन्न्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ॥ ५.३

કારણ કે આશક્તિ રહિત થઈ કર્મ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કર્મયોગી સુખપૂર્વક બંધનથી મુક્ત થઈ જાય છે.[21] સમતા યુકત યોગી ઘણી જલ્દી પરમતત્ત્વને પ્રાપ્ત કરે છે.[22] કર્મયોગી પોતાનામાં સંતુષ્ટ છે.

ગીતા એ કે જે કર્મો ન કરવાથી પાપ લાગે કે વિધિનો ભંગ થવાથી જેનું ફળ નાશ પામે અથવા જે ઐહિક કે આમુષ્મિક ફળ મેળવવા માટે કરવામાં આવ્યા હોય તેવાં મીમાંસાના કર્મોની વાત તે કરતી નથી. ગીતાએ જે કર્મો કરવા માટે ઉપદેશ આપ્યો છે તેને નિયત કર્મ કે સહજ કર્મ કહ્યા છે. માણસ કર્મો ને તદ્દન છોડી શકતો જ નથી. તેણે (૧) શરીરયાત્રા માટે (૨) યજ્ઞ માટે તથા (૩) લોકસંગ્રહ માટે કર્મ કરવાં જ પડે છે, એટલું જ નહિ પણ કરવાં અનિવાર્ય છે.

ભગવદ્ગીતાએ ૧૮ મા અધ્યાયના પોતાના ઉપસંહારમાં જણાવ્યું છે કે स्वे स्वे कर्मण्य भरतः सं सद् धं लभते नरः ।

માણસ પોતપોતાનાં સ્વધર્મ પ્રાપ્ત કર્મો કરવામાં રચ્યોપચ્યો રહે એટલે તેનો સ્વાભાવિક રીતે જ વિકાસ થાય છે અને તેને સિદ્ધિ મળે છે. એથી જ કર્મયોગને દિવ્યતામાં જીવન ધારણ કરાવનાર મહાસિદ્ધાંત ગણવામાં આવ્યો છે.

ISBN-978-81-977089-5-4
First Edition

**સંદર્ભ સૂચિ :**

1. શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .3
2. શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .4
3 શ્રીમદ્ભગવદ્ગીતા ૮ .3
૪ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ . ૯
5 શ્રીમદ્ભગવદ્ગીતા ૪ .૩૨
૬ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૧૫
૭ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૧૨
૮ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૧૫
૯ શ્રીમદ્ભગવદ્ગીતા ૧ .૩૨
૧૦ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૧૯
૧૧ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૧૮
૧૨ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૨૪
૧૩ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૨૫
૧૪ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૨૬
૧૫ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૩૦
૧૬ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૩૫
૧૭ શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૩૮
૧૮ શ્રીમદભગવદ્ગીતા ૫ .૨
૧૯ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૩ .૧૧
૨૦ શ્રીમદભગવદગીતા ૩ .૭
૨૧ શ્રીમદ્ભગવદ્ગીતા ૫ .૩
૨૨ શ્રીમદ્ભગવદ્ગીતા ૫ .૬

ISBN-978-81-977089-5-4
First Edition

## જુદા જુદા વિદ્વાનોનાં મંતવ્યો

ગીતા એવો સર્વકાલીન અને સર્વસ્પર્શી ગ્રંથ છે કે દરેક સમયે દરેકને તેમાંથી પોતાની દૃષ્ટિ પ્રમાણેનું પાથેય મળી રહે છે; અને બદલાતા જતા યુગમાં પણ માણસને નિરંતર નવીન પ્રેરણા આપનારો નીવડે છે. જ્યારે જ્યારે આધુનિક ભારતમાં વિચાર કે આચારમાં કાંઈક ક્રાંતિ કરવાની કે સરજાવાની થઈ છે, ત્યારે ત્યારે - કોણ જાણે શાથી - ગીતાને જ યાદ કરવામાં આવી છે. ઉદા. ત. ' પાર્થને કો ચઢાવે બાણ, હવે તો યુદ્ધ એ જ એંધાણ તે ક્રાન્તિના બધા ઘડવૈયાઓ (તિલક, ગાંધીજી, વિનોબાજી, શ્રી અરવિંદ વ.) ગીતાને આશરે જ દોડી ગયા છે અને તેમણે પોતાના વિચાર કે આચારના સમર્થન માટે ગીતાનું નવું અર્થગ્રહણ, નવું ભાષ્ય કે નવું વિવરણ ઊભું કરવા પ્રયત્ન કર્યો છે.

### ૧ શ્રી વિનોબા ભાવે :-

આધ્યાત્મિક અને વ્યાવહારિક - માર્ગદર્શનની બાબતમાં મારી શ્રદ્ધા ગીતા પર કેન્દ્રિત થયેલી છે. ગીતાની પહેલાના હિંદુ ધર્મમાંના વેદ - ઉપનિષદ આદિ મૂળ ગ્રંથ, અને પછીનાં દર્શનો , ભાષ્યો સંતના વચનો વગેરે અપાર સાહિત્ય, તેમજ અન્ય ધર્મોના અનેક ભાષામાંના ગ્રંથોના અવલોકનથી ગીતા પરની મારી શ્રદ્ધા અધિક દ્રઢ થઈ. ગીતાનો વ્યાપક અને અવિરોધી અર્થ સમજવામાં આ બધાંએ મને મદદ કરી. ગીતાનો અને મારો સંબંધ તર્કની પેલી પારનો છે. મારું શરીર માના દૂધ થી પોષાયું છે; પણ મારું હ્રદય અને મારી બુદ્ધિ એ બંનેનું પોષણ ગીતાના દૂધથી વધારે થયું છે. અંતરની ઊંડી લાગણીનો સંબંધ હોય છે. ત્યાં તર્કને જગ્યા રહેતી નથી. તર્કને છોડી શ્રદ્ધાને પ્રયોગની બે પાંખોથી ગીતાના આકાશમાં મારાથી જવાય તેટલું ઉંચે હું ઊડું છું. ઘણુંખરું હું ગીતાના વાતાવરણમાં હોઉં છું, ગીતા મારું પ્રાણતત્વ છે. બીજા કોઈકની સાથે ગીતા વિષે હું કોઈક વાર વાતો કરૂ છું ત્યારે ગીતાના સમૃદ્રના તરંગો પર તરતો હોઉં છું અને એકલો હોઉં છું ત્યારે એ અમૃતના સાગરમાં ઊંડે ડુબકી મારીને બેસું છું. એમના મને કર્મયોગ અને પ્રેમયોગ, ધ્યાનયોગ અને જ્ઞાનયોગ, બુદ્ધિયોગ અને શુદ્ધિયોગ - એ બધું જ ગીતાએ એક જીવન સૂત્રમાં પરોવી દીધું છે.

### ૨ લોકમાન્ય ટિળક :-

તેઓ ગીતાનું રહસ્ય કેવળ કર્મમાં જ જુએ છે. ગીતાનો નવેસરથી મૌલિક અભ્યાસ કરીને પોતાના "ગીતારહસ્ય" નામના ગ્રંથમાં પ્રતિપાદિત કર્યું કે ગીતાનો મધ્યાવર્તી ઉપદેશ ફલાશક્તિ રહિત સ્વધર્માચરણનો છે. તેમના મતે ગીતા જ્ઞાનમૂલક ભક્તિપ્રધાન વૈરાગ્ય પ્રવણ કર્મયોગનો ગ્રંથ છે.

कर्मण्येवा धकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्म ण ॥

ગીતાની ચતુ : સૂત્રી છે. ગીતાનો કર્મયોગ જનસામાન્ય માટે છે, જ્ઞાની માટે નથી. સમાજમાં રહેનાર પ્રાણી એવા સામાન્ય જન્ માટે પ્રખર જ્ઞાનયોગ આચરવો શકય પણ નથી. શ્રીકૃષ્ણ પણ બે રસ્તાઓ અને બે નિષ્ઠામાંથી કર્મયોગના માર્ગને જ શ્રેષ્ઠ ગણાવે છે. એક તો માણસ કર્મ વગર રહી જ ન

શકે અને બીજું જે યુક્તિથી  કર્મ કરીને જ્ઞાની ઓ સિદ્ધિ મેળવતા તે યુક્તિ અથવા તે માર્ગનો જો જ્ઞાનીઓ પોતે જ ઉચ્છેદ  કરી નાખે તો જ્ઞાનમાર્ગ ટકે કઈ રીતે ? મોક્ષનો માર્ગ સાફ અને ચાલુ રાખવા ખાતર મોક્ષનું સાધન હંમેશને માટે પ્રગટેલું રાખવા ખાતર, જ્ઞાનીઓએ યોગયુક્ત કર્મનો બોધપાઠ સમાજ સમક્ષ નિરંતર જાગૃત રાખવો જ જોઈએ. આનું નામ છે લોકસંગ્રહ  અજ્ઞાન લોકોને અજ્ઞાન દશામાં જ રાખવા એનો અર્થ લોકસંગ્રહ નથી. નીતિશાસ્ત્રના પણ નકકર આધાર તરીકે વેદાન્ત દર્શનના અદ્વૈતવાદનું પ્રતિપાદન કરીને જીવનમુક્ત પુરૂષે પણ લોકસંગ્રહ અર્થે કર્મ કરવું જોઇએ.

**૩ શ્રી અરવિન્દ ધોષ** :-

શ્રી અરવિંદના મતે ગીતા આધ્યાત્મિક જીવનનો  ગ્રંથ છે અને તેનું રહસ્ય  કેવળ પરમયોગમાં છે. તેમના દાર્શનિક મત પૂર્ણાદ્વૈતનો છે. માણસને ઈશ્વરની ઈચ્છામાં જોડાઈને અહીં પ્રવૃતિ કરવાની છે, અને તે માટે ઈશ્વરને સંપૂર્ણ આત્મસમર્પણ કરવું જોઈએ. ગીતા એ માત્ર વ્યવહારુ  નીતિનું શાસ્ત્ર નથી પરંતુ આધ્યાત્મિક જીવનનો ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ભકિત એમ બધા માર્ગો વચ્ચે ગીતા સંપૂર્ણ સમતુલા જાળવે છે. પરંતુ અંતરાત્માની સ્વતંત્રતા માંથી ઉપજતા એવા આત્મનિર્ણયના સિદ્ધાંતનું સ્થાપન કરે છે. ગીતાનો અભ્યાસ સમગ્રરૂપે કરવાની જરૂર પર તેઓ વધુ ભાર મૂકે છે.

**૪ મહાત્મા ગાંધીજી** :-

"એકવાર મારો અંતકાળ પાસે આવેલો જણાયો ત્યારે ગીતા મને બહુ જ આશ્વાસનરૂપ થઇ હતી. જ્યારે જયારે હું બહુ ભારે મુશ્કેલીઓથી ઘેરાઈ જાઉં છું ત્યારે ત્યારે હું ગીતા માતાની પાસે દોડી જાઉં છું અને એમાંથી મારું સમાધાન ન થયું હોય એવું કદી  બન્યું નથી." એમાના મતે ગીતાનો મુખ્ય ઉપદેશ કર્મફળનો ત્યાગ કરી કર્મ કરવાનો છે. પરંતુ સત્ય તેમજ અહિંસાનું સંર્પૂણ પાલન કર્યા વગર સંર્પૂણ કર્મ ફળત્યાગ માણસ માટે શકય નથી. આથી ગીતાનો મુખ્ય ઉપદેશ સત્ય તથા અહિંસા- નો છે. ગીતામાં જે યજ્ઞ , દાન, તપ વ. ને નિત્ય કર્મો માનેલાં છે. તેનો ત્યાગ કર્યા સિવાય 'યજ્ઞ' વ. કર્મનો બિલકુલ નવિન અર્થ ઘટાવવાનો છે. પરોપકાર્થે  તેમજ ઇશ્વરાર્થે કરેલ કર્મ એટલે યજ્ઞ . તેમણે અનાસકિત ઉપર બહુ ભાર મૂક્યો છે.

**૫ પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી**:-

“હું વાઙ્મયરસિક નથી, સંસ્કૃત સાહિત્યજ્ઞ નથી, કર્મયોગી નથી, જ્ઞાની નથી, ભક્ત નથી કે વૈયાકરણી પણ નથી. છતાં પણ ગીતા મને ગમે છે. તેનું શું કારણ? એક તો એના ગાવાવાળા ઉપર માને પ્રેમ છે અને બીજું ગીતામાં માને પુષ્કળ આશ્વાસનો મળેલા છે અને તે ભગવાને સ્વમુખે આપ્યા છે. કર્મવીરોને ગીતા કર્મ કરવાનો ઉત્સાહ આપે છે. એમના મતે કર્મ તો કરવાનું જ છે. પરતંત્રતા થી, પરવશતાથી કરેલાં કર્મો લાભદાયી , સુખ , પર્યવસાયી, આનંદદાયી અને વિકાસદાયી  બનતાં નથી. 'સ્વ' ઇચ્છાથી સ્વતંત્ર બુદ્ધિથી કર્મો કરવાં તે શ્રેષ્ઠ કર્મયોગ છે.

ISBN-978-81-977089-5-4
First Edition

**૬ શ્રી શ્રીમદ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ :-**

ભગવદગીતા ભારતવર્ષના આધ્યાત્મિક ખજાનાના સૌથી મૂલ્યવાન રત્ન તરીકે સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા તેમના અંતરંગ ભકત અર્જુનને કહેવાયેલી ગીતા ના ૭૦૦ મુદ્દાસરના શ્લોકો આત્મ-સાક્ષાત્કાર ના વિજ્ઞાન વિશે નિર્ણાયક માર્ગદર્શન પૂરું પાડે છે. આ ભૌતિક જગતમાં પ્રત્યેક વ્યક્તિને ગમે તે પ્રકારે કોઈને કોઈ કર્મમાં પ્રવૃત્ત થવું પડે છે. પરંતુ તે જ કર્મ તેને આ જગતથી બાંધે છે. અથવા  મુકત કરાવે છે. નિષ્કામભાવે પરમેશ્વરની પ્રસન્નતા માટે કર્મ કરવાથી મનુષ્ય કર્મના નિયમનથી છૂટી શકે છે. અને આત્મા તથા બ્રહ્મ વિષેનું દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ખરેખર, અન્ય કોઈ ગ્રંથ મનુષ્યની વાસ્તવિક પ્રકૃતિ, તેની આસપાસનું  વિશ્વ , અને છેલ્લે તેના પરમેશ્વર સાથેના સંબંધ વિષેનું જ્ઞાન પ્રદાન કરવાની બાબતે તેની બાબરી કરી શકે તેમ નથી.

**૭ શ્રીમદ્ શંકરાચાર્ય :-**

શાંકરમત કેવલાદ્વૈત તરીકે જાણીતો છે. તે મુજબ જોતાં માત્ર એક જ તત્વ સત્ય છે અને તે બ્રહ્મ છે. અદ્વૈતવાદનો આ સિદ્ધાંત આચરણના સિદ્ધાંત સાથે ગાઢ રીતે સંબંધ છે. તે કર્મસંન્યાસનો સિદ્ધાંત છે. શાંકર મતે મોક્ષની પ્રાપ્તિ કર્મમાત્રનો ત્યાગ કરી જ્ઞાનની ઉચ્ચ કોટિનો  બ્રહમૈક્યમાં સાક્ષાત્કાર કરવાના અનુભવથી કરવાની છે. કર્મમાત્ર બંધનમાં નાખે છે, કેમ કે કર્મમાં પ્રવૃત્તિ થાય છે તે ખોટી ભેદબુદ્ધિને લીધે જ થાય છે. સમ્યક્જ્ઞાન એ ભેદબુદ્ધિને દૂર કરે એટલે આત્મા મોક્ષ પામે છે, ને પછી કર્મનું કશું પ્રયોજન રહેતું નથી. જ્ઞાનમાર્ગ સિવાયના જે અન્ય માર્ગો ( કર્મમાર્ગ, ભકિતમાર્ગ વ.) તે કેવળ જ્ઞાન પ્રાપ્તિમાં મદદરૂપ (સાધન) છે,  એમના મતે ગીતામાં જ્ઞાનનિષ્ઠા, સંન્યાસનિષ્ઠા, કર્મવિમુખતા અથવા નિવૃત્તિ એ આચારનું લક્ષ્યબિન્દુ ગણવામાં આવ્યું છે. ગીતાનું તાત્પર્ય નિઃ શ્રેયસ એટલે મોક્ષની પ્રાપ્તિ છે ; અને આ મોક્ષ જ્યારે જ્ઞાન વડે અજ્ઞાનની નિવૃત્તિ થાય ત્યારે જ મળે છે. ગીતા પણ મોક્ષ મેળવવાના સાધન તરીકે જ્ઞાનનો જ ઉપદેશ આપે છે.

**૮ શ્રી રામાનુજાચાર્ય :-**

તેમના મતે ગીતા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત જોડે સંબંધ ધરાવે છે. તેમાં કર્મયોગનું પ્રતિપાદન છે તે સ્વીકાર્ય છે. પરંતુ શુદ્ધ આચરણની દ્રષ્ટિ એ તો વાસુદેવની ભક્તિ એજ ગીતાનો સાર છે. સાકાર સ્વરૂપ પરમાત્મા નું શરણ સ્વીકારવું (પ્રપત્તિ) એ જ અંતે તો ગીતાનો પ્રધાન સૂર છે. તેમાં કર્મ અને જ્ઞાનની પણ અપેક્ષા રહેતી નથી. ફકત આત્મસમર્પણ  અને ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ પોતાના જીવનનો સઘળો વ્યવહાર કરી ઇશ્વર પર જ પોતાના યોગક્ષેમ (૯-૨૨)નો ભાર છોડી દેવો.  ગીતા આ જ વસ્તુનું પ્રતિપાદન કરે છે એવો તેમનો દ્રઢ મત છે.

ISBN-978-81-977089-5-4
First Edition

**૯ શ્રી મધુસૂદન સરસ્વતી :-**

ગીતામાં ત્રણ સાધનોનો ઉપદેશ કરવાને ૧૮ અધ્યાયોને ૩ કાંડમાં વહેંચી નાખેલા છે. પહેલા 6 અધ્યાયમાં કર્મ, પછીના 6 માં ભક્તિ અને છેલ્લા 6 માં જ્ઞાન. જ્ઞાન અને કર્મ પરસ્પર વિરોધી લેવાથી ભક્તિને વચમાં રાખી છે. એટલે કર્મ પણ ભક્તિમિશ્રિત અને જ્ઞાન પણ ભક્તિમિશ્રિત હોવું જોઈએ, એમ ગીતાનું કહેવું છે. આમ તેમનો પક્ષપાત ભક્તિ પ્રત્યે છે તે સ્પષ્ટ જણાય છે.

**૧૦ શ્રી મધ્યાચાર્ય :-**

તેમના મતે કર્મ સાધન ખરું પણ શરણાગતિ અને કર્મસંન્યાસ મોક્ષ પ્રાપ્તિ માટે મુખ્ય છે. ગીતાનું ભક્તિપ્રધાન ભાષ્ય તે ભાગવત્ છે. ગીતામાંથી દ્વૈતવાદના સિદ્ધાંતો તારવવા તેઓએ પ્રયત્ન કર્યો છે. ગીતામાં વર્ણવેલા નિષ્કામ કર્મો માત્ર સાધન રૂપે છે. છેલ્લી સ્થિતિ તો ભક્તિ છે. ગીતા ભકિત પર જ ભાર મૂકે છે એમ તેમનું માનવું છે. मदीयं तदीयं इति भेदम् अर्पहार्य सर्वम् इश्वराधीनम इति स्थितिः ।।

**૧૨ અમેરિકન માહત્મા થોરો:-**

પ્રાચીન યુગની સર્વ રમણીય વસ્તુઓમાં ગીતાથી શ્રેષ્ટ બીજી કોઈ વસ્તુ નથી. ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે એના રચિયતા દેવતાને અગણિત વર્ષો થયા છતાં એવો બીજો એકેય ગ્રંથ હજી લખાયો નથી.

**૧૩ એમર્સન :-**

થોરોના શિષ્ય, અમેરિકાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર એમર્સનને પણ ગીતા માટે અદભુત આદર હતો. सर्वभूतषु चात्मानं सर्वभूतानि चात्मनि....' એ શ્લોક વાંચતો ત્યારે એ નાચી ઊઠતો.

**૧૪ એફ. એચ. મોલેમ (ઇંગ્લેન્ડ):-**

બાઇબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે. એમાં જે દિવ્ય જ્ઞાન લખ્યું છે એ માત્ર ગીતાના ઉદાહરણ રૂપે છે. હું ખ્રિસ્તી હોવા છતાં ગીતા પ્રત્યે આટલું બધું માન એટલા માટે ધરાવું છું કે જે ગૂઢ પ્રશ્નોનો નિકાલ હજી સુધી પ્રાશ્ચાત્યો નથી લાવી શકયા એનો નિકાલ આ ગીતા ગ્રંથે શુદ્ધ અને સરળ રીતે આપ્યો છે. એમાં કેટલાંય સૂત્રો આલૌકિક ઉપદેશોથી ભરપૂર જણાયાં તેથી જ મારે માટે ગીતાજી, સાક્ષાત્ યોગેશ્વરી માતા બની રહી છે. દુનિયાના બધા ધનથી પણ મળે નહિ એવો ભારતવર્ષનો આ અમૂલ્ય ખજાનો છે.

**૧૫ સ્વામી વિવેકાનંદ :-**

"શ્રીમદ્ ભગવદ્ગીતા" એ ઉપનિષદો રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્યરૂપી પુષ્પોથી ગૂંથેલી સુંદર છડી અથવા કલગી છે.

**૧૬ મહર્ષિ વ્યાસ:-**

गीता सुगीता कर्तव्या  कमन्यैः शास्त्र वस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद् वनिःसृता ॥

સ્વયં વિષ્ણુ ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલા ગીતાશાસ્ત્રને ગાવા અને પાળવા જેવું મહાફળદાયક પરમ કર્તવ્ય હોવા છતાં અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની શી  જરૂર છે?

**૧૭ "ભગવાન શ્રીકૃષ્ણ":-**

गोता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥
गीता मे चात्तमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥

ગીતા મારું હૃદય છે. ગીતા મારો ઉત્તમ સાર છે. ગીતા મારું અતિ ઉગ્ર  જ્ઞાન છે. ગીતા મારું અવિનાશી જ્ઞાન છે. ગીતા મારું શ્રેષ્ઠ નિવાસસ્થાન છે. ગીતા મારું પદ છે. ગીતા મારું પરમ રહસ્ય  છે. ગીતા મારો  પરમ ગુરુ છે.

ISBN-978-81-977089-5-4
First Edition

## પ્રકરણ-૩ વિનોબા ભાવેનો જીવન પરિચય તેમના કાર્યો

સુરત અને વિનોબા ભાવેનો સંબંધ; ૪૨ વર્ષ જૂનો છે. ઈ.સ. ૧૯૧૬ ની વાત છે. તે વેળા એ વિનોબા વડોદરામાં ભણતા હતા. ઈન્ટરની પરીક્ષા આપવા મુંબઈ જતા હતા, વચમાં સુરત આવતુ હતુ. અહીં જ એમને પ્રેરણા થઇ કે આ બધી કેળવણી અને આ બધી જંજાળ મિથ્યા છે. તરત જ સંકલ્પ કર્યો અને આત્મામાંથી ઉદ્દગાર નીકળ્યો " **अथातो ब्रह्मजिज्ञासा** ": હવે બ્રહ્મ વિશે જાણવા નીકળવું છે. સુરત સ્ટેશને ઊતરી પડયા. સાથે એક મિત્ર હતા. પિતા પર કાગળ લખી, પોતાની આ ઇચ્છાને કાર્ય જણાવી, તે કાગળ તેમણે એ મિત્રને આપ્યો અને કહ્યું. કે મુંબઈ જઈ એ પત્ર ટપાલમાં નાખી દેજો. તે વેળા એમની ઉંમર ૨૧ વર્ષ ની હતી. જે કાળે લોકો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે તે કાળે જુવાન વિનોબાએ જાણે સંન્યાસવ્રત લીધું. સુરતનું ધનભાગ્ય કે એ એમાં નિમિત્ત બન્યા.

### વિનોબા ના દાદા

વિનોબાના દાદા શંભુરાવ ભાવે મહારાષ્ટ્રના ચિતપાવન બ્રાહ્મણ અને મોટા અગ્નિહોત્રી હતા. કોલાબા જિલ્લાનું ગાગોદે ગામ એમનું વતન, પણ ભાવે કુટુંબના કુળદેવતા કોટેશ્વર મહાદેવનું મંદિર સતારા પાસેના વાઇ ગામમાં હતું એટલે તેઓ વાઈમાં રહેતા, શંભુરાવ એટલા ચુસ્ત શિવભકત હતા કે ઘરનાં છોકરાં ભલે ઘી વગરની સૂકી ભાખરી ખાય પણ કોટેશ્વરને તો શુદ્ધ ઘી નો જ દીવો ધરે; દીપકની વાટ માટે જૂનું ચીથરું નહિ, પણ કોરું નવું કાપડ વાપરે. શંભુરાવ ધર્મશ્રદ્ધાળુ હતા છતાં અંધશ્રદ્ધાળુ ન હતા. તે કાળમાં પણ તેમણે ગામના ભંગીઓને ભોજન કરાવ્યું હતું. મંદિરમાં દેવ સમક્ષ મુસલમાન ગાયક પાસે ગવડાવતા. એ હતા પણ બહુ પ્રભાવસાળી.. રૂઢિવાદી બ્રાહ્મણો ને એમની કેટલીક રીતેભાત ગમતી ન હતી છતાં કોની મગદૂર છે કે એમને ન્યાત બહાર મૂકે ?

એવા શંભુરાવનું લગ્ન ગંગાબાઈ સાથે થયું હતું. એમને ત્રણ પુત્રો હતા: નરહર, ગોપાળ અને ગોવિ઼ંદ. નરહર ભાવે તે વિનોબાજી ના પિતા.

### વિનોબાના પિતા

નક્કર ભાવેને સારું શિક્ષણ મળ્યું હતું. આધુનિક વિજ્ઞાન, ઇંજનેરી, વગેરેમાં તેમની પ્રીતિ વિશેષ રહેતી. એલ્ફિન્સ્ટન કોલેજ છોડી તેઓ વડોદરા ના કલાભવનમાં ભણવા આવ્યા, રંગકામમાં પાવરધા થયા. તે વખતે મિલઉધોગ ખીલતો હતો એટલે એમને સારી નોકરી મળી ગઈ. નોકરીમાં બદલી થાય તો સંતાનોને સારું શિક્ષણ અપાય નહિ તેથી તેમણે એ ભારે પગાર ની નોકરી છોડીને વડોદરામાં મહારાજાના ખાનગી ખાતામાં કારકૂન થયા. બાળકોને પણ પોતાના વતન ગાગોદેથી વડોદરામાં બોલાવી લીધા.

નરહર ભાવે સ્વમાની અને સ્વતંત્રમિજાજી પુરુષ હતા. વ્યવસ્થા, ઉદ્યમ અને ચીવટના પણ આગ્રહી. બાળકો સાથે કડક પણ ખરા. ફુરસદને વખતે તેઓ લાકડાંનાં બીબાં કોતરતાં અને કપડા પર મૂળાક્ષરના કિત્તા છાપતા. ભાષાશુદ્ધિ વિશે પણ ચોક્કસ. છોકરા બાજુના ઓરડામાં મોઢેથી ગોખતા

ISBN-978-81-977089-5-4
First Edition

હોય અને સાંભળે કે તરત બોલે. "અલ્યા, શબ્દકોશ જો, તારો bell નો ઉચ્ચાર સુધાર. ઘાણીના બેલ જેમ આંખો બંધ કરી મહેનત કરવાથી શું વળવાનું છે ?"

તેઓ સંગીતના પણ શોખીન હતા. એમના પિતાને સસરા બંને વિષ્ણુ દિગંબરના ગુરુ લાલકૃષ્ણ બુવા સાથે, છેક ઈન્દોર જઈ સંગીત શીખી આવ્યા હતા. નરહરભાવેએ ૫૫ વર્ષ સંગીત શીખવા માંડયું . ફૈયાઝખાં પાસે પણ એ શીખેલા. એમાં એ એટલા નિપુણ થયા કે એમણે સંગીતશાસ્ત્ર પર પુસ્તકો પણ લખ્યાં.

એમના લગ્ન રૂક્મનીબાઈ સાથે થયા હતા. એમને પાંચ સંતાનો થયા. માથી મોટા વિનાયક, બીજા બાલકૃષ્ણ, ત્રીજો શિવાજી, ચોથા દત્તાત્રેય અને એક પુત્રી .

**વિનોબાનાં માતા**

પિતા સૂર્ય જેવા કડક હતા તો માતા ચંદ્ર જેવા શીતળ હતા. એમનું ટૂંકુ નામ રખુમાઈ હતું. એ સામાન્ય લાગતા પણ આદર્શવાલા હતા . ધર્મ અને સંતવચનમાં એમને અપાર શ્રદ્ધા હતી . આખો દિવસ ભજનો ગણગણ્યા જ કરતા હોય. એ એટલાં ભક્તિઘેલાં કે રસોઈમાં મરીમસાલો પણ ઓછો પડી જાય ! એ ભણ્યા નહોતા છતા પૂરા સંસ્કારો હતા. દાનપુણ્ય ખૂબ કરતાં. એક વાર જોડો તગડો ભિક્ષુક દ્વારે આવ્યો . વિનોબાએ કહ્યું કે એવાને ભિક્ષા આપવાથી તો આળસને ઉત્તેજન અપાય છે. વિનોબાએ ગીતાજીનો देशे कालेव पात्रं च...... .ના શ્લોક પણ ટાંકયો. માતાએ જવાબ આપ્યો : વિન્યા , બેટા , ભિખારીને વેશે ભગવાન આપણે બારણે આવ્યો છે.... હવે તું , પાત્ર અપાત્રનું ડહાપણ પણ ડો 'ળ જોઉં, તું ભગવાનને તો અપાત્ર નહિ ઠેરવે ને ? આ પાત્રને પેલો અપાત્ર એવો ભેદ પાડનાર હું અને તું કેટલાં પાત્ર છીએ? “વિનેબાજી કહે છે, કે માની આ દલીલનો જવાબ હું આજ સુધી નથી આપી શકયો.

આમ મા - દિકરા વચ્ચે બહુ વાતો ચાલતી. મા સંતોની કથા વાર્તા પણ કહેતી. મા સંતવાણી સંભળાવતી તો દિકરો વેદની વાતો કહેતો અને "કેસરી" ના લેખો વાંચી સંભળાવતો . કોઈક વાર છાપેલું લખાણ માતાથી ઝટ ન ઉકલે તો દિકરો એ ઝટ વાંચી આપતો. પછી તો દિકરો મા નો શિક્ષક થયો અને તેને ઘણું લખતી વાંચતી કરી.

**વિનોબાનો જન્મ**

આવા માતાપિતાને ત્યાં વિનોબા જન્મયા ; ઇ . સ. ૧૮૯૫ ના ૧૧મી સપ્ટેમ્બરે. એમનું લાડકું નામ વિનું " અથવા "વિન્યા" હતું. ગાગોદ અને વાઈની ધરતીનાં સંસ્કાર લઈ વિનોબા મોટા થતા ગયા. એ બંને સ્થળ વચ્ચે પહાડી પ્રદેશ આવેલો છે; એ પ્રદેશ શિવાજી અને મરાઠાઓની પરાક્રમ ગાથાઓથી ભરેલો છે. મહારાષ્ટ્રના સ્વામી રામદાસ, તુકારામ અને જ્ઞાનદેવ વિનોબાને ગમ્યા અને ૧૦ વર્ષની બાળ વયે એમણે બ્રહ્મચર્ય પાડવાની ભીષ્મપ્રતિજ્ઞા લીધી .

ISBN-978-81-977089-5-4
First Edition

વિનોબાનું બાળપણ પરોપકારી હતું. એમને ત્યાં ફણસનું એક ઝાડ હતું. ફણસ  સમારી તેમાંથી ચાંપા કાઢી એ ગામમાં ઘરે ઘરે વહેં' ચી આવતા. સાત વર્ષ ની ઉંમરે એ આવું કામ કરતા. એમને પોતાને ત્યાં પાકેલું ફળ પોતે પહેલાં આરોગતા નહિ. પહેલાં બીજાને ખવડાવતા.  બાળ વિનુને મોજ આવતી. "વહેંચીને ખાઓ" એ વાત એમણે બાળપણમાં જ જીવનમા ઉતારી  હતો.

વિનોબા મનમોજી હતા, ધૂની હતા, મસ્ત રહેતા . ટાપટીપ એમને ગમતી નહિં. માથે વાળ વધ્યા હોય, હાથે નખ વધ્યા હોય, અને પગમાં ચંપલ પણ ન હોય. કોઈ બીજો તેજસ્વી છોકરો પૂછે કે "અલ્યા, વાળ ના જીંથરા કેમ વધાર્યા  છે?" તો એ તેને સંભળાવી દે : “કેમ. તું હજામતનો ધંધો કરે છે કે શું?-“

**વિનોબા ગુજરાતમાં અને તેમના કાર્યો**

૧૯૦૭માં, બારેક વર્ષની વયે વિનોબા વડોદરા  આવ્યા અને હાઇસ્કૂલમાં ભણવા લાગ્યા. વડોદરાની કોઠી  પાસે કાપડીપોળમાં એ રહેતા. પિતાના કહેવાથી નિશાળમાં 'સંસ્કૃત' ને બદલે'  ફ્રેન્ચ'' ભાષા લેવી પડી. એ વડોદરાનાં પુસ્તકાલયોમાં પણ ભમતા. જૂનું મરાઠી સાહિત્ય વાગોળી એ હજમ  કરી ગયા. એ 'કેકાવલી' ખૂબ લલકારતા . એમણે સો કેકાનો સંગ્રહ બહાર પાડયો છે. એની પ્રસ્તાવનામાં એ લખે છે કે :

"આગળ ઉપર સંસ્કૃત શીખવાનું જરાયે અઘરું ન લાગ્યું: અને આજે જ્યારે મારા નામની સાથે પંદર- વીસ ભાષાના જ્ઞાનનું 'લેબલ' ચો'ટયું છે ત્યારે પણ મને બરાબર ભાન છે કે મરાઠીને બાદ કરતાં, સંસ્કૃત જેટલું બીજી એક ભાષાનું જ્ઞાન મને નથી. સંસ્કૃતનો ધ્વનિ  મારા કાનને કોઠે  પડી ગયો છે.

એમણે ૧૮૫૭ નો સાવરકરનો ઇતિહાસ વાંચ્યો. ઇટાલીના દેશભક્ત મેઝિનીનું ચરિત્ર વાંચ્યું, આપણા દેશનું 'રાજદ્રોહી ' લેખાતું સાહિત્ય વાંચ્યું. એમાંથી વડોદરામાં એક વિદ્યાર્થી મિત્ર મંડળ બન્યું. સંગઠન કરવાનો વિચારથી વિનોબાને ભેગા કરવાનું સૂચન થયું. એ બોલ્યા: - ના રે ના, એ મારું કામ નહિ, તમે કાંઈ ઉભું કરતા હો તો હું સભ્ય થાઉં. બોંબ નાખવા મોકલો તો તેય કરું. બાકી  હું વળી તંત્ર શેનો રચું ? તુકારામ ને કોઈ બેન્કનો મેનેજર બનાવો તો શું થાય? તેમ મને સંચાલક  બનાવો તો તમારું કામ થઈ રહ્યું!-  એકાદ રૂપિયાના માસિક ભાડાથી વિનોબાના વિદ્યાર્થી મંડળે એક ઓરડો વડોદરામાં ભાડે રાખ્યો. એ જ વખતે ટિળક મહારાજનું "ગીતારહસ્ય" બહાર પડયું હતું અને તેના પર વિનોબાએ એક પ્રવચન પણ કર્યું હતું. આ ઓરડામાં મિત્રો અભ્યાસ કરતા. ત્યાં એકાએક વિનોબાને પોતાની માતાના શબ્દો  યાદ આવ્યા, " બેટા, મને સમજાય તેવી ગીતા મરાઠી  ભાષામાં લખી આપ."

આ ઓરડીનું ભાડું ચૂકવવા મા પાસે, રૂપિયો માંગતા એમને સંકોચ થયો હતો, તે પણ એમને યાદ આવ્યું કે આટલા મોટા થયા તો ચે મા પાસે માગવા જઈએ તે શું શોભીએ ? તરત જ મિત્ર ગોપાળ સાથે વિચાર્યું, કે દળણું દળી ઓરડીનું ભાડું ચૂકવીએ. પણ તે વેળા આ વિચાર પાર ન પડયો. થોડા વર્ષ પછી વિનોબા વાઈ ગયા. ત્યાં જઈ પુસ્તકાલય સ્થાપ્યું અને તેના ૪૦૦ પુસ્તકો માટે દળણું દળી રકમ ભેગી

ISBN-978-81-977089-5-4
First Edition

કરી. કેવો વિચાર અને કેવો આચાર? જ્ઞાન અને કર્મનો આશ્ચર્યકારક સુમેળ! જાણે પ્રયાગરાજમાં ગંગા અને યમુના મળી !

વિનોબા કોલેજમાં ઝાઝું ભણ્યા નહિં. ઈન્ટરની પરીક્ષા આપવા મુંબઈ જતાં, વચમાં સુરત સ્ટેશને ઊતરી પડયા અને સુરતથી સીધા કાશી ગયા. એક કાળે સુરત "નાનું કાશી " ગણાતું. નાની કાશીથી એ મોટી કાશી પહોંચ્યા. અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી વર્ગમાં પહેલા નંબરે રહેનારા , ગણિત અને ભાષામાં એકડો ગણનારા ,વિનોબા મેટ્રિકમાં માત્ર "પાસ" જ થયા! એમ જ થાય. એમને મન નિશાળ એક માત્ર સાચું જ્ઞાનમંદિર નહોતુ.

એ તો રખડતા, વિચારતા અને ઈતર વાંચન વાંચી તે પચાવવા મથતા. સુરતથી કાશી જઈ બ્રહ્મજિજ્ઞાસા સંતોષવા માંગતા વિનોબાનો ભીતરી આત્મા, શાળામાંથી જ પાંખ ફફડાવી, ઊંચે ઊડવા ઝંખના કરતો હતો. વડોદરામાં એ વેળા રાજદ્વારી ઝંઝાવાત થઈ ગયો હતો. ૧૯૦૫ - ૦૭ નો, અરવિંદ ઘોષનો એ જમાનો હતો. વિનોબા પણ વિસામણમાં હતા. કાશી જઈ બ્રહ્મવિદ્યા શીખી, હિમાલયનો મોક્ષ - માર્ગ લઉં કે ગુપ્ત ક્રાંતિકારી દળમાં જોડાવાની બેવડી વિચારધારામાં એ ખેંચાતા હતા. ત્યાં એકાએક નિર્ણય લઈને એ બ્રહ્મજ્ઞાન ની શોધમાં કાશી ગયા. એમણે પોતાના બધા પ્રમાણપત્રો બાળી નાખ્યાં. મા ના કહેવાથી પણ એમણે ન માન્યું ! સાધક થનારને તે વળી એ ફરફરિયાંની માયા હોય?

કાશી આવી વિનોબા સંસ્કૃત, વેદવેદાંત અને કાવ્યશાસ્ત્ર શીખ્યા. માતાની આજ્ઞા યાદ આવતી હતી કે "હું વાંચું તેવી ગીતા મરાઠીમાં લાવી આપ.' હવે એ કાવ્યો રચતા થયા. એમણે ગીતાનો અનુવાદ કરવાની યોગ્યતા પણ પ્રાપ્ત કરી. એમને નહિ ગમતા કાવ્યો એ બાળી નાખતા. અને પોતા ને ગમે તેવું કોઈ સુંદર કાવ્ય લખાતું તો તેનો દડિયો બનાવી, પ્રસન્ન ચિત્તે ગંગામૈયાને ખોળે ધરી દેતા. એમણે ગંગાજીને જે અર્પણ કર્યું તે બધું જાણે વ્યાજ સાથે ગંગાજીની પ્રસાદી રૂપે આજે એમને પાછું મળી રહ્યું છે.

તેઓ કાશીમાં ગંગાકિનારે આઠ ફૂટ લાંબી અને પાંચ ફૂટ પહોળી ઓરડીમાં રહેતા; તેમાં વાચન, ચિંતન. મનન કરતા અને દિવસમાં માત્ર એક વાર ખાવા નીચે ઊતરતા. એ અન્નક્ષેત્રમાં જમતા. ત્યાં દોઢ કલાક ખોટી થવું પડતું. એ દરમ્યાન એ આખી ગીતાનો પાઠ કરી જતા. વિનોબા કાશીમાં શાસ્ત્રાર્થ સાંભળવા જતા. એક સભામાં બોલવાની તક મળી ત્યારે દ્વૈતવાદી અને અદ્વૈતવાદીઓની ચર્ચા માં એમણે સમન્વયનો, એ દ્વારા અદ્વૈત સાધવાનો માર્ગ સૂચવ્યો.

કાશીમાં તે વખતે ગાંધીજી પધાર્યા હતાં. માલવિયાજી ના હિન્દુ વિશ્વવિદ્યાલયમાં મોટા મોટા વિદ્વાનો અને મહારાજાઓનો મેળો ભરાયો હતો. ગાંધીજી પણ બે શબ્દ બોલ્યા. આમ કાશી નગરીમાં મહાત્માજીના પરાક્રમની વાતો ચર્ચાવા લાગી. અહીં 'વીર ની અહિંસા' નો પહેલો બોલ પડતાંવેં'ત વિનોબાજીને જે જોઈતું હતું તે મળી ગયું. એમને લાગ્યું કે આ એક જ પુરૂષ એવા છે, જે દેશની રાજદ્વારી સ્વતંત્રતા ને દેશનો રાજનીતિ અને ધર્મનો મેળ બેસતો હતો.

વિનોબાએ ગાંધીજીને પત્ર લખ્યો. જવાબ આવ્યો અને પછી રૂબરૂ મળવાનો સંદેશો પણ મળ્યો. હિમાલય તરફ જવાનો વિચાર પડતો મૂકી વિનોબા બીજા ચેતન હિમાલય પાસે આવ્યા. અહીં એમને હિમાદ્રિની ઠંડક કરતાયે વધારે ઠંડક મળી: ગાંધીજી કહેતા કે 'હિમાલય પહાડ પત્થરોનો નહિ, પણ ઋષિઓની તપસ્યાનો બનેલો છે! ' તપશ્ચર્યાના એવા હિમાલય પર ગાંધીજી એક ઊંચું શિખર રચી રહ્યા હતા. વિનોબા એમની પાસે બીજું શિખર રચવાની તાલીમ લેવા માટે ગયા. અને પછી સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાંથી એક નવા તપસ્વીનો જન્મ થયો. એ તપસ્વી તે આચાર્ય વિનોબા.

વિનોબા સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં આવ્યા ત્યારે જડભરત જેમ રહેતા. પોતાની બુદ્ધિને જરાયે કળાવા ન દેવી એ અમેનો આદર્શ હતો. એ ગુપચુપ મહેનત મજૂરી કરતા, ગાંધીજીની વાણી સાંભળતા અને તે પચાવતા. કૂવામાંથી આખો દિવસ પાણી ખેંચતા. આમ ૯૮ રતલ ના વજનના આ દુબળા વિનોબા ગાંધીજીની નજરમાં વસી ગયા. ગાંધીજીએ એમને "વિનોબા'નું લાડકું નામ આપ્યું.

અહિં વિનોબાએ જાતજાતના ખોરાકના પ્રયોગો કર્યા . વિનોબાએ વાઈમાં આજન્મ બ્રહ્મચારી નારાયણ શાસ્ત્રી મરાઠે પાસે ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર , શંકરભાષ્ય , મનુસ્મૃતિ, પાતંજલ યોગદર્શન, ન્યાયસૂત્ર, યાજ્ઞવલ્કય સ્મૃતિ વગેરે નું જ્ઞાન મેળવ્યું. ત્યાં રોજ ૧૦-૧૨ માઈલ ચાલતા, છ થી આઠ શેર દળતા; ત્રણસો નમસ્કાર કરતા; એમ કરી એમણે તબિયત સુધારી.

સાબરમતીમાં ગાંધીજી અને વિનોબાની, ગુરુ શિષ્ય ની જોડી જામતી. તેઓ સાથે અધ્યયન , મનન, પરિચર્યા અને પરિશીલન કરતા: સામસામા બેસી ઘંટીએ દળતા, ચોખા વણતા, પાયખાનાં સાફ કરતા અને સાથે મહેનતનાં કાર્યો થી માંડી વેદવેદાંગની ચર્ચા પણ કરતા હતા. વાઇમાં વિનોબા અને નારાયણ શાસ્ત્રી પાંડિત્ય વાગોળતા અને તેમાંથી નવી સૂઝ મેળવતા. ત્યાં એમણે ગીતાવર્ગ ચલાવ્યા; ઉપનિષદ શીખવ્યા; હિંદી પ્રચાર કર્યો; ૪૦૦ માઇલનો પ્રવાસ કરી રાજગઢ, સિંહગઢ અને તોરણગઢ નો ઇતિહાસપ્રસિદ્ધ સ્થળો જોયાં; પ્રયાસમાં ગીતા પર પ્રવચન કર્યા : વિદ્યાર્થી મંડળ અને વાચનાલય સ્થાપ્યા: પંદર વિદ્યાર્થી સાથે દળણાં દળી તેની આવકમાંથી પુસ્તકો વસાવી પુસ્તકાલય બનાવ્યું .

હવે પરિગ્રહમાં એક લાકડાની થાળી, વાડકો, લોટો, ધોતિયું અને પુસ્તકો રાખવાનું અને બીજું બધું છોડવાનું વ્રત લીધું. ગાંધીજી પાસે વિનોબાના પત્રમાં આ સમાચાર આવ્યા. ત્યારે ગાંધીજીએ ખુશ થઈ લખ્યું: “તમારે સારું કયું વિશેષણ વાપરવું એ મને ખબર નથી.... તમને ઈશ્વર દીર્ઘાયુ બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિ સારું થાય એમ ઈચ્છું છું.” પછી ગાંધીજી બોલ્યા, “બહુ ભારે માણસ છે... વિનોબાએ તો હદ કરી."

મહારાષ્ટ્રના નારાયણ શાસ્ત્રીએ પણ શિષ્ય (વિનોબા)ને પ્રમાણપત્ર આપ્યું કે - વિનોબાની વાકશક્તિ અલૌકિક છે." કૃષ્ણા નદીને કાંઠે, આંબાવાડિયામાં, વૃક્ષને છાંયે બેસી તેઓ શંકરભાષ્યનો પાઠ કરતાં. શંકરાચાર્યની ગદ્ય પંક્તિઓ મધ્યમ સ્વરમાં પદ્ય ના લયમાં, તાલબદ્ધ અસ્ખલિત મધુર ગંભીર સ્વરે વિનોબાના મુખમાંથી નીકળતી હતી ! પાસેની ઝૂંપડીમાં ગુરુ પ્રવચન કરતા હતા. તેમનું એ પ્રવચન

ISBN-978-81-977089-5-4
First Edition

થંભી ગયું. તેમને લાગ્યું કે ગીર્વાણ  વાણીનું આટલું સુંદર ઉચ્ચારણ સાંભળીએ ત્યારે સમજાય છે કે ખરે જ એ દેવવાણી છે. એમણે કહ્યું : - આમાં જાણે આદ્ય  શંકરાચાર્યની જ વાણી સંભળાતી લાગે છે." આમ ગુરુ કરતાં શિષ્ય સવાયા થયા.

બીજી તરફ કર્મયોગમાં એ ગાંધીજીને પણ ટપી જવાનો પુરૂષાર્થ કરતા  હતા. વ્રત ઉપવાસ, ગીતા અને ઉપનિષદોનાં મનન, ડકડતી ઠંડીમાં જરાયે થથર્યા વિના પથસ પર સૂવાનું - બધું કઠોર તપ કરતાં હતાં, આમ જ્ઞાન અને કર્મ બંનેમાં આગળ થવા લાગ્યા.

૧૯૧૭ માં વિનોબા પૂના, કરાડ, સાંગલી અને મીરજ ફર્યા. ત્યાં તેમણે ઠેરઠેર ભાષણો કર્યા. આમ શંકરાચાર્ય, ટિળક મહારાજ અને ગાંધીજી ત્રણેનાં તત્ત્વોના દોહન રૂપે એ પ્રવચનોથી મહાસષ્ટ્રમાં નવું ચેતન આવ્યું. એક મિત્રને એમણે લખ્યું

“ઉઘાડે પગેને બોડકે માથે મહારાષ્ટ્ર ને ખૂંદી નાખ્યું .......તિલક નો યુગ આથમે છે અને સત્યાગ્રહનું સાસ્ત્ર હવે લોકો ની બુદ્ધિ પર અસર કરી જશે; ગાંધી યુગ શરૂ થશે; ગાંધીના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ રાષ્ટ્રને આગળ નહિ લઈ જઈ શકે. “

૧૯૨૦ માં ટિળક મહારાજનું મૃત્યુ થયું. વિનોબાને ભારે આઘાત લાગ્યો.  કેટલીયે વાર  એ ટિળક મહારાજ પાસે જઈને તેમની પાસેથી પ્રેરણા મેળવી હતી. ૧૯૨૦ માં નાગપુર કૉંગ્રેસ પછી, શ્રી જમનાલાલ બજાજના આગ્રહ થી ગાંધીજીએ વર્ધામાં  એક આશ્રમની સ્થાપના કરી. ૧૯૨૧ માં ચૈત્ર માં બેસતા વર્ષે વિનોબાજી વર્ધા  આવ્યા. આ આશ્રમ  વિનોબાજીના તેજથી ખીલ્યો હતો. ત્યાં તેમણે વેદનાં અગાધ  ઊંડાણ માપ્યાં. આ પહેલાં એમણે જ્ઞાનેશ્વરીમાં ડૂબકી મારી લીધી હતી. ત્યાં ઋગ્વેદ વાંચ્યો ,  આશ્રમના ચોમેર રેટિયાના ખખડાટમાં અને સજદ્વારી જીવનની આંધીમાં પણ એ વેદમાં જ મશગૂલ રહેતા હતા; રાત દિવસ એમના ઓરડામાં વેદ વેદાંતનો જ ધ્વનિ ગૂંજાતો; એમણે ચિત્તને ખૂબ એકાગ્ર  કર્યું અને બુદ્ધિ કસી. વિનોબાજી પાકા ઋષિ  થઈ ગયા અહીં એમણે “ મહારાષ્ટ્ર ધર્મ” નામના માસિકનું તંત્રીપદ સ્વીકાર્યું.

ત્યાં તો ૧૯૨૨ નો નાગપુર ઝંડા સત્યાગ્રહ આવ્યો. કોંગ્રેસ સમિતિના બધા સભ્યો જેલમાં ગયા. એકલા વિનોબા બહાર હતા. દેશના ધ્વજની રક્ષા કાજે એ બહાર  પડયા અને સત્યાગ્રહ કર્યો તે પહેલાં જ બ્રાહ્મ મુહૂર્ત માં પકડાયા. વિનોબાજી ૧૯૨૩ માં જેલમાં પત્થર ફોડવા લાગ્યા ! એમની બદલી નાગપુર જેલમાં  થઈ જેલમાંથી છૂટયા બાદ પાછા એ આશ્રમના કામમાં જોડાઈ ગયા. ૧૯૨૪ - ૨૫ માં એઓ ત્રાવણકોર રાજ્યના વાયકોમ ગામમાં સત્યાગ્રહ વેળા ત્યાં ગયા અને ત્યાં ચેતન સર્જી આવ્યા.

૧૯૨૩ થી ૧૯૪૦ નાં અઢાર વર્ષ વિનોબાજી મૂક સાધક રહ્યા. એ એમનો મૌન સાધનાનો,ઉગ્ર તપશ્ચર્યાનો સમય હતો. આ સાધનાનો પરિપાક રૂપે એમણે જે અમર વાકયો લખ્યાં છે તેમાનું એક આ છે: "પવન વાય છે ત્યારે પોલા વાંસમાંથી અવાજ નીકળે છે. તેમ ચળવળનો વાયરો ફૂંકાય ત્યારે પોલા કામમાંથી કીર્તિનો અવાજની કળવા માંડે છે. વાંસ નક્કર હોય  તો અવાજ ન નીકળે. માણસ નક્કર કામ કરવા લાગે છે ત્યારે તેમાંથી કીર્તિનો અવાજ સંભળાતો નથી.

વિનોબાજીની સાધના નક્કર વાંસ જેવી હતી. ૧૯૩૦ ના મીઠા સત્યાગ્રહ વખતે તેઓ વર્ધા આશ્રમમાં નિશ્ચળ બેઠા હતા. ૧૯૩૨ માં એ ફરી વાર જેલમાં ગયા. ત્યાં એમણે " ગીતા પ્રવચનો" કર્યા. એ પ્રવચનો પુસ્તક રૂપે મરાઠી, ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓમાં બહાર પાડયા. વિનોબાજી એ કેવળ આ જ પુસ્તક પર પોતાના હસ્તાક્ષર આપ્યા હતાં. આ પુસ્તકમાં અપાર રસ લઇ એમણે સસ્તું વેચવા ગોઠવણ કરી હતી. પુસ્તકની શૈલી સરળ અને રસાળ છે. આ ઉપરાંત મરાઠીમાં સમશ્લોકી - ગીતાઇ - ની રચના કરી. એમણે પોતાની માતાની આજ્ઞા માથે ચઢાવી. ધૂલિયા જેલમાંથી છૂટયા પછી પાછા એ આશ્રમના નવા સર્જનમાં લાગી ગયા. ત્યાં હરિજન પ્રવૃતિ, ગોસેવા, ખેતી અને ખેતીમાં બળદને બદલે યંત્ર વાપરવાનો વિચાર, અહિંસક ચર્માલય , ગ્રામસેવા , દળવા વગેરેનું પરિશ્રમાલય, ખાદી કેન્દ્ર ,કતાઈકળા, ઉદ્યોગકાંતણ વગેરે પ્રવૃત્તિઓ વિકસાવી.

ત્યાર બાદ ૧૯૩૯ માં બીજી મોટી લડાઈ ફાટી. ભારતે એનો વિરોધ કર્યો. ૧૯૪૦ માં ગાંધીજીએ 'વ્યક્તિગત સત્યાગ્રહ' શરૂ કરવાનું ઠરાવી , પહેલા સત્યાગ્રહી તરીકે વિનોબાજી ને જાહેર કરી , દેશનું ગૌરવ વધાર્યું, અહિંસાનું પુનઃ પ્રતિષ્ઠાન કર્યું. ત્યારથી દેશભરમાં, આખી દુનિયામાં, વિનોબાનું નામ ચમકયું.

"योगः कर्मसु कौशलम्" - યોગ એટલે કર્મમાં કુશળતા." મહાદેવભાઈ કહે છે. કે વિનોબાએ જે કાઈ કર્યું છે તે પુરવાર કરી આપે છે, કે તેમણે આવા યોગ પર પ્રભુત્વ મેળવ્યું છે. ૧૯૪૨ માં હિંદ છોડો આંદોલન વેળા પણ એ પકડાયા. આ જેલયાત્રા દરમ્યાન એઓ તામિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષાઓ શીખ્યા. હસ્તરેખા શાસ્ત્ર અને જ્યોતિષ પણ શીખ્યા. એમણે અરબીનું જ્ઞાન પણ મેળવ્યું હતું. મૌલાના અબુલ કલામ આઝાદ જેવા સમર્થ અરબી પંડિતે એમના અરબી જ્ઞાનની તારીફ કરી હતી. ૧૯૪૫ માં વિનાબાજી જેલમાંથી બહાર આવ્યા.

૧૯૪૭ ના ૧૫ મી ઓગસ્ટે દેશ આઝાદ થયો. ૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦મી તારીખે ગાંધીજીને અમર શહીદી મળી. વિનોબાના પરંધામ આશ્રમ પાસેથી વહેતી ધામ નદીમાં ગાંધીજીના શ્રાદ્ધ દિવસે એમણે ભસ્મ વિસર્જન કરી. એમણે ગાંધીજીને છેક ૧૯૧૭ થી પિતા માન્યા હતા. એમના શ્રાદ્ધદિનોએ એમણે પ્રાર્થના પ્રવચન કર્યા. "શ્રાદ્ધના તેર દિવસ" ની પુસ્તિકા પણ પ્રકટ કરી. ગાંધીજીના જીવનનો તાર જયાંથી તૂટયો ત્યાંથી વિનોબાજી એ પોતાના જીવનનો તાર સાંધ્યો અને રાષ્ટ્રપિતા ગાંધીજીનાં કર્તવ્ય અને સેવા નમ્રભાવે ઉપાડી લીધાં.

વિનોબાજી દિલ્લીથી અજમેર જઈ આવ્યાં. દિલ્હી પાછા ફરી એમણે મેવ જાતિને ફરી વસાવવાનો પ્રશ્ન હાથમાં લીધો. ગાંધીજીના સ્વર્ગવાસ પછી એક વર્ષ વિનોબાએ શાંતિયાત્રામાં ગાળ્યું. તે પછી ૧૯૪૯ના માર્ચમાં સેવાગ્રામ માં "સર્વોદય સંમેલન" ભરાયું તેમાં પંડિત જવાહરલાલ પણ પધાર્યા હતા. ત્યાં વિનોબાજીની પ્રેરણાથી "સર્વોદય સમાજ"ની રચના થઈ. ૧૯૪૯ ના એપ્રિલમાં વિનોબાજી ને આત્માનો અવાજ સંભળાયો. એ બોલ્યા: "આજકાલ મારા મનમાં, ધન પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થઈ ગયો છે..... પૈસાનો

ISBN-978-81-977089-5-4
First Edition

સમૂળો છેદ જ ઊડી જાય એવા પ્રયોગમાં દેહ સમર્પણ થઇ જાય એવું લાગી રહ્યું છે... ગાંધીજીના ગયા પછી દેશમાં જીવનનિષ્ઠાથી કામ કરતો એક સેવક વર્ગ ઊભો થાય અને તેની મારફત સમાજની યોગ્ય નવરચના થાય એવો વિચાર આવ્યો છે."

૧૯૪૯ ની આખરે પરંધામની એક એકર ખેતીમાં શાકભાજીનું સ્વાલંબન શરૂ થયું. ૧૯૫૭ ના મે મહિનામાં ધિકતા તાપમાં, બીમાર વિનોબાએ દાકતરી સલાહને અવગણી, પાંચથી છ કલાક, કોદાળી પાવડાથી ખેતી કામ કરવાનું ભીષણ અનુષ્ઠાન આદર્યું. આમ સ્વાવલંબી સામ્યયોગનો પ્રયોગ પદ્ધતિપૂર્વક શરૂ થયો. ૧૯૫૦ ની રેંટિયાબારસે એમણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા અને પારણા કરતાં સંકલ્પ કર્યો કે "ભવિષ્યમાં ભિક્ષા લઇશ , માત્ર શ્રમદાન જ સ્વીકારીશ."

ભગવાન બુદ્ધના મહાભિનિષ્ક્રમણ પછી લગભગ ૨૫૦૦ વર્ષે ભારતને મુક્ત કરાવવા ગાંધીજીએ ૧૯૩૦ માં અમદાવાદ થી દાંડી સુધીનું મહાભિનિષ્ક્રમણ કર્યું હતું. તે પછી ૨૧ વર્ષે ૧૯૫૧માં વિનોબાજી એ એવું મહાભિનિષ્ક્રમણ આરંભ્યુ . પરમધામથી વર્ધા આવી,લક્ષ્મીનારાયણના મંદિરમાં પ્રભુને પ્રણામ કરી , એમણે શંકરાચાર્યનું વિષ્ણુસ્તોત્ર લલકાર્યું', 'અચ્યુતમ કેશવમ' પછી ગદગદ કંઠે નમન કરી આર્શીવાદ માગ્યા. ૩૧ દિવસમાં ૩૩૨ માઇલનો પંથ કાપી, વિનોબાજી શિવરામપલ્લી આવ્યા. આ સંમેલનમાં એમણે એક સૂત્ર પ્રબોધ્યું: अतः शुद् धः बहिर् शुद् धः श्रमः शान्तिः समर्पणम् "જાતની શુદ્ધિ , આસપાસની સ્વચ્છતા, મહેનતુ જીવન અને શાંતિ માટે જીવન સમર્પણ કરવું." એ વખતે તેલંગાણામાં સામ્યવાદીઓ હિંસક પદ્ધતિથી જમીનની વહેંચણીમાં સમાનતા સ્થાપવા પ્રયાસ કરતા હતા. ૧૯૫૧ના એપ્રિલની ૧૫ મી તારીખે, બરાબર રામનવમીને પપિત્ર દિવસ, પગપાળા તેલંગાણામાં પ્રવેશ કર્યો, તેલંગણાનો આ પ્રદેશ તે જ રામાયણનું "દંડકારણ્ય "વિનોબાજીએ લોકોને કહ્યું કે - તમે તો હજારો છો અને લૂંટવા આવનાર સામ્યવાદી તો એકલ દોકલ હશે. એનાથી કે પોલિસથી બીશો નહિં. જે ડરે છે તેનો હાથ તો ભગવાન પણ નથી પકડતો. વામન પગલામાં ત્રિખંડ ભારતભૂમિને આવરી લેતા વિરાટ આંદોલનની વિનોબાજીને ઝાંખી થઈ. એટલે તત્કાળ ભૂમિદાન યજ્ઞ શરૂ થયો. ૧૯૫૨ની ૨૬ મી જૂને ૯૩ દિવસમાં બાર હજાર એકર જમીન દાન માં મેળવી, વિનોબા સેવાગ્રામ પાછા આવ્યા. અહીં આવી એમણે ગાંધીજીની કુટિરમાં જઈ, છલકાતી આંખે, પોતાની સિદ્ધિની ગુરુદક્ષિણા ગુરુને મમર્પિત કરી. તે જ દિવસે તેમણે વચન આપ્યું કે "જવે ભવિષ્યમાં, આ જગતમાં કેવળ બે જ વિચારધારાએ પરસ્પર ટકરાશે - એક ધારા સર્વોદયની અને બીજી સામ્યવાદની.

આ ગાળામાં સરકારે પહેલી પંચવર્ષીય યોજના રજૂ કરી હતી. એના એક ઘડવૈયા શ્રી રા . કૃ . પાટીલ વિનોબાજી સાથે આ યોજનાની ચર્ચા કરવા આવ્યા. દ્રરિદ્રનારાયણો ના પ્રતિનિધિ તરીકે વિનોબાજીએ યોજનાની ઊણપો પર સખત ટીકા કરી. ૧૯૫૨ પછી પરદેશથી અનાજ નહિ લાવવા ની પ્રતિજ્ઞા આ યોજનામાં પડતી મૂકાઈ હતી. તેથી તેમણે કહ્યું કે આ તો નિરંતર ભીખ માંગતા રહેવાની યોજના છે." એમણે સાફ કહ્યું કે - જવાહરલાલજી દાના માણસ છે. પણ મારાને તેમના વિચારોમાં ભેદ

છે અને રાષ્ટ્રહિત ખાતર મારે તે પ્રકટ કરવા જ જોઈએ." ત્યાર બાદ વિનોબાજી પંડિત જ્વાહરલાલને મળ્યાં. વર્ધાથી દિલ્હી સુધીની આ પદયાત્રા દરમ્યાન એમના મનમાં ૧૯૫૨ થી ૧૯૫૭ ની પંચવર્ષીય યોજના ઘડી અને અમલમાં પણ મૂકી .

તેઓ મધ્યપ્રદેશ, વિંધ્યપ્રદેશ , મધ્યભારત, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના થોડા ભાગમાં થઈ દિલ્હી આવ્યા. દિલ્હીમાં અનાજની ખાદ્ય વિશે ચર્ચા કરી. સરકારે પણ વિનોબાજીનો મત સ્વીકારી બને ત્યાં સુધી વિદેશથી અનાજ ન મંગાવવાનું નક્કી કર્યું. પછી વિનોબાજીએ ઉત્તરપ્રદેશની પદયાત્રા કરી. એપ્રિલ ૧૯૫૨ સુધીમાં ૪૯૩૬ દાતાઓએ ૧,૦૨,૩૬૧ એકર જમીન ભૂદાનમાં આપી. ત્યાં પછી તેઓ બિહાર ગયા. દરમ્યાન

શ્રી કિશોરલાલ મશરૂવાળા જતાં વિનોબાજીની મોટી હૂંફ ગઈ. શ્રી મશરૂવાળા એમના છેલ્લા એક લેખમાં લખી ગયા હતા કે "ભૂદાન -યજ્ઞ એ જ આ યુગનો ધર્મ છે." ઉત્તરપ્રદેશમાં વિનોબાજીએ સહુ કાર્યકર્તાઓને બે વર્ષમાં ૨૫ લાખ એકર ભૂમિ મેળવવાનો સંકલ્પ કરવાની હાકલ કરી. આમ વિનોબાનો ભૂદાન યજ્ઞ હવે માત્ર દેશમાં જ નહિં, દુનિયામાં જાણીતો થયો. બિહારનું કામ પૂરું કરી વિનોબા ઓરિસ્સા ગયા. વચ્ચે બંગાળને પણ આ યજ્ઞનો સ્પર્શ કરાપ્યો. ઓરિસ્સામાં જગન્નાથપુરીના સર્વોદય સંમેલન માં એમણે મંત્ર આપ્યો: "વિશ્વશાંતિ માટે ભૂદાનયજ્ઞ." ત્યાં તેમણે ૬૦૫ ગ્રામદાન મેળવી તેઓ આંધ્ર ગયા. પછી તામિલનાડુ ને ત્યાંથી પૉંડિચેરી જઈ અરવિંદ આશ્રમમાં માતાજીને મળ્યા. અહીં એ બોલ્યા કે कार्यम् साधया म वा देहम् पातया म એવા કોઈ કર્તાપણાના અહંકારથી પણ બચ્યો નથી. કાર્ય તો ઈશ્વર કરે છે. હું તો એનું સાધન નિમિત માત્ર છું. એવો હૃદયનો રણકો છે." ત્યાર બાદ તેઓ કેરળ અને પછી મહારાષ્ટ્ર ગયા. પછી તેઓ ૨૨ મી સપ્ટેમ્બરે ગુજરાત આવ્યા.

સુરતથી ૧૯૧૬મા વિનોબા કાશી ગયા તે પહેલાં, બોંબ ફેંકવો - ક્રાંતિવાદી થવું કે બહ્મવાદી થવું તેની વિસામણમાં તે ઓ રહ્યા. સુરતની ધરતી પરથી બ્રહ્મજિજ્ઞાસા સંતોષવા એઓ કાશીને માર્ગે ગયા : જ્ઞાનમાર્ગે વળીને એમણે સાથે કર્મયોગની પણ સાધના કરી. ભકિત અને કર્મના મેરુસમાં મહાત્મા ગાંધીએ વિનોબાનાં ઘડતરને સાધનાને આશીર્વાદ આપ્યા. ૧૯૪૮ માં ગુરૂ જતાં, વિનોબાજીએ ગુરુનું અધૂરું કાર્ય આગળ ચલાવ્યું અને ગુરુ એ ભાખ્યા વેણ કે "તમે કોઈ મહાન સેવાના નિમિત્ત બનશો" એ સાચાં પાડ્યા.

વિનોબાજી પરમ શ્રદ્ધાભાવે કહે છે: બીજું થવાનું હોય તે થાય, મને તો આમાંથી મોક્ષ જ મળશે.- આમ "ગીતાના પુત્ર, સામ્યયોગના સાધકને ભૂદાન યજ્ઞનાં દેષ્ટા તથા પુરોહિત" રૂપે વિનોબા આપણા ભારતવર્ષને મળ્યા છે. કિશોરલાલ મશરૂવાળાએ ગાંધીજીને સંતસંસ્કૃતિ ના પ્રતિનિધિ કહ્યા હતા. વિનોબા પણ એજ સંત સંસ્કૃતિ ના પ્રતિનિધિ છે. વિનોબા સાચે જ પ્રાચીન ઋષિવરોના સાચા વારસ છે.

ISBN-978-81-977089-5-4
First Edition

## પ્રકરણ-૪ વિનોબાભાવે ના મતે કર્મયોગ સંદર્ભ માં વિચારણા

### ફળત્યાગી અનંત ફળ મેળવે છે

બીજા અધ્યાય માં સંપૂર્ણ જીવનશાસ્ત્ર નો ઉલ્લેખ કર્યો છે. ત્રીજા અધ્યાયમાં તે જ જીવનશાસ્ત્ર ને વધારે ગહન થી સમજાવ્યું છે.પાછલા અધ્યાયમાં કર્મયોગ સંબંધ માં વિવેચન કર્યું હતું.કર્મયોગ માં ફળનો ત્યાગ મહત્ત્વની વાત છે. હવે પ્રશ્ન એ છે કે કર્મયોગમાં ફળનો ત્યાગ કરવાનો ખરો પણ પછી ફળ મળે કે નહીં? ત્રીજો અધ્યાય બતાવે છે કે કર્મના ફળનો ત્યાગ કરવાથી કર્મયોગી અનંત ગણું ફળ મેળવે છે.

કર્મ કરનારાઓની વૃત્તિ બેવડી હોય છે.એમ કર્મ કરીએ તો તે કર્મના ફળ અમે ચાખ્યા વગર ના રહીએ. અમારો એ હક છે એ વૃત્તિ છે. અને એથી ઊલટી બાજુ અમને ફળ ચાખવા n મળવાના હોય તો અમે કર્મ કરવાના નથી, એ બીજી વૃત્તિ છે. ગીતા ત્રીજી એક વૃત્તિનું પ્રતિપાદન કરે છે. ગીતા કહે છે કે

"कर्मण्येवा धकारस्ते मा फलेषु कदाचन।
मां कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्म ण ।।"

"કર્મ તો કરો જ પણ ફળનો અધિકાર રાખશો નહીં."કર્મ કરનારને ફળનો હક છે પણ તમારો એ હક રાજી ખુશી થી છોડી દો. આગળ કે પાછળ, કર્મ કરતાં પહેલાં તે પાર પાડયા પછી ફળની આશા રાખો મા.એમ કહેતી વખતે કર્મ સારામાં સારું થવું જોઈએ એમ ગીતા કહે છે . સકામ પુરૂષના કર્મ કરતાં નિષ્કામ પુરૂષનું કર્મ વધારે સારું થવું જોઈએ, એ અપેક્ષા તદ્દન બરાબર છે. કેમ કે સકામ પુરૂષ ફળને વિશે આસક્તિવાળો હોવાથી ફળ બાબત ના સ્વપ્ન ચિંતનમાં તેનો થોડોઘણો વખત બગડ્યા વગર નહિ રહે અને તેની થોડી ઘણી શક્તિ વેડફાયા વગર નહીં રહે પણ ફળની ઈચ્છા વગરના પુરૂષની એકએક ક્ષણ અને બધી શક્તિ કર્મ પાર પાડવામાં વપરાશે . નિષ્કામ કર્તાને સતત સેવા કર્મ વગર બીજી ફિકર હોતી નથી. ગીતા માણસની નજર કર્મ ફળ પરથી હટાવી લેવા કહે છે ત્યારે એ તરકીબથી તેની કર્મ સાથેની તન્મયતા સેંકડો ગણી વધારી આપે છે. ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરનારા પુરુષની પોતાના કામ સાથેની તન્મયતા સમાધિના દરજ્જાની હોય છે. આ રીતે જોતાં નિષ્કામ કર્મ એ જ મોટું ફળ છે.

વિનોબા અહીં લક્ષ્મીનું ઉદાહરણ આપે છે. તેનો સ્વયંવર રચાયો. બધા દેવો અને દાનવો તેને વરવાની આશાએ આવીને એકઠા મળ્યા હતા. લક્ષ્મીએ પસંદગીની શરત જાહેર કરી નહોતી . સભામંડપમાં આવીને તેણે કહ્યું જેને મારી ઈચ્છા નહિ હોય તેને હું વરમાળા પહેરાવવાની છું.' પેલા તો બધા તેને મેળવવાની લાલચનાં માર્યા આવેલા, પછી લક્ષ્મી ઈચ્છા વગરનો પર શોધતી શોધતી નીકળી. શેષનાગ પર શાંત સૂતેલી ભગવાન વિષ્ણુની મુર્તિ તેણે જોઇ. વિષ્ણુના ગળામાં વરમાળા પહેરાવી હજી અત્યાર સુધી તે તેના ચરણ ચાંપતી બેઠી છે. 'न मागे त्याची रमा होय दासी'

ન માંગે તેની રમા થાય દાસી , એ જ તો ખરી ખૂબી છે

સામાન્ય માણસ પોતાના ફળની અજુબાજુ વાડ કરે છે. પોતાને મળે એવું અનંત ફળ તે એ રીતે ગુમાવી બેસે છે. સંસારી માણસ પાર વગરનું કર્મ કરી તેમાંથી નજીવું ફળ પામે છે, અને કર્મયોગી થોડું

ISBN-978-81-977089-5-4
First Edition

સરખું કરીને અનંતગણું મેળવે છે. આ ફેર માત્ર ભાવના ના લીધે પડે છે. ટોલ્સ્ટોયે એક ઠેકાણે લખ્યું છે કે "લોકો ઈશુ ખ્રિસ્તના ત્યાગની સ્તુતિ કરે છે, પણ આ વિચાર સંસારી જીવો રોજ કેટલું લોહી સૂકવે ;અને કેટલી માથાફોડ કરી મહેનતમજુરી કરે છે ! ખાસો બે ગધેડાંનો ભાર પીઠ પર લઈ હાંફળાફાફળા ફરનારા આ સંસારી જીવોને ઈશુના કરતાં કેટલાં વધારે કષ્ટ વેઠવાં પડે છે અને તેના કરતાં તેમના કેટલાયે વધારે હાલહવાલ થાય છે ! ઈશ્વરને માટે એ લોકો એનાથી અડધા ભાગની મહેનત કરે અને અડધા જ ભાગના હાલહવાલ વેઠે તો ઈશુના કરતાંયે મોટા બન્યા વગર ન રહે."

સંસારી માણસની તપસ્યા મોટી હોય છે. પણ તે ક્ષુદ્રફળને સારુ હોય છે. જેવી વાસના તેવું ફળ આપણી ચીજની આપણે કિંમત કરીએ તેનાથી વધારે કિંમત જગતમાં થતી નથી. સુદામા ભગવાનની પાસે તાંદુળ લઈને ગયા. એ મૂઠીભર તાંદૂળના પૌઆની કિંમત પૂરી એક પાઇ પણ નહીં હોય. પણ સુદામાને મને તે અમોલ હતા. તે પૌઆમાં ભક્તિભાવ હતો. તે પૌઆના કણેકણમાં ભાવના ભરેલી હતી. ચીજ ગમે તેટલી નાની કે નજીવી હોય છતાં મંત્રથી તેની કિંમત તેમ જ તેનું સામર્થ્ય વધે છે. ચલણની નોટનું વજન નહીં થાય, પણ એ નોટ પર છાપ હોય છે. એ છાપથી તેની કિંમત થાય છે.

કર્મયોગમાં આજ મુખ્ય ખૂબી છે. કર્મનું ચલણની નોટના જેવું છે. કર્મના કાગળિયાની કે પતાકડાની કિંમત નથી, ભાવનાની છાપની કિંમત થાય છે. આ એક રીતે હું મૂર્તિપૂજાનો મર્મ સમજાવું છું. મૂર્તિપૂજાની મૂળ કલ્પનામાં પાર વગરનું સૌંદર્ય છે. આ મૂર્તિને કોણ ભાંગી શકશે? મૂર્તિ પહેલાં એક પથ્થરનો ટુકડો નહોતી કે? મે તેમાં મારો પ્રાણ રેડયો, મારી ભાવના રેડી. એ ભાવનાને ભાંગીને શું તેના ટુકડા થાય ખરા કે ? ટુકડા પથ્થરના થાય, ભાવનાના નથી થતા. મૂર્તિમાંથી હું મારી ભાવના પાછી ખેંચી લઉં એટલે ત્યાં પથરો બાકી રહી જશે અને પછી તેના ટુકડેટુકડા ઊડી જશે.

કર્મ પથ્થર, પતાકડું, કાગળનો કકડો છે. માએ પત્તા પર વાંકચૂકી ચાર લીટી લખી મોકલી હોય અને બીજા કોઈકે પચાસ પાનાં ભરીને ઘણું સટરપટર લખી મોટું પાકીટ મોકલ્યું હોય તો તે બેમાંથી વધારે વજન શાનું ? માની એ ચાર લીટીમાં જે ભાવ છે, પવિત્ર છે. પેલા બીજા પસ્તી જેવા કાગળમાં એના જેટલી લાયકાત કયાંથી ? કર્મમાં ભીનાશ જોઈએ. આપણે મજૂરે કરેલા કામની કિંમત ઠરાવી તેને કહીએ છીએ કે આ તારા મજૂરીના પૈસા થયા તે લઈ જા, પણ દક્ષિણા એમ નથી આપતા. દક્ષિણાનું નાણું પલાળીને આપવું પડે છે. દક્ષિણા કેટલી આપી એવા સવાલ હોતો નથી. દક્ષિણામાં ભાવનાની ભીનાશ છે કે નહીં એ વાતને મહત્વ છે. મનુ સ્મૃતિમાં મોટી ખૂબી કરી છે. બાર વરસ ગુરુને ઘરે રહી શિષ્ય જાનવરમાંથી માણસ બન્યો. હવે તેણે ગુરુને આપવું શું ? પહેલાંના વખતમાં ભણાવવાને આગળ થી ફી લેવાતી ન હોતી. બાર વર્ષ ભણી રહ્યા પછી જે આપવા જેવું લાગે તે આપવાનો રિવાજ હતો. મનુ કહે છે. 'ગુરુને એકાદ ફૂલ, એકાદ પંખો, એકાદ પાવડીની જોડ, એકાદ પાણીનો ભરેલ કળશ આપજે.' આ કઈ મજાક નથી. જે કઈ આપવાનું હોય તે શ્રદ્ધાની નિશાની દાખલ આપવાનું છે. ફળમાં વજન નથી. પણ તેમાં રહેલી ભક્તિનું આખા બ્રહ્માણ્ડ જેટલું વજન હોય છે.

'रु कमणीनें एकया तुलसीदलानें गरिधर प्रभु तु लला।

રૂખમણી એ એક તુલસીદળથી ગિરધરને તોળ્યા. સત્યભામાના ખાંડી વજનના દરદાગીનાથી એ કામ ન થયું પણ ભાવભક્તિથી ભરેલું એક તુલસીપત્ર રૂખમણીમાતા એ પલ્લામાં મૂકતા વેંત કામ પાર પાડયું. એ તુલસીપત્ર મંતરેલું હતું. તે સાદું તુલસીના છોડનું પાંદડું રહ્યું નહોતું. કર્મયોગીના કર્મનું પણ એવું છે.

ધારો કે બે જણ ગંગામાં સ્નાન કરવાને જાય છે. તેમાંનો એક કહે છે, "અરે, આ ગંગા ગંગા કરો છો, પણ તે છે શું ? બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓકિસજન, એ પ્રમાણમાં બે વાયુ એકઠા કરો કે થઈ ગંગા !" બીજો કહે છે, "ભગવાન વિષ્ણુના ચરણકમળમાંથી એ નીકળી, શંકરની જટામાં અટવાઈ પડી, હજારો બ્રહ્મર્ષિ અને હજારો રાજર્ષિઓએ એને કાંઠે તપ કર્યો, અને પાર વગરનાં પુણ્યનાં કામો એને કાંઠે થયાં આવી આ પવિત્ર ગંગામા છે." આવી ભાવનાથી પલળીને તે સ્નાન કરે છે. પેલી ઑકિસજન – હાઈડ્રોજનવાળા પણ સ્નાન કરે છે. દેહશુદ્ધિનુ ફળ બન્ને ને મળ્યા વગર ન રહ્યું. પણ પેલા ભકતને દેહ શુદ્ધિની સાથે સાથે ચિત્તશુદ્ધિ નું ફળ પણ મળ્યું. ગંગામાં બળદને પણ દેહશુદ્ધિ કયાં નથી મળતી ? શરીરનો મળ ધોવાશે પણ મનનો મળ કયાંથી ધોવાશે ? એકને દેહશુદ્ધિનું નજીવું ફળ મળ્યું. બીજાને તે ઉપરાંત ચિત્તશુદ્ધિનું અમોલ ફળ મળ્યું.

સ્નાન પછી સૂર્યને નમસ્કાર કરનારને વ્યાયામનું ફળ મળ્યા વગર નહીં રહે. પણ સુર્યનમસ્કાર કરનારો શરીરના આરોગ્યને માટે નહીં પણ ઉપાસનાના હેતુથી નમસ્કાર કરે છે, એટલે એનાથી શરીરને તંદુરસ્તી તો મળે જ છે પણ સાથે તેની બુદ્ધિની પ્રભા પાંગરે છે. શરીરની તંદુરસ્તીની સાથે એને સૂર્ય પાસેથી સ્ફૂર્તિને પ્રતિભા પણ પ્રાપ્ત થશે.

કર્મ એકનું એક હોવા છતાં ભાવના ના ભેદને લીધે ફેર પડે છે. પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારું નીવડે છે. સંસારી જીવનું કર્યું આત્માને બાંધનારું નીવડે છે. કર્મયોગી ખેડૂત સ્વધર્મ સમજીને ખેતી કરશે. તેથી તેને પેટને માટે અનાજ મળશે. પણ ખાલી પેટ ભરવાને તે ખેતીનું કર્મ નથી કરતો. ખેતી કરી શકાય તે માટે ખાવાની વાતને તે એક સાધન ગણશે. સ્વધર્મ તેનું સાધ્ય ને ખોરાક એ તેનું સાધન છે. પણ બીજો ખેડૂતની બાબતમાં પેટ ભરવાને અનાજ મળે એ સાધ્ય અને ખેતીનો સ્વધર્મ સાધન બને છે. આમ બંનેની બાબતમાં વાત ઊલટાસલટી થઈ જાય છે.

બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં આ વાત મજાની રીતે કહી છે. બીજા લોકો જાગે છે ત્યારે કર્મયોગી ઊંઘે છે. બીજા જ્યારે ઊંઘે છે ત્યારે કર્મયોગી જાગતો રહે છે. આપણે પેટને સારું કંઈ મળશે કે નહી એ વાતની ફિકરમાં જાગતા રહીશું; કર્મયોગી કર્મ વગરની એક ક્ષણ પણ ફોગટની તો ગઈ નથી ને એ વાતની ફિકરથી જાગતો રહેશે. બીજો ઈલાજ નથી માટે તે ખાય છે. આ માટલામાં કંઈક તો રેડવું જોઇએ માટે તે રેડે છે. સંસારી જીવને જમતી વખતે આનંદ થાય છે, યોગી પુરુષને જમતાં કષ્ટ થાય છે. એથી એ સ્વાદ કરતો કરતો નહીં ખાય. સંયમ રાખશે. એકની રાત ને બીજાનો દિવસ હોય છે. એટલે

ISBN-978-81-977089-5-4
First Edition

એકનો જે આનંદ તે બીજાનું દુ:ખ અને એકનું દુ:ખ તે બીજાનો આનંદ હોય છે, એવો આનો અર્થ છે.સંસારી અને કર્મયોગી બંનેનાં કર્મ તેનાં તે હોય છે. પણ કર્મયોગી ફળ પરની આસકિત છોડી દઈ માત્ર કર્મમાં મશગૂલ રહે છે. એ વાત મુખ્ય છે. યોગી સંસારી માણસની માફક જ ખાશે , ઊંઘશે, પણ તે બાબતમાં તેની ભાવના જુદી હશે. આટલા ખાતર હજી આગળ આખા સોળ અધ્યાય આવતા હોવા છતાં પહેલેથી સ્થિતપ્રજ્ઞની સંયમમૂર્તિ ઊભી કરી રાખી છે.

સંસારી પુરૂષ અને કર્મયોગી બંનેના કર્મમાં રહેલું સરખાપણું અને તેમની વચ્ચે રહેલો ફેર તરત જ ચોખ્ખો દેખાઈ આવે છે. ધારો કે કર્મયોગી ગોરક્ષાનું કામ કરે છે. એ કામ તે કઈ ઈષ્ટિથી કરશે ? ગાયની સેવા કરવાથી સમાજને જોઈએ તેટલું દૂધ પૂરું પાડી શકાશે, ગાય ને બહાને કેમ ન હોય પણ માણસથી નીચેની આખીયે પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકશે એથી ભાવનાથી તે ગોરક્ષાનું કામ કરશે; એમાંથી પગાર મેળવવાના આશ્રયથી નહીં કરે. કર્મયોગી ગોસેવકને પણ પગાર તો મળશે, પણ આનંદ આ દિવ્ય ભાવનાનો છે.

કર્મયોગીનું કર્મ તેને આખાયે વિશ્વની સાથે સમરસ કરે છે. તુલસીના છોડને પાણી પાયા વગર જમવું નહી, એ નિયમમાં વનસ્પતિ- સૃષ્ટિ સાથે જોડાયેલો પ્રેમનો સંબંધ છે. ગાય સાથે એકરૂપતા, વૃક્ષ - વનસ્પતિ સાથે એકરૂપતા અને એમ કરતાં કરતાં આખા વિશ્વ સાથે એકરૂપતાનો અનુભવ લેવાનો છે. મહાભારતની લડાઈમાં સાંજ પડતાંવેત બધા લડનારા સંધ્યા વગેરે કર્મ આટોપવાને જતા. પણ ભગવાન શ્રીકૃષ્ણ રથના ઘોડા છોડી તેમને પાણી પાવાને લઈ જતા, તેમને ખરેરો કરતા, તેમના શરીરમાંના કાંટા વીણી કાઢતા. આ સેવામાં ભગવાનને શો આનંદ આવતો ! કવિ એ વર્ણન કરતાં થાકતા નથી. પોતાના પીતાંબરમાં ચંદી લઈ જઈ ઘોડાને આપનારા તે પાર્થસારથિની મૂર્તિ નજર સામે લાવો અને કર્મયોગમાં રહેલા આનંદનો ખ્યાલ સમજી લો. હરેકેદરેક કર્મ જાણે કે એક એકથી ચડિયાતું આધ્યાત્મિક કર્મ છે.

## કર્મયોગનાં વિવિધ પ્રયોજનો

નિષ્કામ કર્મયોગમાં અદ્દભુત સામર્થ્ય છે. તે કર્મ વડે વ્યક્તિનું તેમ જ સમાજનું પરમ કલ્યાણ થાય છે. સ્વધર્મ આચરનારા કર્મયોગીની શરીરયાત્રા ચાલ્યા વગર રહેતી નથી, પણ હંમેશ ઉદ્યોગમાં મંડપો રહેતો હોવાથી તેનું શરીર નીરોગી તેમ જ ચોખ્ખું પણ રહે છે. વળી પોતાના એ કર્મને પરિણામે જે સમાજમાં તે રહે છે તે સમાજનું ભરણપોષણ પણ બરાબર થાય તેટલા ખાતર અફીણ અને તમાકુ ની ખેતી નહીં કરે. પોતાની ખેતીના કર્મનો સંબંધ સમાજના કલ્યાણની સાથે છે, એવી તેની ભાવના હોય છે.

સ્વધર્મરૂપ કર્મ સમાજના કલ્યાણનું હશે. મારું વેપારનું કર્મ જનતાના હિતને માટે છે, એવું સમજનારો વેપારી પરદેશી કાપડ નહી વેચે. તેનો વેપાર સમાજને ઉપકારક હશે .પોતાની જાત વીસરી જઈ પોતાની આસપાસના સમાજ સાથે સમરસ થનારા આવા કર્મયોગી જે સમાજમાં નીપજે છે તે સામજમાં સુવ્યવસ્થા, સમૃદ્ધિ તેમજ મનની શાંતિ પ્રવર્તે છે.

ISBN-978-81-977089-5-4
First Edition

કર્મયોગીના કર્મને લીધે તેની શરીરયાત્રા ચાલે છે, સાથે દેહ જ બુદ્ધિ સતેજ રહે છે અને સમાજનું પણ કલ્યાણ થાય છે. આ બન્ને ફળ ઉપરાંત ચિત્તશુદ્ધિનું મોટું ફળ પણ તેને મળે છે. –કર્મળા શુદ્ધિઃ" કર્મથી શુદ્ધિ એમ કહ્યું છે. કર્મ ચિત્તશુદ્ધિનું સાધન છે. પણ બધા લોકો કરે છે તે એ કર્મ નથી કર્મયોગી ભાવનાનાં મંત્રથી મંતરેલું કર્મ છે. તેનાથી ચિત્તશુદ્ધિનું ફળ મળે છે મહાભારતમાં તુલાધાર વૈશ્યની કથા છે. જાજાલિ નામનો એક બ્રાહ્મણ તુલાધાર પાસે જ્ઞાન લેવાને જાય છે. તુલાધર તેને કહે છે "ભાઈ, આ ત્રાજવાની દાંડી સીધી રાખવી પડે છે." એ બહારનું કર્મ કરતાં કરતાં તુલાધારનું મન પણ સરળ , સીધું બન્યું . નાનું છોકરું દુકાને આવે કે મોટું માણસ આવે પણ દાંડીનું રૂપ તેનું તે , નહીં નીચી , નહીં ઊંચી. ઉદ્યોગની મન પર અસર થાય છે. તેમાંથી તેની ચિત્તશુદ્ધિ થાય છે. અને પછી નિર્મળ ચિત્તમાં જ્ઞાનનું પ્રતિબિંબ ઊઠે છે. પોતપોતાના જે તે કર્મમાંથી કર્મયોગી છેવટે જ્ઞાન મેળવે છે. ત્રાજવાની દાંડીમાથી તુલાધાર ને સમવૃતિ જડી . સેના નવી હજામત કરતો , બીજા લોકોનાં માથામાંના મેલ ઉતારતાં સેનાને જ્ઞાન થયું . બીજાના માયા પરનો મેલ હું કાઢું છું પણ મારા માથામાંનો, મારી બુદ્ધિમાંનો મેલ મેં કાઢયો છે ખરો ?' એવી આધ્યાત્મિક ભાષા તેના મનમાં તે કર્મ કરતાં કરતાં સ્ફુરવા લાગી. ખેતરમાં વધી પડેલું નીંદણ કાઢતાં કાઢતાં હૃદયમાં પેદા થનારું વાસના તેમ જ વિકારનું નીંદણ કાઢવાની કર્મયોગીને બુદ્ધિ ઊગે છે. માટી ગૂંદી ગૂંદીને ગાર બનાવી સમાજને પાકાં માટલાં પૂરા પાડનારા ગારા કુંભાર પોતાના જીવનનું પણ પાકુ વાસણ કરવું જોઈએ એવી મનમાં ગાંઠ વાળે છે. હાથમાં ટીપણી રાખી, "માટલા કાચાં કે પાકાં " એવી સંતોની પરીક્ષા કરનારો તે પરીક્ષક બને છે. જે તે કર્મયોગીને પોતાના જે તે ધંધાની ભાષામાંથી ભવ્ય જ્ઞાન મળ્યું છે. એ કર્મો તેમની અધ્યાત્મની નિશાળો હતી . એ તેમના કર્મો ઉપાસનામય સેવાવાળાં હતાં. દેખાવમાં વહેવારનાં છતાં અંતરમાં તે કર્મો આધ્યાત્મિક હતાં.

કર્મયોગીના કર્મમાંથી તેને બીજું એક ઉત્તમ ફળ મળે છે. એ ફળ કતે તેના કર્મ વડે સમાજને જે આદર્શ મળે છે તે. સમાજમાં પહેલા જન્મનારા અને પછી જન્મનારા એવો ફેર છે જ. એમાંથી આગળ જન્મેલા લોકો એ પાછળ જન્મનારાઓને ઘડો બેસાડવાનો હોય છે. મોટાભાઈએ નાનાભાઈને, માબાપે છોકરાને, આગેવાનોએ અનુયાયીઓને અને ગુરુએ શિષ્યને પોતપોતાની કૃતિથી દાખલો બેસાડવાનો હોય છે. આવા દાખલા કર્મયોગી વગર બીજો કોણ બેસાડી શકે?

"કર્મયોગી કર્મમાં જ આનંદ માનનારો હોવાથી હંમેશા કર્મ કરતો એ છે. એથી સમાજમાં દંભ ફેલાતો નથી. કર્મયોગી સ્વયંતૃપ્ત એટલે કે પોતાની જાતથી જ સતોષ મેળવનારો હોવા છતાં કર્મ કર્યા વગર રહેતો નથી. તુકારામ કહે છે, 'ભજન કરવાથી ઈશ્વર મળ્યો , માટે શું મારે ભજન છોડી દેવું ? ભજન હવે , મારો સહજ ધર્મ થયો.'

आधी होता संतसंग । तुका जाला पांडुरंग
त्याचेन भजन राहीना । मूक स्वभाव जाईना

ISBN-978-81-977089-5-4
First Edition

પહેલાં સત્સંગ થયો તેથી તુકો પાંડુરંગ બન્યો. પણ તેનું ભજન અટકતું નથી કેમકે તેનો મૂળ સ્વભાવ કયાં જાય ? કર્મની નિસરણી વડે ઠેઠ ટોચે પહોંચ્યા છતાં કર્મયોગી તે નિસરણી છોડી દેતો નથી. તેનાથી તે છોડી શકાતી નથી. તેની ઇન્દ્રિયોને તે કર્મનું કુદરતી વળણ બેસી ગયેલું હોય છે. અને એ રીતે સ્વધર્મકર્મરૂપી સેવાની નિસરણીનું મહત્વ તે સમાજને બતાવતો એ છે."

સમાજમાંથી દંભ નાબૂદ કરવાની વાત બહુ મોટી છે. દંભથી સમાજ ડુબી જાય છે. જ્ઞાની કઈ પણ કર્મ કર્યા વગર બેસી રહે તો તેનું જોઈને બીજા પણ તેવું કરવા માંડે . જ્ઞાની નિત્યતૃપ્ત હોવાથી અંતરમાં સુખથી ને આનંદથી મસ્ત રહી કંઈ પણ કર્યા વગર શાંત રહી શકશે, પણ બીજો મનમાં રડતો કર્મશૂન્ય બનશે. એક અંતસ્તૃપ્ત હોઈને શાંત છે. બીજો મનમાં બળતો, અકળાતો લેવા છતાં શાંત છે. એની આ દશા ભયાનક છે. એથી દંભ જોરાવર થાય. છે. એથી બધા સંતો સાધનાને શિખરે પહોંચ્યા પછી પણ સાધનાને ચીવટથી વળગી રહ્યા અને મરણ સુધી સ્વકર્મ આચરતા રહ્યા. કર્મયોગી તૃપ્ત થઈ કર્મ છોડી દે, તો બીજો અતૃપ્ત રહ્યા હોવા છતાં કર્મ છોડી બેસશે અને છતાં મનમાં ભૂખ્યા રહી આનંદ વગરના થઈ જશે.

તેથી કર્મયોગી સામન્ય માણસની માફક કર્મ કરવાનું ચાલું રાખે છે. હું કઇંક ખાસ છું એવું તે પોતાની બાબતમાં માનતો નથી. બીજાના કરતાં બહારથી તે હજારગણી વધારે મહેનત કરે છે. અમુક એક કર્મ પારમાર્થિક છે. એવી તેના પર છાપ મારેલી હોતી નથી. કર્મની જાહેરાત કરવાની પણ હોતી નથી. તું સારામાં સારો બ્રહ્મચારી હોય તો બીજા લોકોના કરતાં તારા કર્મમાં સો ગણો ઉત્સાહ જણાવા દે . ઓછું ખાવાનું મળે તાથે ત્રણગણું કામ તારે લય થવા દે. તારે હાથે સમાજની વધારે સેવા થયા દે. તારું બહ્મચર્ય તાસ આચરણમાં પ્રગટ થવા કે. ચંદનની મુયામ આપમેળે બાર ફેલાવા દે.

ટૂંકમાં કર્મયોગી ફળની ઈચ્છા છોડવા છતાં, આવાં પાર વગરનાં ફળો મેળવશે. તેની શરીરયાત્રા ચાલશે. શરીર અને બુદ્ધિ બંને સતેજ રહેશે, જેમાં રહી તે પોતાનો વ્યવહાર ચલાવે છે તે સમાજ સુખી થશે, તેનું ચિત્ત શુદ્ધ થવાથી તે જ્ઞાન મેળવશે અને સમાજમાંથી દંભ નાબૂદ થઈ જીવનનો પવિત્ર આદર્શ ખુલ્લો થશે. કર્મયોગનો આવો મોટો અનુભવસિદ્ધ મહિમા છે.

### કર્મયોગ - વ્રતમાં અંતરાય

કર્મયોગી પોતાનું કર્મ બીજાઓના કરતાં વધારે સારી રીતે કરશે. તેને સારું કર્મ ઉપાસના છે, કર્મ પૂજા છે, દેવની પુજાકરી. તે પૂજાનો નૈવેદ્ય મેં પ્રસાદ તરીકે લીધો. પણ એ નૈવેદ્ય તે પૂજાનું ફળ છે કે ? નૈવેદ્ય પર નજર રાખી પૂજા કરનારને પ્રસાદનો ટુકડો તાબડતોબ મળશે એમાં શક નથી. પણ કર્મયોગી પોતાના પૂજાકર્મ વડે પરમેશ્વર દર્શનનું ફળ મેળવવા માગે છે. ખાવાને મળનારા નૈવેદ્ય જેટલી નજીવી કિંમત તે પોતાના કર્મની કરતો નથી, પોતાના કર્મની કિંમત ઓછી આંકવા તે તૈયાર નથી. સ્થળ માયાથી તે પોતાના કર્મને માપતો નથી. જેની દ્રષ્ટિ સ્થૂળ તેને સ્થૂળ ફળ મળશે. ખેતીવાડીની એક કહેવત છે. "खोली पेर पण ओली पेर ઊંડું ઓર પણ ભીનામાં ઓર. એકલું ઊંડું ખેડયે કામ નહી થાય. નીચે

ISBN-978-81-977089-5-4
First Edition

જમીનમાં ભેજ પણ જોઈશે. ઊંડી ખેડ ને જમીનમાં ભેજ, બંને હશે તો અનાજના કણાસલાં કાંડાં જેવાં માતબર થશે. કર્મ ઊંડું એટલે કે સારામાં સારું કરવું જોઈએ. વધારામાં તેમાં ઈશ્વરભક્તિની, ઈશ્વરાપર્ણતા ની ભાવનાની ભીનાશ પણ જોઇએ. કર્મયોગી ઊંડાણથી કર્મ કરી તે ઇશ્વરને અર્પણ કરે છે.

આપણા લોકોમાં પરમાર્થના ગાંડા ઘેલા ખ્યાલો પેદા થયા છે. જે પરમાર્થી હોય તેણે હાથપગ હલાવવાના હોય નહીં. કામકાજ કરવાનું નહીં, એવું લોકો માને છે. જે ખેતી કરે છે, ખાદી વણે છે તે કયાંનો પરમાર્થી, એવું પુછાય છે. પણ જે જમે છે તે કયાંનો પરમાર્થી, એવો સવાલ કોઈ કદી પૂછતું નથી ! કર્મયોગીનો પરમેશ્વર તો ઘોડાને ખરેરો કરતો ઊભો છે; રાજસૂર્ય યજ્ઞ પ્રસંગે તે હાથમાં છાણા લઈ અઠવાડ કાઢે છે ; વનમાં ગાયો ચરાવા જાય છે ; દ્વારકાનો રાજા ફરીકોઈ વાર ગોકુળ જતો ત્યારે મોરલી વગાડીને ગાયો ચારતો. આ ઘોડાની ચાકરી કરવાવાળો, ગાયો ચારવાવાળો, રથ હાંકવાવાળો, છાંણા થાપનારો કર્મયોગી પરમેશ્વર, સંતોએ ઊભો કર્યો છે. અને સંતો પણ કોઈ દરજીકામ તો કોઈ કુંભારકામ, કોઈ કાપડ વણવાનું કામ. તો કોઈ વાણિયાનું કામ, કોઈ હજામનું કામ તો કોઈ મરેલાં ઢોર ખેંચી જવાનું કામ કરતાં મુક્ત થઈ ગયા છે.

આવા આ કર્મયોગના દિવ્યવ્રતમાંથી બે કારણે માણસ ચળી જાય છે. ઈન્દ્રિયોનો ખાસ સ્વભાવ આપણે ધ્યાનમાં રાખવાં જોઇએ. 'અમુક જોઇએ ને અમુક નહીં' એવા દ્વંદ્વમાં ઇન્દ્રિયો વીટળાયેલી હોય છે. જે જોઇએ તેના પર રાગ એટલે કે પ્રીતિ અને જે ન જોઇએ તેના પર દ્વેષ પેદા થાય છે. આવા આ રાગદ્વેષ અને કામક્રોધ માણસને ફાડો ખાય છે. કર્મયોગ કેટલો સુંદર, કેટલો રમણીય ને કેવો અનંત ફળ આપનારો છે ! પણ આ કામક્રોધ "આ લે ને પેલું ફેકી દે" એવી લપ વળગાવીને કાયમ આપણી પાછળ પડયા છે. એમની સંગત છોડો એવી જોખમની ચેતવણી આપતી સૂચના આ અધ્યાયના અંતમાં ભગવાન આપે છે. સ્થિતપ્રજ્ઞ જેવો સંયમની મૂર્તિ છે તેવા જ કર્મયોગી પુરૂષ થવું જોઇએ.

ISBN-978-81-977089-5-4
First Edition

## પ્રકરણ-પ ભગવદ્ગીતાના કર્મયોગનું જીવનમાં મહત્વ

"જીવનમાં મોહ અને કસોટીના પ્રસંગોએ અચૂક માર્ગદર્શન કરી શકે તેવા શાસ્ત્રગ્રંથની જરૂર મને મારા બાળપણમાં જણાઈ. મેં ક્યાંક વાંચ્યું હતું કે ગીતાના માત્ર સાતસો શ્લોકોમાં સર્વ શાસ્ત્રો તેમજ ઉપનિષદોનો સાર ગ્રંથિત કરવામાં આવ્યો છે. ગીતા વાંચતા આવડે એટલે હું સંસ્કૃત શીખ્યો. આજે ગીતા મારું બાઈબલ કે કુરાન જ નહિ , એ કરતાં યે અધિક સાક્ષાત મારી માતા બની રહેલ છે. અનેક ગીતાપ્રેમીઓના ઉદગારોમાં વારંવાર પ્રદર્શિત થયું છે કે ગીતા માત્ર મોક્ષ મેળવવા માટેનો ગ્રંથ નથી. તેનો મુખ્ય નાતો જીવનની પોતાની સાથે છે. જીવનમાં માણસ અનેકવાર મોટી વિટંબણાઓમાં, ન ઉકેલી શકાય તેવી આંટીઘૂટીઓમાં ફસાઈ જાય તેવો સંભવ છે; અને માણસ મુંઝાઈ જાય, તેને દિશાસૂઝ ન રહે તેથી પરિસ્થિતિઓ ઊભી થાય છે. આ બધી વખતે ગીતા માણસના મન ઉપર એવો ચમત્કાર કરી નાખે છે કે તેની દ્રષ્ટિ સાફ થઈ જાય છે, જીવનની બધી જ આંટીઘૂટીઓ એક સુરેખ કલાકૃતિનું સ્વરૂપ ધારણ કરે છે. અને માણસ જરાય વ્યગ્રતા અનુભવ્યા વગર જીવનની બધી જ સંકુલતામાં વ્યવહારી શકે છે. આવો અનુભવ અનેક જીવનપથિકો ને ગીતામાં કરેલા અવગાહન થી મળ્યો છે.

જીવન એવું અટપટું છે કે કોઈ એક ચાવી બધા સમય દરમિયાન બધા માણસોને માટે જીવનના રહસ્યને ઉઘાડી શકતી નથી. ક્રોધ કરવાથી જીવનમાં સફળ બનાશે તેવું સદૈવ સાચું નથી. ક્રોધ ન કરવો એ ધર્મ હોઈ શકે તો કયારેક ક્રોધ કરવો તે પણ ધર્મ હોઈ શકે. ક્યા વખતે શું કરવું તે નક્કી કરવું હમેશાં સહેલું હોતું નથી.

જીવન અત્યંત સંકુલ છે અને વિરોધોની વચ્ચે જ પ્રવર્તે છે. જીવનમાં માત્ર વિરોધી પ્રકૃતિવાળા કે વિરોધ સંસ્કારોવાળા સ્વાર્થલોલુપ માણસોમાં જ આપસઆપસમાં સંઘર્ષ હોય તેમ નથી. પરંતુ સૂક્ષ્મતાથી જોઇશું તો જણાશે કે જીવનનું સમગ્ર સ્વરૂપ જ વિરોધી તત્વોનું બનેલું છે. અહીં માણસો સાથે રહે છે, છતાં તેમની ગતિઓ જૂદી જુદી અને ઘણીવાર પરસ્પર વિરોધી હોય. અહીં જીવન અને મૃત્યુ, જડ અને ચેતન, સ્થિતિ અને ગતિ, સંયોગ- વિયોગ પ્રકાશ અને અંધકાર એકસાથે પ્રવૃત્તિ કરે છે. તેમાંનું એક પણ બીજા વિરોધી તત્વ વગર સંભવી શકતું જ નથી. જીવન જીવનાર કોઈ પણ માણસ મૃત્યુથી મુક્ત નથી. વસ્તુતઃ તો જ્યારે તે જીવી રહ્યો છે. ત્યારે જ તે મરી રહ્યો છે એમ પણ કહી શકાય. આમ છતાં તે એકને નકારે અને બીજાને સ્વીકારે તો બંને નકારાઈ જતાં હોય છે. મૃત્યુની કલ્પના વગર જીવન જ બનતું નથ, તો મૃત્યુ પણ જીવિતને જ હોય છે. આ જ પ્રમાણે જડ અને ચેતન તદ્દન વિરોધી હોવા છતાં બંનેને પરસ્પરથી જુદા પાડી શકતા નથી. તેવી જ રીતે કોઈ પણ સ્થિતિ ગતિ વગરની હોતી જ નથી, તો કોઈ પણ ગતિ સ્થિતિ વગર સંભવતી નથી.

ગીતાના કર્મયોગની આખી મીમાંસાનો પાયો યજ્ઞની ભાવના ઉપર રચાયેલો છે. એ યજ્ઞભાવનામાં ઈશ્વર, જગત અને કર્મના સનાતન સંબંધનું સત્ય પણ આવી જાય છે. જીવનનું સનાતન સત્ય અનેક શાખાવાળું છે; પરંતુ માનવનું મન, સામન્ય રીતે, એ સત્ય વિષેના ભાગ્યાતૂટ્યા વિચારોને અને એના

વિષેના દ્રષ્ટિબિંદુઓને જ ગ્રહણ કરી શકે છે; અને એમના ઉપર જીવનના, નીતિના અને ધર્મોના પોતાના જુદા જુદા વાદો ઊભા કરે છે. એ ખંડ સત્યનાં અમુક લક્ષણ કે અમુક સ્વરૂપના ઉપર પોતે ઝોક આપે છે. પણ જ્યારે માનવના આત્મજ્ઞાન અને ઈશ્વરજ્ઞાન સાથે એના જગતના જ્ઞાનનો સંપૂર્ણતાવાળો સમન્વયકારી એવો વિશાળ જાગૃતિનો યુગ આવે છે, ત્યારે એ વસ્તુઓની કાંઇ નિર્પેક્ષતા પ્રાપ્ત કરવાની વૃતિ હમેશા ફરીફરીને માનવમાં પ્રગટે જ છે. આપણું પ્રથમ કાર્ય, અને આપણી આગ્રહભરી આધ્યાત્મિક જરૂર એ છે કે બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરીને આપણે સંપૂર્ણ શાંતિ અને સમતા પ્રાપ્ત કરવાં જોઈએ. અત્યાર સુધી શ્રીકૃષ્ણ બોલે છે તે પુરુષોત્તમ સ્વરૂપે નહી પણ પોતાને વિષે – સ્વવાચક –"હું ,કૃષ્ણ ,નારાયણ અવતાર" એટલે કે માનવમાં રહેલ પ્રભુ જે વિશ્વનો પણ સ્વામી છે, અને જે કુરુક્ષેત્રના રથના દિવ્ય સારથિ રૂપે અહીં હાજર છે તેનો જ શબ્દો વડે ઉલ્લેખ કરે છે. आत्मनि अयो मयि[1] સર્વ –અશેષ –ભૂતોને એ "આત્માની અંદર અને ત્યાર પછી "મારી અંદર'' ' તું જોશે ' એવું સૂત્ર શ્રીકૃષ્ણ અહીં ઉચ્ચારે છે. એ સૂત્રનો ભાવાર્થ એ છે કે પોતાની વ્યક્તિતાને માનવે આવિર્ભાવ પામેલી વસ્તુ તરીકે સ્વયંભૂ અક્ષર બ્રહ્મમાં જોઇને પોતાની વ્યક્તિતાને વટાવી જવાની છે. પરંતુ એ અનુભૂતિ સર્વ પ્રકારના વ્યક્તિત્વથી પર એવી પુરુષોત્તમની પરાત્પર વ્યક્તિતાના પરમ રહસ્યને પોહંચવાનું એક સાધન છે. આપણા અધોગામી વ્યકિતત્વને પોતાપણાથી મુક્ત એવા અક્ષરમાં લય પમાડીને છેવટે તો આપણે એ પરમ પુરુષ સાથે અદ્વૈત પામીએ છીએ. એવી એ દિવ્ય વ્યક્તિતા અતડી, જુદી અને અહંપ્રધાન નથી, છતાં સર્વ વ્યક્તિતાને તે પોતાનામાં ધારણ કરે છે. આ પ્રમાણે ત્રણ ગુણોની બનેલી અધોપ્રકૃતિને વટાવીને આત્માને નિષ્ક્રિય નિસ્ત્રૈગુણ્ય એવા અક્ષરમાં સ્થિરપણે સ્થાપન કરીને આખરે આપણે અનંત ઈશ્વરની દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરીએ છીએ. નીચેની અવિધા પ્રકૃતિ દ્વારા કાર્ય કરતી હોવા છતાં એ દિવ્ય પ્રકૃતિ ગુણોથી બંધાતી નથી. અક્ષર બ્રહ્મની એટલે કે નીરવ પુરુષની અંતરની નિષ્કર્મ અવસ્થા પ્રાપ્ત કરીને તથા પ્રકૃતિને પોતાનાં કાર્યો કરવાથી છૂટ આપીને આપણે દિવ્ય પ્રભુત્ત્વની એક ભૂમિકામાં પહોંચી શકીએ, જ્યાં આપણે સર્વે કર્મો કરી શકીએ છીએ છતાં કોઈ પણ કર્મ આપણને બંધનકર્તા થઇ શકતું નથી. પુરુષોત્તમનું તત્વ ન હોય તો અધોમુખ પ્રકૃતિમાંથી બ્રાહી સ્થિતિમાં પોતાની જાતને પાછી ખેંચી લીધા પછી મુક્ત આત્માની અકર્મ અવસ્થા જ ફલિત થાય, જગતનાં કાર્યો પ્રત્યે એવા મુકતાત્માની વૃત્તિ ઉદાસીનતાની જ હોય શકે. પરંતુ પુરુષોત્તમનો સ્વીકાર કરતાં એની એ કર્મો પ્રત્યની વિમુખતા, જગતની સઘળી પ્રવૃત્તિ પ્રભુને સોંપવાના એક પગથિયાની ગરજ સારે છે. પુરૂષોત્તમ કર્મથી પર છે, છતાં કર્મનું આંતરિક અને આધ્યાત્મિક કારણ, કર્મનું ઉદ્દેશ્ય અને અસલ સંકલ્પ એ પોતે છે.

યજ્ઞરૂપે કરેલાં કર્મો આ પ્રમાણે મોક્ષનાં, પરમ આધ્યાત્મિક પૂર્ણતાનાં સાધન રૂપ બની શકે છે. પ્રાચીન સમર્થ કર્મયોગનો આશ્રય લઈને જનક વગેરે મહાન કર્મયોગીઓ પૂર્ણતાને પ્રાપ્ત કરી શકયા હતા. કોઈ પણ પ્રકારના અહંપ્રધાન હેતુ કે આસકિત વગર, સમતાપૂર્વક નિષ્કામ કર્મો યજ્ઞ તરીકે કરીને એમણે પૂર્ણતા પ્રાપ્ત કરી હતી. 'कर्मण्येव हि सं सद् धमास्थिता जनकादयः'[2] ગીતા કહે છે કે એ જ પ્રમાણે,

અને એવી ને એવી નિષ્કામપૂર્વક મુકિત અને સંસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પણ. - એટલે કે જીવનમુક્ત દશા પ્રાપ્ત કર્યા પછી પણ કર્મો થઇ શકે છે અને કર્મો કરવાં ચાલું રાખવાં આવશ્યક પણ છે.એટલે કે, આપણે એક વિશાળ, દિવ્ય ચેતનામાં રહીને, સ્થિર, ઉચ્ચ, આધ્યાત્મિક સમ્રાટ પેઠે કર્મો ચાલું રાખવાં જોઈએ. "વળી - લોકસંગ્રહનો વિચાર કરીને પણ તારે કર્મો કરવાં ચાલું રાખવાં જોઇએ लोकसंग्रह मेवा प संपश्यन् कर्तुमर्ह स । 'શ્રેષ્ઠ 'માણસ જે કાંઈ કરે છે તેને જ સામાન્ય જનસમુદાય અમલમાં મૂકે છે. તે પાર્થ ! આ ત્રણે લોકમાં મારે જે કરવાની ફરજ પડે એવું એક પણ કર્મ નથી, મેં પ્રાપ્ત ન કરેલું એવું કાંઈ જ નથી કે જે મારે પ્રાપ્ત કરવાનું છે, અને છતાં, હું કર્મોના માર્ગમાં વિચરું છું.[3] "કારણ કે જો હું સતત સાવધાન રહીને કર્મોના માર્ગમાં પ્રવૃત્ત રહું નહિ તો માણસો ચારે બાજુએ મારા જ માર્ગનું અનુસરણ કરવા માંડે. હું જો કર્મ કરું નહિ તો આ લોકો વિનાશને પામે અને આમ હું અવ્યવસ્થાનો કર્તા બનું અને આ લોકોનો વિનાશ કરું. અજ્ઞાની લોકો જેમ કર્મમાં આસક્ત થઈને વર્તે છે, તેમ જ્ઞાનીપુરુષે અનાસકત થઈને લોકસંગ્રહને પોતાના ઉદ્દેશ્ય તરીકે રાખીને કર્મો કરવાં જોઈએ. કર્મ પ્રત્યે આસકત એવા અજ્ઞાની લોકોમાં એવા જ્ઞાની પુરુષે બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો જોઈએ નહી. એમને સર્વ પ્રકારનાં કર્મોમાં જોડવા જોઈએ; અને એણે પોતે યોગમાં યુક્ત થઇને જ્ઞાનપૂર્વક કર્મો કરવા જાઇએ. (૩. ૨૧-૨૬) આ સાત શ્લોકો ગીતામાં સૌથી અગત્યના છે.

ઉપર જણાવ્યા તે શ્લોકોનો આધુનિક વ્યવહારલક્ષી માનસ જે અર્થ કરે છે તેવો થઈ શકે તેમ નથી એ વાત અહીં સ્પષ્ટપણે સમજાય જાય છે. આજકાલનું માનસ ઊંચી અને સુદૂર એવી આધ્યાત્મિક શકયતાઓ કરતાં જગતનાં અત્યારનાં કાર્યોમાં ઘણો વધારે રસ લેતું હોય છે. આ શ્લોકોમાંથી સમાજસેવાની, દેશભક્તિની, સર્વજનહિતેચ્છું અને પરોપકારી એવી પ્રવૃત્તિને, તથા આજકાલના લોકોની બુદ્ધિને આકર્ષનારી એવી સેંકડો સામાજિક યોજનાઓની અને સ્વપ્નાઓ માટેની તેની આસક્તિને તાત્વિક, દાર્શનિક સકારણતા તથા ટેકો મળે છે એવો અર્થ આજકાલનું માનસ તારવે છે. એ શ્લોકોમાં કોઈ વિશાળ નૈતિક અને બુદ્ધિના આદર્શ જેવી પરોપરકાવૃત્તિ કે સેવાવૃત્તિ અંદર રહેલાં અને જેમાં ઈશ્વર પોતે વસે છે. તે સર્વ પ્રાણીઓ સાથે આધ્યાત્મિક એકતા પ્રાપ્ત કરવાના નિયમનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ શ્લોકો સમાજ આગળ તથા માનવજાતિ આગળ વ્યક્તિને ગૌણ બનાવવાનો અથવા તો, માનવજાતિની સમષ્ટિની વેદી ઉપર વ્યક્તિનું બલિદાન આપવાનો આદેશ આપે છે. એવું નથી; પરંતુ પ્રભુમાં વ્યક્તિની સાર્થકતા સાધવાનો અને સર્વને પોતાનામાં સમાવનાર એવા પ્રભુની સાચી વેદી ઉપર અહંને અર્પણ કરવાની એ આજ્ઞા કરે છે. ગીતા આધુનિક માનસના કરતાં વિચારોની અને અનુભૂતિઓની એક વધુ ઉચ્ચ ભૂમિકા ઉપરથી જુએ છે. અર્વાચીન માનસની પ્રકૃત્તિ આધ્યાત્મિક નથી, પરંતુ બુદ્ધિપ્રધાન અને નૈતિક આદર્શોવાળી છે દેશભક્તિ, વસુધૈવ કુટુંબની ભાવના, સમાજસેવા, સમષ્ટિવાદ, પરોપકાર વૃત્તિ, માનવજાતિનો આદર્શ કે માનવજાતિને જ પૂજનારો ધર્મ એ સઘળાં આપણી વ્યક્તિગત, કુંટુંબની, સમાજની કે રાષ્ટ્રની અહંતામાંથી છૂટવા માટેનાં સુંદર સહાયકો છે. એ બધાંનો આશ્રય લઇને વ્યક્તિ પોતામાં રહેલી

જુદા જુદા પ્રકારની અહંતામાંથી મુક્ત થઈને પોતાના વિકાસની આગળની એટલે કે બીજી ભૂમિકામાં જઈ શકે છે. તેમાં વ્યકિત પોતાના અસ્તિત્વની પોતાના જીવનની, અન્ય પ્રાણીઓના અસ્તિત્વ અને જીવન સાથે એકતા અનુભવે છે. એવી એકતા તે બુદ્ધિની, નીતિની અને લાગણીની ભૂમિકા ઉપર અનુભવી શકે છે. પરંતુ ગીતાની વિચારણા એનાથી પણ ઉપરની આપણી વિકાસ પામતી ચેતનાની એક ત્રીજી ભૂમિકાને પહોંચે છે અને એ બીજી ભૂમિકા ત્રીજી પ્રત્યે  હિંદના સમાજનું વલણ સમષ્ટિ યાને સમાજના હકો આગળ વ્યક્તિને ગૌણ બનાવવાનું રહેલું છે. ગીતાના જેવી તાત્વિક વિચારણાનો ગ્રંથ વ્યક્તિના વિકાસને, તેની સૌથી જરૂરને, તેની સૌથી વિશાળ આધ્યાત્મિક મુકિત, મહત્તા - ગૌરવ અને સમ્રાજય શેમાં રહેલું છે તેની ખોજ કરવાનાં અને તેને જાણીને તેને પ્રાપ્ત કરીને, જીવનમાં ઉતારવાના વ્યક્તિના હકને સૌથી પહેલું સ્થાન આપે છે. માનવનું ઉદ્દેશ્ય આધ્યાત્મિક જ્ઞાનપ્રકાશવાળા ક્રાંતદ્રષ્ટા ઋષિ અને આધ્યાત્મિક અર્થમાં શાસક બનાવાનો છે. એ આદર્શ માનવતાનું આ અધિકાર પત્ર પ્રાચીન વેદના ઋષિઓએ પરાપૂર્વથી જાહેર કરેલું છે. અહીં ગીતા જે નિયમ આપે છે તે અતિમાનવ , એટલે કે દિવ્યતાને પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠ માનવ માટે છે. અહી ગીતા એ શબ્દ જુદાં જ અર્થમાં યોજે છે. . ગીતાનો શ્રેષ્ઠ પુરુષ પ્રભુત્વવાળો પુરુષ છે. એનું સમસ્ત પોતાપણું એક, પરાત્પર અને વિશ્વવ્યાપી – દિવ્ય સત્તા ને , ચેતનાને અને પ્રકૃતિને અર્પણવ થયેલું હોય છે. એણે ક્ષુદ્ર ‘પોતાપણા’નો લય કરીને પોતાનામાં રહેલા વિરાટ આત્માને પ્રાપ્ત કરેલો હોય છે, એણે પોતાની જાતનું દિવ્યતામાં રૂપાંતર સાધેલું હોય છે.

અધોગામી ત્રૈગુણ્યમયી પ્રકૃતિમાથી પોતાની જાતને બહાર કાઢીને ઊર્ધ્વ માં ગતિ કરીને ભગવાદ્ભમતા થવું. - એટલે કે પ્રભુની સત્તામાં અને એની દિવ્ય પ્રકૃતિ સાથે અદ્વૈત પ્રાપ્ત કરવું એ ગીતાના યોગ નો ઉદ્દેશ છે. પણ જયારે એ ઉદ્દેશ પૂર્ણ થાય, ત્યાર પછીનું એ કર્યું કર્મ કરશે ? કારણ કે કર્મ તો રહેશે જ . અર્જુનના આ પ્રશ્નોનો ઉત્તર શ્રીકૃષ્ણ અર્જુને પૂછ્યા હતા. તેના કરતાં જુદા જ દ્રષ્ટિબિંદુથી આપે છે. કર્મ કરવાનો એનો હેતુ કેવળ 'લોકસંગ્રહ "એટલે લોકોને એકત્ર રાખવાનું કાર્ય જ હોઈ શકે. વ્યવસ્થિત , સમાજોની સુદ્દ્ર એવા આધ્યાત્મિક આદર્શની પ્રાપ્તિ પ્રત્યે જે યાત્રા છે તે મહાન યાત્રામાં એમને એકત્ર , સંગઠિત રાખવાનું, એમને દોરવાનું અને નિયંત્રણમાં રાખવાનું કાર્ય જગતના શ્રેષ્ઠ ' હોય એવા નેતા પુરૂષોએ પોતાનાં જ્ઞાન અને શક્તિ વડે,પોતાનાં દષ્ટાંત અને પ્રત્યક્ષ આચરણ વડે તથા સૂક્ષ્મ અગોચર પ્રભાવ વડે સાધવાનું હોય છે.

પોતાના ભાવાર્થને વધારે સંપૂર્ણપણે સ્પષ્ટ કરવા માટે શ્રીકૃષ્ણ જે ગુરુ અને અવતાર બંને છે. તે પોતાનું જ ઉદાહરણ આપે છે, અર્જુનના આગળ પોતાનું ધોરણ રજૂ કરે છે. ‘હું કર્મોના મારગમાં જ વિચરું છું ‘તે કહેતા લાગે છે वर्त् एव च कर्म ण- જગતના બધા માણસો એ માર્ગને જ અનુસરે છે, તારે પણ એ કર્મના માર્ગમાં રહેવું જોઈએ. જેમ હું કર્મ કરું છું તેવી રીતે તારે પણ કર્મ કરવાં જોઈએ. મારે કર્મ કરવાની કોઈ આવશ્યકતા નથી, કારણ કે મારે કર્મ કરીને કશું પ્રાપ્ત કરવાનું છે નહીં . હું પોતે આ વિશ્વથી અતીત છું અને કોઈ પણ પદાર્થ માટે મારે કોઈ વસ્તુ ઉપર કે કોઈ વ્યક્તિના ઉપર આધાર

ISBN-978-81-977089-5-4
First Edition

રાખવાનો નથી, છતાં હું કર્મ કરું છું. તારા કર્મનો પણ એ જ ભાવ અને એ જ રીતે હોવાં જોઈએ માનવરૂપમાં રહેવા છતાં જેમ હું મારા અવતારમાં થાઉં છું તેમ તારે પણ દિવ્યતાના ઉદાહરણ રૂપ થવું જોઇએ. માનવજાતિનો ઘણો મોટો સમુદાય અજ્ઞાનમાં પડેલો છે. પ્રભુને પ્રાપ્ત કરનાર મુકતાત્માં સદા જ્ઞાનમાં વસે છે. એ પોતાના અધિક જ્ઞાનના ગૌરવમાં જગતનાં કર્મોનો ત્યાગ કરી દઈને, પોતાના તરફથી આપત્તિજનક ઉદાહરણ આપીને તેણે માણસોનાં મનમાં બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો જોઈએ નહી.[4] માનવની પ્રગતિને માટે જુદા-જુદા માર્ગોની ચડતી ઊતરતી શ્રેણીઓ અને ભૂમિકાઓ મેં યોજી છે. તેમનો મુક્તાત્માએ નિરર્થક ન બનાવી મૂકવી જોઈએ. પ્રભુની ચેતનામાં રહેનાર મુક્તાત્માએ પણ માનવકર્મના સમગ્ર ક્ષેત્રમાં વિચરવું જોઈએ. કર્મના માર્ગનો આશ્રય લઈને એ સઘળા પોતાના પ્રભાવ વડે પોતાની ઊધ્ર્વ દિવ્ય ભૂમિકામાં માનવોનું આકર્ષણ કરી શકશે. અને એ આંતરભાવના માનવ-સમુદાયને એની ઊધ્ર્વ ગતિમાં ઊંચે ચડાવનારું એક સમર્થ ઉચ્ચાલન બની રહેશે.

અહીં ભગવાન મુકતાત્મા સમક્ષ પોતાનું જ ઉદાહરણ આપે છે એ બાબતમાં ઘણી જ ગંભીર અર્થસૂચકતા રહેલી છે, કારણ કે દિવ્ય કર્મ વિષેના ગીતાના સમગ્ર તત્વજ્ઞાનનો પાયો એ પ્રગટ કરે છે. મુકતાત્મા વ્યક્તિ તરીકે પોતાનાં કર્મોનો કર્તા નથી રહેતો; એની પ્રકૃતિ અને સચેતન શક્તિઓ દ્વારા ભગવાન પોતે જ કર્મ કરે છે. ભગવાન પોતે એ કર્મોમાં લેપાયા વગર, એમનાથી પર રહે છે. એમના પ્રત્યે આસકત થતો નથી. 'તે કર્મનો કર્તા છે જે અકર્તા પણ છે. कर्तारं अकर्ता रम्। શ્રીકૃષ્ણ કહે છે : 'મને આ ચાતુર્વર્ણ્યના કર્તા તરીકે જાણ અને છતાં અક્ષર અકર્તા પણ મને જાણ. 'મને કર્મ લેપન કરી શકતાં નથી, અને કર્મના ફળની મનોકામના નથી.[5] દિવ્યતાને પ્રાપ્ત થયેલાં માનવ પણ પોતાની સિદ્ધિના પ્રમાણમાં એવા જ બને છે. એટલે એ પણ એના વ્યક્તિત્વમાં વ્યક્તિત્વનાં બંધન વિનાનો, માનવો સાથે વધારેમાં વધારે ગાઢ અને અંગત સંબંધો રાખતો હોવા છતા તે કોઈ પણ ગુણથી કે કર્મથી બંધાતો રાખતો હોવા છતાં તે કોઈ પણ ગુણથી કે કર્મથી બંધાતો નથી. તે અમુક ધર્મનું પાલન કે અનુસરણ કરતો દેખાય છે ત્યારે પણ તે સર્વ ધર્મોથી મુકત હોય છે.

નિવૃત્તિ પરાયણ માણસને અને સંન્યાસીને ઉપર જણાવી તેવી પૂર્ણતાની કલ્પના પણ આવી શકતી નથી, એટલે કે જેમાં જીવન અને કર્મ સ્થાન પામે એથી પૂર્ણતા એ કલ્પી શકતો નથી. કામના જ કર્મનું કારણ એટલે એનાં પરિણામ પણ અનિવાર્યપણે પ્રાપ્ત થવાં જ જોઈએ. પ્રભુ સંસારની અંદર હોઈ શકે, પણ પ્રભુ સંસારનો તો ખચીત નથી જ આપણાં કર્મોનો સ્વામી તો કામના છે, અને કર્મોની ઉત્પત્તિનું કારણ અજ્ઞાન છે. આ સંસાર અને ક્ષર પુરુષ એક દ્રષ્ટિએ જોતાં પ્રભુની લીલાં છે, પરંતુ એ પ્રકૃત્તિના અજ્ઞાન સાથેની અપૂર્ણ લીલા છે. એટલે એ લીલા પ્રભુનો આવિર્ભાવ નથી કરતી પણ એને આવરે છે, એના આવરણ રૂપ બને છે. આ વસ્તુ જગત ઉપર માત્ર એક જ નજર નાખતાં સ્પષ્ટ જણાઈ આવે છે. કેવળ કામના જ નહિ, કર્મ પણ માણસે ત્યાગી દેવાં જોઇએ; એ પ્રમાણે કરવાથી જ નીરવ આત્મામાં સ્થિર થઈને માનવનો આત્મા ગતિશૂન્ય, કર્મશૂન્ય, અવ્યય, નિરપેક્ષ બ્રહ્મમાં નિર્વાણ પામી શકે. એક જ બાજુ

ISBN-978-81-977089-5-4
First Edition

ઢળતા ખંડ સત્યને જયારે અખંડ સત્ય તરીકે આગળ ધરવામાં આવે છે ત્યારે તે જેમ એક બાજુ સર્મથ પ્રકાશ પેદા કરે છે તેમ સાથે સાથે સમર્થ ભ્રમ પણ પેદા કરે છે. કારણ કે એ એકાંગી વસ્તુમાં સત્યના તત્વનું જે સામર્થ્ય રહેલું હોય છે તે જ એમાં રહેલાં ભૂલનાં તત્વોનો બળને પણ વધારી આપે છે. કેવળ રાજસિક પ્રવૃત્તિ-મયતામાં રહેલી ભૂલ અજ્ઞાનના ગાળાને ફકત લંબાવી શકે છે. અને જ્યાં પૂર્ણતા મળી શકે તેમ નથી ત્યાં પૂર્ણતાની શોધમાં તેને લગાડીને માનવની પ્રગતિને ધીમી પાડી શકે છે. પરંતુ અકર્મ નિવૃત્તિમયતાની ભૂલમાં તો જગતના વિનાશનું તત્વ રહેલું છે. હું જો એ પ્રમાણે વર્તુ , હું એ સિદ્ધાંતનો અમલ કરૂં તો, શ્રીકૃષ્ણ કહે છે,કે હું જગતનો વિનાશકર્તા બનું, અને સંકરનો એટલે કે અવ્યવસ્થાનો પણ ઉત્પાદક થાઉ. અને જેણે લગભગ દિવ્ય માનવતા પ્રાપ્ત કરેલી હોય એવી એક માનવવ્યક્તિની ભૂલ આખી માનવજાતિનો વિનાશ જો કે કરી ન શકે તોપણ એનાથી ઘણા વિશાળ પ્રમાણ માં અવ્યવસ્થા જરૂર ફેલાય, અને એવી સ્થિતિ માનવના જીવનતત્વને માટે વિનાશકારક અને એની પ્રગતિની દિશામાં બાધારૂપ નીવડી શકે છે.

એટલે માનવની અંદરની નિવૃત્તિપરાયણ વૃત્તિની અપૂર્ણતાનો સ્વીકાર કરાવવો જરૂર નો છે. અને પ્રવૃત્તિમયતા માં રહેલા સત્યને પણ એ નિવૃત્તિની અકર્મણ્ય વૃત્તિએ પોતાના જ જેટલી અગત્ય આપવી જોઇએ. પ્રવૃત્તિમયતામાં માનવની અંદર પ્રભુની સાર્થકતા અને માનવજાતિનાં સર્વ કર્મોનાં પ્રભુની સન્નિધિ એ બે સત્યો રહેલાં છે. એટલે કે ઇશ્વર અહીં છે, કેવળ નીરવતામાં, અવ્યકતતામાં તો શું પરંતુ કર્મમાં પણ છે. એ બન્ને પ્રભુના દિવ્ય આવિર્ભાવનું દ્રિવિધ સ્વરૂપ છે. એ બંનેની બેવડી સાર્થકતા, એ બંનેનું સંપૂર્ણ સમાધાન આપણે પુરુષોત્તમમાં શોધવાનું છે. અહીં ગીતામાં શ્રીકૃષ્ણ એ પુરૂષોત્તમના પ્રતિનિધિ છે. પ્રભુ માનવના અજ્ઞાનમાં કાર્ય કરી રહેલો છે. પ્રભુને જાણવો એ આપણા આત્માનું પરમ શ્રેય છે, અને પૂર્ણતા ની પ્રાપ્તિની શરત છે. પણ પ્રભુને પરાત્પર શાંતિ અને નિરવતા રૂપે જાણવો અને અનુભવવો એમાં જ કાંઈ સઘળું આવી જાતું નથી. આપણે જે રહસ્ય જાણવાનું છે, પ્રભુના દિવ્ય જન્મનું અને દિવ્ય કર્મનું પણ રહસ્ય છે, **जन्म कर्म च मे दिव्यम्**. એવા જ્ઞાન માંથી જે કર્મ પ્રગટ થશે તે સર્વ પ્રકારનાં બંધનથી મુક્ત જ હશે. શ્રીકૃષ્ણ કહે છે, જે કોઈ મને આ પ્રમાણે જાણે છે તે કર્મોથી બંધાતો નથી. કર્મો અને કામનાના દબાણથી, અને પુનર્જન્મની ઘટમાળ થી છૂટવું એ આપણો ઉદ્દેશ હોય તો આ જ્ઞાનને આપણે એવા છુટાકારાના, મુક્તિના, સાચા અને વિશાળ રાજમાર્ગ તરીકે સ્વીકાર કરવો જોઇએ. કારણ કે ગીતા કહે છે, “જે માણસ મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને તેમનાં મૂળ તત્વો સહિત જાણે છે તે જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે, હે અર્જુન, પુનર્જન્મને નહિ પણ મને પ્રાપ્ત કરે છે." દિવ્ય જન્મના જ્ઞાન દ્વારા અને એ દિવ્ય જન્મની પ્રાપ્તિ દ્વારા જ્ઞાની પુરુષ અજન્મા અને અવિનાશી પ્રભુને - સર્વ ભૂતોના આત્માને પહોંચે છે અને એ જ્ઞાની દિવ્ય કર્મોના જ્ઞાન વડે અને એ કર્મના અનુષ્ઠાન વડે સકળ કર્મોના સ્વામીને, ભૂતોના ઈશ્વરને પ્રાપ્ત કરે છે, અને એનાં કર્મો વિશ્વના પ્રભુના પ્રભુત્વમાંથી ઊપજતાં કર્મો હોય છે.

ISBN-978-81-977089-5-4
First Edition

આ રીતે જોઇએ તો લાગશે કે જીવનમાં વિરોધી બળોની સામસામી પ્રવૃત્તિઓને લીધે સભાન માણસને કયારેય જંપ મળે જ નહિ. जीवो जीवस्य जीवनम् – કહેનારાએ તો લગભગ એમ જ કહ્યું છે કે અહીં કોઈ એક રેખા બીજી રેખાને છેદીને જ ચાલે છે. માણસોને જયારે જીવન ભૂલભૂલામણી જેવું લાગે છે. ભવાટવી દુર્ગમ લાગે છે. ત્યારે તેના ત્રાસનું કારણ વિરોધી બળોની સામસામી દિશાની પ્રવૃત્તિઓ જ હોય છે. ગીતાએ નિત્ય કર્મ કે સહજ કર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે. ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે માણસ કર્મોને તદ્દન છોડી શકતો નથી. તેણે (૧) શરીર ચલાવવા માટે (૨) યજ્ઞ માટે, અને (૩) લોકસંગ્રહ માટે કર્મ કરવાં જ પડે છે. આ કર્મો માણસ માટે સ્વાભાવિક છે, જેમ કે શરીરને શુદ્ધ રાખવા માટે અને ચલાવવા માટે જરૂરી કર્મો તેણે કરવાં જ પડે. માણસ સમાજના વાતાવરણનો રસ પીને જન્મયો અને ઉછર્યો હોય છે હવે સમાજને સમાજના હિત માટે પોતાની વિશેષ શક્તિઓનું અર્પણ કરવું -સતત અર્પણ કર્યા જ કરવું તેનું જ નામ યજ્ઞ. આ માણસમાત્રની ફરજ છે. માણસ મફતનું ખાઈ શકે નહિ. વળી, માણસ જે કંઇ કરે છે તેને બાકીનો સમાજ જુએ છે. એટલે જોનારા લોકોને ઊંચા કર્મ કરવાનું દષ્ટાંત મળી રહે માટે પણ માણસે કર્મ કર્યા જ કરવા જોઈએ. માણસે સ્વાભાવિક અથવા સ્વભાવ પ્રમાણેનાં કર્મો કરવાં જોઈએ. સ્વભાવ પ્રમાણેનાં કર્મો કરવા ઉપરનું નિયંત્રણ એક કુત્રિમતા છે. એટલે જ ગીતાએ કહ્યું છે “પ્રકૃતિ તેન યોજશે ” “પ્રાણીમાત્ર પ્રકૃતિ પ્રમાણે જ ચાલે છે, તેને રોકી રાખવાથી શું વળે ?”

પ્રત્યેક કર્મને ફળ તો મળે જ છે અને પ્રાણીમાત્ર કોઈક ફળ મેળવવાના ઉદ્દેશથી જ કર્મ કરવા તૈયાર થાય છે. પણ કર્મયોગીએ ફળ પ્રત્યે આસકત રહેવું જોઈએ નહિ. ભગવાન માટે કર્મ કરવાં તે જ કર્મ યોગ. આ કર્મ ભગવાનનાં છે એટલે વ્યક્તિને બંધનકારક હોતાં નથી. તેમાં સફળતા કે નિષ્ફળતા મળે તેનું, કર્મ કરનાર ને સુખ દુ:ખ હોતું નથી.

આમ કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરવાનું ગીતાને માન્ય નથી. પરંતુ આજુબાજુ દેખાતાં અનંત કર્મોમાંથી પોતાનાં કર્મો સ્વધર્મને શોધી કાઢવાની તથા એ કર્મો કરતાં કરતાં તેમાં આસકત થવું ન જોઈએ. એવી કુશળતા- એ જ કર્મયોગ योगः कर्मसु कौशलम । આવી રીતે કર્મ કરવામાં માણસનો પોતાનો અહંમ સંકળાયેલો ન હોવાથી માણસની બુદ્ધિ કર્મ કરતી વખતે સમત્વવાળી રહે છે. ગીતામાં ભગવાને માણસમાત્રને યજ્ઞ, દાન, તપ વગેરે કર્મો રોજ કરવાં જ જોઈએ એવી ભલામણ કરી છે. આવાં કર્મો કરવાથી માણસનું મન પવિત્ર બને છે. અને તેની ઉન્નતિ થાય છે. માણસ હજી પૂર્ણ કર્મયોગી કે યોગારૂઢ ન બન્યો હોય, હજી યોગમાર્ગે આગળ વધતો હોય એટલે કે યોગારરુક્ષુ હોય ત્યારે આગળ વધવા માટે આવાં કર્મો તો કરવાં જ જોઈએ, પણ બીજા બધાં કર્મો પણ કરતાં રહીને તેમાંથી આસકિતઓ ધીમે ધીમે ઓછી કરતાં રહેવું જોઇએ. ગીતા કહે છે कर्मण्येवा धकारस्ते मा फलेषु कदाचन - કર્મ કરવાં, પણ ફળની આશા રાખવી નહિ. નિષ્કામભાવે - અનાસકિતથી કર્મો કરવાં તેનો જ તાત્વિક અર્થ 'અહંકારનો ત્યાગ કરવો' એ છે. અહંકારનો ત્યાગ તો જ થઈ શકે જો માણસ પોતાની ક્ષુદ્ર અહંતામાંથી મુક્ત થઇ બહ્મમાં - સાર્વ કાલિકમાં પોતાનો લય કરે- પોતાનું નિર્વાણ કરે.

આ રીતે ગીતા કર્મ કરવાનો ઉપદેશ આપે છે, પણ તેનો તે ઉપદેશ બ્રહ્મવિદ્યાવાળો માણસ જ આવાં કાર્યો કરી શકે. ગીતાનો તત્વદ્રષ્ટા જીવનથી ભાગી છૂટીને એકાંત ખૂણામાં ભરાય જઈને તત્વદર્શન કરતો નથી. તે તો બધી જ સંકુચિતતાઓ, ભીડ અને ઘર્ષણોથી ભરપૂર જીવનને આરપાર ભેદે છે અને ભારે ભીડ અને કોલાહલની વચ્ચે પોતાનો સૂર સંભળાવે છે.

ગીતાનો ઉપદેશ સાર્વકાલિક અને સાર્વત્રિક છે. ગીતા આપણને સાચું શું અને ખોટું શું? તે નકકી કરવાનું અને તે મુજબ વ્યવહાર કરવા માટે પ્રેરણા આપવાનું પણ શીખવે છે. કર્મમાત્રનું મૂળ તપાસીને ગીતા શુદ્ધ અનાસકત હેતુવાળા કર્મો કરવા તરફ આપણ ને પ્રેરે છે. જીવન જીવવું છતાં તેની આંટીઘૂંટીમાં ફસાવું નહિ, કર્મ કરવાં - ઘણી વાર હિંસક લાગે તેવાં કર્મો કરવાં- છતાં બંધનમાં આવવું નહિ. ભીષણ પ્રવૃત્તિ વચ્ચે નિવૃત્તિનો અનુભવ કરવો. આ બધી કળા, ગીતાએ ઉપદેશેલી છે. ગીતાએ તત્વનું દર્શન કરાવ્યા પછી પોતપોતા નો આચાર નકકી કરવાનું કામ તેણે માણસને પોતાને સોપ્યું છે.

ભગવદ્ગીતા એ મહાભારતના મહાભંડારમાં રહેલું એક અમૂલ્ય રત્ન છે. જગતના ધાર્મિક સાહિત્યમાં એની બરાબરી કરી શકે એવો એક પણ ગ્રંથ નથી, એમ હિન્દુઓ અભિમાન રાખે, તો તેમાં આશ્ચર્ય પામવાં જેવું નથી.[6] શ્રીમદ્ ભગવદ્ગીતા પર અસંખ્ય લોકોએ પોતાની કલમ ચલાવી છે. આચાર્યયુગમાં ને પ્રસ્થાનત્રયીમાં એક ઘટક રહી છે. પોતપોતાના સિદ્ધાંતોને પ્રમાણિત કરવા માટે લગભગ બધા જ આચાર્યોએ ગીતાને પ્રમાણિત ગ્રંથ તરીકે સ્વીકારેલ છે. ગીતાના ધર્મને - તેના હાર્દને ટૂંકમાં આલેખવાનું અશકય નહીં, તો ઘણું મુશ્કેલ તો ખરું જ. હિન્દુઓના આ અતિ પવિત્ર ગ્રંથમાં જીવનનું વિવિધ પ્રકારનું અગાધ તત્વજ્ઞાન ભર્યું છે. ઉપનિષદો રૂપી ગાયોનું દોહન કરીને ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં વત્સ અર્જુન દ્વારા ગીતામૃતનું જ્ઞાન મુમુક્ષુઓને કરાવ્યું છે. ભલે એક રીતે આ સાચું હોય, પરંતુ ભગવદ્ગીતા તો ઉપનિષદો કરતાં પણ ધર્મના તત્વચિંતનની બાબતમાં એક ડગલું આગળ વધી છે. આ રીતે ગીતાનું જીવનદર્શન અનોખું, વિશિષ્ટ અને સમન્વયકારી ગણી શકાય, કેમ કે તેમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સુભગ સમન્વય જોવા મળે છે. બંકિમબાબુએ પણ ગીતા બાબતમાં કહ્યું છે કે, "ગીતા ને ધર્મનો સર્વોત્તમ ગ્રંથ માનવાનું કારણ એ જ છે કે, તેમાં જ્ઞાન, કર્મ અને ભકિત ત્રણને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો છે, જે બીજા કોઈ પણ ગ્રંથમાં નથી."

"સમસ્ત સંસ્કારના સાહિત્યમાં ગીતા જેવો કોઈ પણ ગ્રંથ નથી. હિન્દુ ધર્મ અને નીતિશાસ્ત્ર નાં મૂળ તત્વો જેણે જાણવાં હોય, તેણે આ અપૂર્વ ગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જોઇએ."[7]

"ગીતા એ ઉપનિષદો રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં પુષ્પોનો આધ્યાત્મિક સત્યો રૂપી સુંદર પુષ્પગુચ્છ છે.[8] આવી ભગવદ્ગીતામાં આત્મનિષ્ઠાના સુદઢ પાયા પર સુપ્રસિદ્ધ 'કર્મયોગનો ઉપદેશ અપાયો છે. ગીતા કેવળ નિવૃત્તિધર્મને જ ઉપદેશતી નથી. પણ તે પ્રવૃતિધર્મની પણ ડગલે ને પગલે હાકલ કરે છે. ગીતાકારના મંતવ્ય મુજબ તો પ્રત્યેક વ્યક્તિએ પોતાના વર્ણ અને આશ્રમને ઉચિત કર્મો અવશ્ય કરવાં જોઇએ. સાથે સાથે એ કર્મ કોઈ રીતે બંધનરૂપ ન બને તે માટે પણ કર્મ કરવાની અદ્દભુત ચાવી શીખવી

જોઈએ. આ ચાવી છે : સમત્વની ભાવનાની અને કર્મ કૌશલ્યની એટલે કે હર પરિસ્થિતિમાં ચિત્તમાં સમતા રાખવી, મન સ્થિર રાખવું અને કર્મોમાં કુશળતા પ્રાપ્ત કરવી, પ્રાવીણ્ય પ્રાપ્ત કરવું - નિજ ક્ષેત્રમાં પૂનમના ચંદ્રની જેમ સોળ કળાએ સંપન્ન બનવું. પ્રતિભા[9] - સંપન્ન બનવું. કર્મ કરતી વખતે આ કર્મ હું કરું છું અને એનું ફળ મને જ મળે, એવી અહં કર્તુત્ત્વની બુદ્ધિ અને ફલાભિસન્ધિ ન જોઇએ.

કોઈ પણ કર્મનો કર્તા – કારયિતા તો પ્રભુ છે. એમ સમજી સિદ્ધિ -અસિદ્ધિ, જય- પરાજય ની દરકાર ન કરવી અને ફલમાત્ર પ્રભુને સમર્પી દેવાં એ જ ખરો સંન્યાસ છે. આમ થતાં, કર્મસંન્યાસ અને કર્મયોગ વચ્ચેનો ભેદ વિલય પામી જાય છે. ટૂંકમાં, અનાસકત થઈને કર્મયોગ સાધવો અને ફળની કોઈ પણ જાતની આસક્તિ કે રાગ - દ્વેષનો નિરંતર ત્યાગ કરી પ્રભુની આજ્ઞા છે તેમ માનીને સૌએ સ્વધર્મ પ્રમાણે નિયત કર્મો અવશ્ય કરતા રહેવું તેનું જ નામ સાચો ‘કર્મયોગ' છે.

## કર્મ પરત્વેનો ગીતાનો અભિગમ

કર્મ પરત્વેનો ગીતાનો અભિગમ પ્રથમ સમજીએ. ગીતાનો સુપ્રસિદ્ધ કર્મયોગનો જીવનમંત્ર નીચેના શ્લોકમાં દર્શાવાયો છે.

कर्मण्येवा धकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्म ण ॥ ४७

‘તમને ફક્ત તમારા કાર્યો પર જ અધિકાર છે, ફળ પર ક્યારેય નહીં. તમારા કાર્યોના ફળને તમારો હેતુ ન બનવા દો, અને તેમને તમારી નિષ્ક્રિયતાનું કારણ ન બનવા દો.’ 47

"તારો કર્મમાં જ અધિકાર છે. ફળમાં કદી નથી. તું કર્મફળના હેતુવાળો ન થા અને કર્મમાત્રના ત્યાગમાં તારી આશક્તિ પણ ન થાઓ.[10] "કર્મયોગના સિદ્ધાંતમાં આ શ્લોકનું સવિશેષ મહત્વ છે. તેમાં મહત્વનાં બે લક્ષણો તથા બે પોષક તત્વો સ્પષ્ટ કરવામાં આવ્યા છે

(૧) કર્મ કરવાનો વ્યક્તિનો અધિકાર છે. અર્થાત, સારૂં - ખોટૂં, ઈષ્ટ- અનિષ્ટ, પોતાને જે યોગ્ય લાગે તે પ્રમાણેનું કર્મ આચરવાની બાબતમાં વ્યકિત સ્વતંત્ર રીતે સ્વવિવેકાનુસાર નિર્ણય લઈ શકે છે.

(૨) કર્મનાં પરિણામ મેળવવા બાબતમાં વ્યક્તિ સ્વતંત્ર નથી પણ તેમાં કર્મનિયંતાની વ્યવસ્થા વ્યકિતએ સ્વીકારવી પડે છે. આ બે મૂળભૂત સિદ્ધાંતોને સાધ્ય તરીકે સિદ્ધ કરવા માટે ગીતાકારે બે ગૌણ તત્વો જણાવ્યાં છે.

“તું કર્મફળમાં આસક્ત ન થા અને અકર્મમાં એટલે કે અપ્રવૃત્તિમાં તારી આસક્તિ ન થાઓ. અર્થાત્, પ્રવૃત્તિ કર્યા સિવાયનું માત્ર બેઠાડુ જીવન પણ કદાપિ તારે માટે ન બનવું જોઈએ.” સાથે સાથે યોગમાં રહી, ફળ વિશેની આસકિત છોડી, સિદ્ધિ- અસિદ્ધિમાં સમાન બની, કર્મો કરવાં જોઈએ. કેમ કે દરેક પરિસ્થિતિમાં ચિત્તની સમતા ધારણ કરવી અને કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી, એ સાચો યોગ કહેવાય છે.-

ISBN-978-81-977089-5-4
First Edition

समत्वं योग उच्यते । ।। - ४८

योगः कर्मसु कौशलम । ॥ - ५०

હવે 'કર્મયોગ'નું તાત્વિક પાસું સમજાવતાં ગીતાકાર જણાવે છે કે, "તું ઇન્દ્રિયોને નિયમમાં રાખી કર્તવ્ય કર્મ કર, કેમ કે કર્મ ન કરવા કરતાં તો કર્મ કરવું વધારે સારું છે અને કર્મ નહીં કરવાથી તો તારો શરીર નિર્વાહ પણ સિદ્ધ નહીં થાય."

शरीर यात्रा प च तेन द्ध सद्ध वेद कर्मणः । ।।।- ८

કર્મયોગના ગહન તત્વજ્ઞાનનો અભ્યાસ કરતી વખતે આપણે એ બાબત પણ સ્વીકારવાની રહે છે. કે આ યોગ બાબતમાં કયાંક કયાંક એવો ભ્રામક ખ્યાલ પ્રવર્તી રહે છે કે. કર્મ તો બંધન કરાવનારૂં તત્વ છે, જેના પરિણામે આપણે સુખ – દુ:ખ ભોગવવાં પડતાં હોય છે. ઘણા મનુષ્યો તો એમ જ સમજીને પોતાનું જીવન વ્યતીત કરે છે કે, "આપણે તો કોઈ જાતનાં કર્મો કરવાં જ નથી, જેથી કોઈ પ્રકારના બંધનમાં ન પડાય," પરંતું આવી સદંતર "નૈષ્કર્મ્ય ' કે નકારાત્મક વિચારધારા ધરાવનારા નિષ્ક્રિય માણસોને તો ગીતાકાર સ્પષ્ટ જણાવે છે –"અનાસક્તિથી પરમાર્થ માટે કરાયેલાં કર્મો સિવાયનાં કર્મો બંધનમાં નાખતાં હોય છે. માટે તું 'મુક્તસંગ' થઈને પરમાર્થ માટે કર્મ કર્યા કર."

यज्ञार्थात्कर्मणोऽन्या लोकोऽयं कर्मबन्धनः ।

तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥ ९ ॥

ગીતા કર્મ કરવા બાબતમાં આદર્શ મર્યાદા પણ નિયત કરે છે . જે મનુષ્ય પરમાત્મામાં અત્યંત પ્રેમ કરનારો છે, જે પ્રભુભજનથી સંતુષ્ટ રહે છે તથા પૂર્ણ તૃપ્તિ અનુભવે છે. તેના માટે લૌકિક કે અલૌકિક કાર્યો કરવાં જ જોઈએ તેવો નિયમ નથી. તેની ઇચ્છા થાય અને તે સહજ ભાવથી કર્મ કરે તો પણ ભલે અને કર્મ ન કરતા પણ ભલે કારણ કે આવી પ્રવૃત્તિમાં તેનો કોઈ અંગત સ્વાર્થ હોતો નથી.[11]

**અકર્મણ્યતા પ્રત્યેની ગીતાકારની સભાનતા :-**

આવી વિચારધારા રજૂ કર્યા બાદ આ બન્ને શ્લોકોના ધ્વનિ કારણે 'કર્મમાર્ગ'માં નથી ને ક્યાંક શિથિલતા પ્રવેશી જતી. આથી ગીતાકાર બહુ જ સાવધાનીપૂર્વક કર્મનું અતિ ગહન તત્વજ્ઞાન સમજાવે છે, કેમ કે જગતમાં આજે પ્રમાદી માણસોનો તોટો નથી. આવાં માણસો તો મનસ્વીપણે પોતાની અકર્મણ્યતાનો જ બચાવ કરતા જોવા મળે છે. આથી જ આવું ન બને તે હેતુ પૂરઃ સર ગીતાકાર ફરી ફરીને કર્મ કરવા પર જ ભાર મૂકે છે અને જણાવે છે કે, "માટે તું ફળમાં મોઢ રાખ્યા વિના સતત કર્મ કર અનાસક્ત પુરૂષ કર્મ કરતાં પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે."[12]

આ શ્લોકમાં વપરાયેલો 'સતત' શબ્દો ઘણો જ અગત્યનો છે. કોઈ વ્યક્તિ કર્મ - પ્રવૃત્તિની શરૂઆત કરે, ઉત્સાહના અતિરેકમાં તેની ગતિ વધારે, પરંતુ થોડાક દિવસોમાં જ તેના ઉત્સાહનો ઊભરો ઠરીને શાંત ન થઈ જાય તે માટે ગીતાકાર પૂરતી સાવધાની રાખવાનું સૂચવે છે અને સતત કર્મ કરતાં

રહેવાનો ઉપદેશ આપે છે. આ પ્રમાણે જીવનને ટકાવી રાખવા માટે જેમ આહાર – વિહારની પ્રવૃત્તિ સતત ચાલુ રાખવાનું જરૂરી છે, તેમ સત્કર્મની પ્રવૃત્તિ પણ સાથે ચાલુ રાખવી પડે છે.

'ઇશાવાસ્ય ઉપનિષદ' માં પણ કર્મયોગની આ ફિલસૂફીને સુંદર રીતે નિરૂપવામાં આવી છે. અહીં ઉપનિષદના ઋષિ જણાવે છે: "આ વિશ્વમાં કર્મો કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી જોઇએ. આવા મનુષ્યને કર્મનું લેપન થતું નથી..... આ સિવાય તારા માટે બીજો માર્ગ નથી."

कुर्वन्नेवेह कर्मा ण जिजी वषेत् अन्ना।

त्वाय नान्ययताजस्त न कम लप्यत नरे ॥ -ઈશાવાસ્ય ઉપનિષદ -2

શુભ કર્મો વ્યક્તિને કોઈ પણ પ્રકારના બંધનમાં કયારેય પણ નાખતાં નથી. 'ઈશાવાસ્ય' ભાવનાથી જો કાર્ય કરવામાં આવે, તો કદાપિ બંધન ન જ મળે.

ભગવદગીતામાં પણ આ જ સિદ્ધાંતનું સમર્થન મળે છે. વૈરાગ્યભાવ કે સમર્પણની ભાવનાનો યુગો સુધી માનવજાતને યાદ રહે તેવો સંદેશ નીચેના મંત્રમાં જોવા મળે છે.

"આ જગતમાં જે જે ગતિમાન વસ્તુ છે તે સર્વ ઇશ્વર વડે વ્યાપેલું છે. તેના ત્યાગ દ્વારા તું એને ભોગવ. બીજાના ધનની લાલશા રાખીશ નહિ .

ईशावास्य मदं सर्व यत् कंच जगत्यां जगत् ।

तेन त्यक्तेन भुजीयाः मा गृधः क्स्यस्विद् धनम् ॥-ઈશાવાસ્ય ઉપનિષદ -1

આ પ્રમાણે વિશ્વમાં જે જે શક્તિ કે ગતિ છે તે ઈશ્વરમાં વ્યાપ્ત છે. આમ જો બધું જ ઈશ્વરથી વ્યાપ્ત હોય. તો પછી કોઈના ધન વગેરે માટે કામના ના રાખવી જોઈએ . 'અહી ત્યાગીને ભોગવી જાણો' એ સનાતન સત્ય સુંદર રીતે ઉચ્ચારાયું છે.

માનવજીવનમાં કર્મના મહત્વને સમજાવતાં ગીતાકાર જીવનના અદ્ભુત સનાતન સત્યને અત્યંત સહજ રીતે પ્રકટ કરે છે. એમના મતે તો "કોઈ પણ મનુષ્ય એક ક્ષણ માટે પણ કર્મ વિના રહી શકતો જ નથી. પ્રકૃતિના ત્રણ ગુણોથી બદ્ધ જીવાત્મા પરાધીન બનીને કર્મ કર્યા જ કરે છે.''

न हि कश्चित्क्षणम प जात तिष्ठत्यकर्मकृत् ।

कार्यते ह्यवट्टाः कर्म सर्वैः इकृतिजैर्गुणैः ॥ ५ ॥

"શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરે કોઈ પ્રકારના કર્મમાં લાગ્યાં જ રહેતાં હોય છે. જાગૃત અવસ્થામાં કર્મો થાય છે. સ્વપ્નાવસ્થા પણ કર્મો જ છે અને સુષુપ્તિ પણ કર્મ છે. ઊંઘવાની પણ ક્રિયા છે. .....ગાઢ સુષુપ્તિમાં પણ શરીરની પાચનક્રિયા, રુધિરાભિસરણ, નાડીની ક્રિયાઓ વગેરે તમામે તમામ શારીરિક ક્રિયાઓ ચાલ્યા કરતી હોય છે.[13]

## લોકસંગ્રહાર્થે કરાતું કર્મ :-

"લોકસંગ્રહ"[14] ના હેતુસર કરાતી કર્મપ્રવૃત્તિ સાર્વત્રિક પ્રવૃત્તિ છે. તેમાં કોઈને અપવાદ નથી.આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિમાં જ્ઞાનીજનો સતત પ્રવૃત્તિશીલ રહે છે. અધ્યાત્મમાર્ગમાં શ્રદ્ધાવાન

જ્ઞાનમાર્ગીઓને કોઇ કારણે કર્મવાદ પ્રત્યે કોઈ સમયે ભારે અણગમો પેદા થયો હશે, જેના કારણે આવા કહેવાતા જ્ઞાનવાદીઓ એવું માનવા લાગ્યા હતા કે, "કર્મ તો અજ્ઞાનીઓ માટેનું કર્તવ્ય હોય છે, જ્ઞાનીજનો માટે નહિ તેમજ કર્મથી મોક્ષ ન જ મળે, માત્ર જ્ઞાનથી જ મોક્ષ મળે." આપણા દેશમાં જ એક સમયે આવા વિચારો ફેલાવાથી કર્મઠતાના શુભ સિદ્ધાંતને ભારે નુકસાન થયું હતું અને કેટલાયે માણસો અકર્મણ્યતાના પૂજક બન્યા હતા, પરંતુ ગીતાકારને આવી અકર્મણ્યતા જરા પણ પસંદ નથી અને તેથી જ તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે: "-જનકવિદેહી જેવા સમર્થ જ્ઞાનીઓ પણ કર્મ દ્વારા જ પરમ લક્ષ્ય ને પ્રાપ્ત કરી શકયા છે." આથી અર્જુનને ઉદ્દેશીને ગીતાકાર સ્પષ્ટપણે જણાવે છે: "તારા પોતાના માટે નહી પણ લોકોના હિત માટે પણ તારે કર્મ તો કરવાં જ જોઈએ."

कर्मणैव हि सं सद् धमास्थिता जनकादयः ।
लोकसङ्ग्रहमेवा प सम्पश्यन्कर्तुमर्ह स ॥ ।।। - २०

કર્તવ્યપાલન અને કર્મયોગ પ્રત્યેની સતત સાવધાની કે નિષ્ઠા બાબતમાં ગીતાકાર એટલા બધા ચોક્કસ, સ્પષ્ટ અને આગ્રહી છે કે, સ્વયં ભગવાન પણ તેનાથી પોતાને મુક્ત નથી માનતા. તેઓ જણાવે છે: હે પાર્થ! મારે ત્રણેય લોકમાં કંઈ જ કરવાનું નથી કે કશું ન મળેલું મેળવવાનું, છતાં પણ હું કર્તવ્યકર્મોમાં જ પ્રવૃત્ત રહું છું."

नमे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु कंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्म ण ॥ ।।। - २२

તેઓ સ્વયં કર્મના નિયંતા અને અનુશાસનના આગ્રહી હોવાથી જણાવે છે : જો હું આવી રીતે સતત કર્તવ્યમાં વ્યસ્ત ન રહું અને એક આળસુની માફક નિષ્ક્રિય થઈ પડયો રહું તો પછી મને પૂજ્ય માનનાર બીજા બધા સામાન્ય મનુષ્યો પણ મારું જ અનુસરણ કરી, આળસુ બની, કર્તવ્યભ્રષ્ટ બની જાય અને તે રીતે તો હું પોતે જ 'અકર્મણ્યતા' ના કારણે લોકોનો એટલે કે લોકો ની સમૃદ્ધિ તથા સુખોનો વિનાશ કરનારો થાઉં. અકર્મણ્ય પ્રજા આળસ - પ્રમાદને કારણે શક્તિહીન થઈ વર્ણસંકર પ્રજા જેવી થઈ જાય અને આ રીતે તો હું મારી જ પ્રજાનો નાશ કરનારો થાઉં. કેમ કે હે અર્જુન, સમાન્યતઃ લોકો પોતાના મહાપુરુષોનું અનુસરણ કે અનુકરણ કરતા હોય છે." (ગીતા અ. -૩. ૨૪-૨૫.)

જો તેમના મહાપુરૂષો કર્મઠ સાહસી અને ઉદાર વિચારોવાળા હોય, તો અનુયાયીઓ પણ તેવા થવા પ્રયત્ન કરે છે, કારણ કે તેમનું પ્રેરકબળ તેઓ હોય છે. પણ જો તેવા મહાપુરુષો જ અકર્મક, સાહસહીન સંકુચિત મનવાળા પ્રારબ્ધવાદી અને નિશ્ચિંત બનીને પડયા રહેનારા હોય, તો પ્રજા પણ તેથી જ થઈ જાય."[15] એવું ન બને તે માટે હું પોતે જ કર્મ કરું છું.

यद्यदाचरति श्रेष्ठस्तदेवेतरो जनः ।
स यत्प्रमाण कुरुते लोकस्तदनुवर्तते ॥ ।।। - २१

ISBN-978-81-977089-5-4
First Edition

શ્રેષ્ઠ વ્યક્તિ જે કરે છે, તે અન્ય લોકો કરે છે. તે ગમે તે કરે, દુનિયા તેને અનુસરે છે. III - શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે, તેનું અનુકરણ બીજા લોકો કરે છે. તે જેને પ્રમાણ બતાવે છે,તે અનુસાર લોકો વર્તે છે .

**કર્મ અકર્મ અને વિકર્મ શું છે ?**

કર્મ, અકર્મ અને વિકર્મ બાબતમાં મોટા મોટા વિદ્વાનો પણ મોહ પામ્યા છે. કેમ કે કર્મની ગતિ અતિ ગહન છે. गहना कर्मणो गतिः । IV -16 જે માણમ કર્મમાં અકર્મને અને અકર્મમાં કર્મને અનુભવે છે, તે બુદ્ધિમાન છે. અભિમાન અને ફલાસકિત ત્યજીને કરેલું કર્મ અકર્મ છે. આપણે કર્મ કેટલું કરીએ છીએ તે મહત્વનું નથી, પણ કર્મ કેવું કરીએ છીએ, તે મહત્વનું છે. આપણા કર્મથી કેટલા લોકોને ફાયદો થયો તે જગત જુએ છે, જ્યારે આપણે કેવું કર્મ કરીએ છીએ તે ભગવાન જુએ છે.

પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનારી સૃષ્ટિક્રિયા તે કર્મ भूत भावोदभव क्रो वसर्गः कर्म सं ज्ञतः પ્રત્યેક કર્મ કોઈ પ્રકારની ક્રિયા છે. પછી તે શારીરિક હોય, માનસિક હોય કે અન્ય પ્રકારની હોય. ટૂંકમાં ક્રિયા વિના કર્મ ન થઈ શકે .

વિકર્મનો અર્થ થાય છે વિપરિત કે નિષિદ્ધ પ્રકારનું કર્મ. ગીતાકારના મતે કર્મના સાત્વિક , રાજસિક અને તામસિક એવા ત્રણ ભેદ પડે છે. કર્તવ્ય તરીકે નક્કી થયેલું જે કર્મ આસક્તિ વિના, રાગ - દ્વેષ રહિત અને ફળની આશા વિના કરાય તેને સાત્વિક કર્મ કહે છે. XVIII. ૨૩. 'હું કર્તા છું' એવા અભિમાન સાથે ફળની કામનાવાળા મનુષ્ય દ્વારા કરાતું હોય તે રાજસ કર્મ છે. તેમાં વધુ મહેનત પણ કરવી પડતી હોય છે. XVIII ૨૪ પરિણામે, વસ્તુઓનો બગાડ, હિંસા પોતાનું ગજું વગેરેનો વિચાર કર્યા વિના મોહ અને અજ્ઞાનથી કરાતું કર્મ તામસ છે. XVIII. ૨૫. આ ત્રણ પ્રકારનાં કર્મોના કર્તાઓ પણ સાત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારના હોય છે.

શરીર યાત્રાની ક્રિયાઓ સ્વાભાવિક કર્મો છે. સમાજમાં સ્થિરતા જળવાય તેમજ વ્યક્તિનો સર્વદેશીય વિકાસ થાય તેવા હેતુથી કરાતાં કર્મો નિયત કર્મો છે. પૂર્વજન્મના સંસ્કારોથી ચાલ્યા આવતાં કર્મો સહજ કર્મો છે. દુષ્કાળ, ભૂકંપ, ભયંકર વાવાઝોડું, નદીઓનાં પુર જેવી કુદરતી આપદાઓ જેવા પ્રસંગે આવી પડેલાં કરાતાં કર્મો પરિસ્થિતિ પ્રાપ્ત કર્મો છે, અને માનવકલ્યાણના ઉમદા હેતુને અનુલક્ષીને કરાતું પ્રત્યેક કર્મ 'યજ્ઞકર્મ છે.' જે પવિત્રમાં પવિત્ર કર્મ છે.

કર્મપાલન બાબતમાં ગીતાકાર સૂચવે છે કે, "યજ્ઞદાન અને તપરૂપી કર્મો ત્યાજ્ય નથી પણ કરવા યોગ્ય છે. આવાં કર્મો બુદ્ધિમાન મનુષ્યોને પાવન કરનારા છે. તેથી તે કર્મ આસક્તિ અને ફલેચ્છાનો ત્યાગ કરીને કરવાં જોઈએ." XVIII. ૫. કર્તવ્ય તરીકે નિયત થયેલાં કર્મોનો ત્યાગ ઉચિત નથી, જો અજ્ઞાનવશ આવાં કર્મોનાં ત્યાગ કરાય, તો તેને “તામસ ત્યાગ” કહે છે. જે કર્મ કરવામાં ખૂબ માથાકૂટ રહેલ છે, એમ સમજી શારીરિક કષ્ટના ભયથી તે નો ત્યાગ કરાય તો તેને 'રાજસ ત્યાગ' કહે છે, જયારે કર્તવ્ય તરીકે નિયત થયેલ જે કર્મને પોતાના ધર્મ સમજીને આસક્તિ અને ફળની ઇચ્છાના ત્યાગ કરીને કરાય છે

ISBN-978-81-977089-5-4
First Edition

તે ત્યાગ' સ્વત્વિક ત્યાગ' કહેવાય છે, પરંતુ તમામ કર્મોનો સદંતર ત્યાગ કરવાનું દેહધારીઓ માટે કયારેય પણ શકય નથી. જે કર્મફળનો ત્યાગ કરે તે જ સાચો ત્યાગી . XVIII. III

**સ્વધર્મપાલન એ શ્રેયનો સાચો માર્ગ છે :-**

કર્મ તથા તેના કર્તાના ત્રણ પ્રકાર દર્શાવીને ગીતા હવે 'સ્વધર્મનું પાલન એ જ શ્રેષ્ઠ ધર્મ છે' તે સિદ્ધાંત સૂચવે છે. ગીતાકારે સ્વધર્મને શ્રેષ્ઠ ધર્મ જણાવી, બધા ધર્મનું ફળ તેના પાલનમાં આવી જાય છે એમ કહ્યું છે. તેઓ અઢારમાં અધ્યાયમાં જણાવે છે કે, પોતપોતાનાં કર્તવ્ય કર્મોમાં નિમગ્ન રહેનાર પુરૂષ જીવનની ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

જે માણસ પોતાના કાર્યોમાં વ્યસ્ત રહે છે તે પૂર્ણતા પ્રાપ્ત કરે છે."स्वे स्वे कर्मण्य भरतः सं सद् धं लभते नरः।"

હવે કદાચ કોઈને એવો પ્રશ્ન જાગે કે, પોતાના જ કર્તવ્યમાં કોઈ દોષ જણાતો હોય તો શું કરવું ? જીવનમાં યુદ્ધનો જ પ્રસંગ આવીને ઊભો રહે અને કર્તવ્ય તરીકે તે સામે આવે, જેમ અર્જુનને માટે બન્યું હતું. યુદ્ધમાં તો સ્વાભાવિક રીતે જ ભારે હિંસા  થવાની જ પ્રથમ દ્રષ્ટિએ જ તેમાં દોષ જણાય. તો આવાં દોષવાળા કર્તવ્યોને ત્યાગી શકાય ? આ બાબતમાં ગીતા સ્પષ્ટ ઉત્તર આપે છેઃ "હૈ કૌન્તેય ! પોતાનું સહજ કે સ્વાભાવિક કર્તવ્ય કર્મ કંઇક દોષવાળું ભલે હોય. તો પણ તેનો ત્યાગ ન કરવો, કેમ કે બધાં કર્મમાં જેમ અગ્નિમાં ધુમાડો હોય છે, તેમ થોડા-ઘણા પ્રમાણમાં દોષ તો હોય છે જ. કોઈપણ કર્મ તદ્દન નિર્દોષ તો નથી જ હોતું. આથી માત્ર દોષ જોઈને જ કર્મનો ત્યાગ કરવાનો હોય, તો વ્યક્તિથી એક પણ કર્મ કરી શકાય નહિ."

सहजं कर्म कौन्तेय सदोषम प न त्यजेत्।

આવા પ્રસંગે ગીતાનું સ્પષ્ટ મંતવ્ય એવું રહે છે કે. "કર્મની જમા- ઉધાર  બાજુઓ જોઈને,જેમાં જમા બાજુ વધારે હોય  અને ઉધાર બાજુ ઓછી હોય તેવાં કર્તવ્ય કર્મ ને અવશ્ય કરવું જોઇએ.[૧૬]

કર્મમાત્રમાં દોષો બતાવીને લોકોમાં કર્મ પ્રત્યે અરૂચિ, ધૃણા અને અનિષ્ટ ના જન્મે તેવાં ભયસ્થાનો કેટલાક શાસ્ત્રકારો એ ભલે વ્યક્ત કર્યા હોય, પણ ગીતાકારનું તો કર્મનિષ્ઠા પ્રત્યેનું અડગ વલણ સહેજ પણ ડગમગતું નથી અને તેથી જ ગીતાકાર તો યતકિંચિત્ દોષવાળા કર્તવ્યકર્મને પણ આચારવાની હિમાયત કરે છે. કર્મ- ત્યાગ, કર્મ પ્રત્યેની ઘોર ઉપેક્ષા ગીતાને કદાપિ સ્વીકાર્ય નથી જ.

'સ્વધર્મપાલન અને પરધર્મસેવન 'બાબતમાં ગીતાકારે ચોથા અધ્યાયમાં પણ અગાઉ જણાવ્યું હતું કે, -બીજાનો ધર્મ આચરવો સહેલો હોય અને તેના કરતાં પોતાનો ધર્મ મુશ્કેલ અને ઓછા ગુણવાળો લાગતો હોય તો પણ પોતાનો જ ધર્મ વધુ કલ્યાણકારી છે. પોતાના ધર્મમાં રહેતાં કે તેનું આચરણ કરતાં કરતાં મરણ પણ આવે તો તે કલ્યાણકારક છે, જ્યારે બીજાનો ધર્મ તો ભયપ્રદ છે."

श्रेयान्स्वधर्मो  वगुणः परधर्मात्स्वनुष्ठितात्। स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।।

આ પ્રમાણે ભગવદ્ગીતા 'કર્મયોગ' કે 'સ્વકર્તવ્ય પાલન' પરત્વે વિશેષ ધ્યાન આપે છે. મનુષ્યના જીવનમાં ડગલે ને પગલે ક્યારેક ઝંઝાવાતો આવે છે. કે દુ:ખનાં કાળાં ભમ્મર વાદળો ધસમસતાં એક સામટાં આવી તેને ઘેરી લે છે, પરંતુ આવા સમયે એક ભગવદ્ગીતા જ માનવીનો સાચો સહારો, આધાર બને છે અને અણીના સમયે તેનું ચિંતન-મનન કરવાથી તે સુંદર માર્ગદર્શન પૂરું પાડી, માનવચિત્તને ચંદનશી શીતળ શાતા પૂરી પાડે છે. આથી જ 'ગીતા' ને સાચા અર્થમાં 'આધ્યાત્મિક નિદાનગ્રંથ"[૧૭] તરીકે પણ ઓળખવામાં આવે છે. પૂજ્ય બાપુએ 'અનાસક્તિયોગ ની પ્રસ્તાવનામાં જણાવ્યું છે. ગીતા અમારે સારુ આધ્યાત્મિક નિદાનગ્રંથ છે." તદ્વત  આચરણમાં નિષ્ફળતા રોજ આવે છે, પણ તે નિષ્ફળતા અમારા  પ્રયત્ન છતાં છે. એ નિષ્ફળતામાં સફળતાનાં ઊગતાં કિરણોની ઝાંખી કરીએ છીએ." [18]

## યોગભ્રષ્ટ સાધક અને તેનું ભાવિ :-

યોગમાં શ્રદ્ધા રાખનાર કોઇ યોગી સંપૂર્ણ સંયમી ન થતાં તેનું મન યોગથી ચલિત થતું હોય, તેવું પણ બનતા આવા યોગી  યોગની  સિદ્ધિને ન પામતા કઈ ગતિ ને  પામે  છે ?

શું  યોગ કે સિદ્ધિથી ભ્રષ્ટ આવો સાધક મૂઢ થઈને છિન્નભિન્ન થતા વાદળની જેમ નાશ  તો નથી થતો ને ? આ બાબતમાં ભગવાન જવાબ આપે છે કે, "હે પાર્થ ,  આ લોકમાં કે પરલોકમાં તેનો કદાપિ વિનાશ  તો નથી જ થતો, કેમ કે શુભ કે કલ્યાણકારી કર્મ કરનારો કોઈ મનુષ્ય દુર્ગતિને પામતો નથી."

न हि कल्याण कृ तकश्चित् दुर्गति तातं गच्छति। VI - ५

"પરંતુ આવો યોગભ્રષ્ટ મનુષ્ય પુણ્યકર્મ કરનારાઓના લોકને પામી ઘણા વર્ષો સુધી ત્યાં રહી, પછીથી પવિત્ર શ્રીમંતોના ઘેર જન્મે છે અથવા તો બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે. .....પૂર્વજન્મોના અભ્યાસને લીધે તે યોગ પ્રત્યે ખેંચાય છે અને કાળજીપૂર્વક પ્રયત્ન કરતાં કરતાં પોતાની અધૂરી સાધનાને માર્ગે ચાલી પાપરહિત  થયેલો તે યોગી અનેક જન્મે સિદ્ધ થયા પછીથી પરમ ગતિને પામે છે."

આવો યોગી તપસ્વીઓ અને જ્ઞાનીઓથી અધિક છે અને અગ્નિ હોમાદિ કર્મ કરનારાઓથી પણ અધિક છે. માટે હે અર્જુન ! તું યોગી થા. એટલે કે કર્મયોગી બન, ભગવદ્ગીતાના આ યોગભ્રષ્ટની સ્થિતિ અને તેના ભાવિનું નિરૂપણે સમજી આપણે બોધપાઠ લેવો ઘટે કે-

જીવનમાં ઈષ્ટ અને અનિષ્ટ એવાં સેળભેળ છે કે, ઈશ્વરની સ્થાપના કરતાં થોડુંક અનિષ્ટ સહી લેવું પડે છે. અગ્નિ સાથે ધુમાડો સંલગ્ન છે ને તે સહી લેવો પડે છે. અહિંસક ક્રાંતિમાં ય ગાંધીજીને પ્રજાની અનેકવિધ  યાતનાઓ જોઈ રહેવી પડી. ભૂતમાત્રને પરમાત્મામાં જોવાં એ જ પરમજ્ઞાન છે અને એ જ્ઞાન જ રત્નચિંતામણિ છે.19

પૂર્ણતાની ઉપાસનાનો આ માર્ગ કઠિન તો છે જ, પણ મિથ્યા વસ્તુની વિરતિથી તથા નિરંતર અભ્યાસથી ધ્યેય  તરફ જવાશે .....ભગવાન વચન આપે છે. 'કલ્યાણમય પ્રવૃત્તિમાં પડેલો માણસ કદાપિ દુર્ગતિ પામતો નથી. માનવ પાપી નથી, શાપિત નથી, અજ્ઞાની છે અને તત્વતઃ પ્રભુનું જ પ્રતિરૂપ છે. 20

ISBN-978-81-977089-5-4
First Edition

1 શ્રીમદ્ભગવદ્ગીતા ૪ .૩૫

૨ શ્રીમદ્ભગવદ્દગીતા૩.૨૦

3 શ્રીમદ્ભગવદ્ગીતા ૩ .૨૧/૨૨

૪ શ્રીમદ્ભગવદ્ગીતા ૩. ૨૬

૫ શ્રીમદ્ભગવદ્ગીતા ૪.૧૪

૬ હિન્દુ વેદધર્મ : આચાર્ય આનંદશંકર ધ્રુવ.

૭ સ્વામી વિવેકાનંદ

૮ લોકમાન્ય તિલક. બુદ્ધિને પ્રતિભા કહે છે.

૯ પ્રતિભા  - નવા નવા ઉન્મેષો ધારણ કરતી પ્રજ્ઞા

૧૦ શ્રીમદ્ભગવદ્ગીતા૨.૪૭

૧૧ શ્રીમદ્ભગવદ્ગીતા ૩.૧૭,૧૮

૧૨ શ્રીમદ્ભગવદ્ગીતા ૩.૧૯

૧૩ ગીતા અને આપણા પ્રશ્નો : સ્વામી સચિચદાનંદ

૧૪ લોકસંગ્રહ : લોકોની ઉન્નિત થાય અને તેમનો પુરુષાર્થ સિધ્ધ થાય એવાં કૃત્ય કરીને તેમની પાસેથી પણ એવાં કૃત્યો કરાવવાં તેનું નામ લોકસંગ્રહ

૧૫  ગીતા અને આપણા પ્રશ્નો : સ્વામી સચ્ચિદાનંદ

૧૬ ગીતા અને આપણા પ્રશ્નો : સ્વામી સચ્ચિદાનંદ

૧૭ આધ્યાત્મિક નિદાનગ્રંથ - મૂંઝવણનાં કારણો શોધતું શાસ્ત્ર

૧૮ અનાસક્તિ યોગ  પ્રસ્તાવના – મોહનદાસ કરમચંદ ગાંધી

૧૯ વિષ્ણુપ્રસાદ ર ત્રિવેદી

૨૦ અનાસકિત યોગ - મોહનદાસ કે. ગાંધી

ISBN-978-81-977089-5-4
First Edition

## પ્રકરણ-૬ આજનું વિશ્વ: ગીતાનો કર્મસંદેશ અને તેનું મૂલ્ય

આજે સમગ્ર વિશ્વ તરફ નજર નાખતી એવું સપષ્ટ ચિત્ર દેખાય છે કે સારું યે વિશ્વ જાણે એક ત્રીભેટે આવીને ખડું છે અને કોઈ અજ્ઞાત ભયના ઓથાર હેઠળ તે જીવી રહ્યું છે. ચારે તરફ ઘોર અંધકાર ને અંધકાર જ દ્રષ્ટિગોચર થાય છે. ક્યાંય પ્રકાશનાં કિરણોની આછી એવી ઝલક પણ નજરે પડતી નથી. અનેક પ્રકારનાં ભોતિક સુખોની રેલમછેલમાં આજનો વિશ્વમાનવ આળોટતો થયો હોવા છતાં એના મનને કયાંય માનસિક વિસામો નથી. ઘડી બે ઘડીની પણ એને "પોતીકાં' સાથે નિરાંતે બેસીને મુખની ઘડી માણવાની, સુખ-દુ:ખમાં સાથે રહી પરસ્પરના સુખ - દુ:ખ માં સહભાગી થવાની કે તે પ્રત્યે વિચાર સરખો કરવાની પણ ફુરસદ નથી. તે જાણે કે ધ્યેયવિહીન - દુનિયામાં અવશ પણે લાચાર બનીને ખેંચાઈ રહ્યો છે, અટવાઈ પડયો છે કે ઝાંઝવાનાં નીરની પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે. માનવી માત્રની; માત્ર ભૌતિક સુખો પાછળની આ આંધળી દોટ મૂકી રહયો છે.માનવી માત્ર ની માત્ર ભૌતિક સુખો પાછળની આ આંધળી દોટ ક્યાં જઈને અટકશે? ચારે તરફ માનવીય, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સદંતર ધોવાણ થઈ રહ્યું છે અને ચોતરફ રાગ, દ્વેષ, કામ, ક્રોધ,મોહ અને મદ રૂપી શત્રુઓ મહાકાલના જેવું પોતાનું વિકરાળ મુખ ફાડીને જાણે ,એક જ કોળિયે સમગ્ર વિશ્વને 'સ્વાહા" કરવાની પ્રતીક્ષા કરી રહ્યા છે.

સમાજ જીવનનાં તમામ ક્ષેત્રોમાં આજે જાણે કે અરાજકતાની સ્થિતિ પ્રવર્તી રહી છે. પછી તે ક્ષેત્ર શિક્ષણનું હોય, ધાર્મિક હોય, જાહેર સેવાનું હોય , વાણિજ્ય સેવાનું હોય, કૃષિ સંચાલનનું હોય કે રાજકીય હોય. આ તમામ ક્ષેત્રોમાં જેમને શિરે કર્તવ્યપાલન કે સ્વધર્મનું યથેચ્છ રૂપમાં પાલન કરવાનું સૌથી વિશેષ ઉત્તરદાયિત્વ છે, તેઓ જ આજે પોતાના સ્વધર્મને - સ્વકર્તવ્યને કે પોતાના ઉચ્ચ પદની ગરિમાને સદંતર ભૂલી ગયા છે અને સમગ્ર સમાજ જીવનને છિન્નભિન્ન કરનારી સમાજહિત વિરોધી એવી વિધ્વંસક પ્રવૃત્તિ ઓમાં જોડાઈ જગતનિયંતાની આદર્શ સમાજ વ્યવસ્થાના પુનઃ સ્થાપન ની કલ્યાણકારી પ્રવૃતિઓમાં અંતરાયરૂપ બની રહ્યા છે.

ઉચ્ચમાં ઉચ્ચ આસને આરૂઢ પદાધિકારી, અધિકારી, શાળા-મહાશાળાઓના શિક્ષકો - આચાર્યો, કુલાપિપતિ, મઠાધિકારી, ધર્મચાર્યો વગેરે પોતાના સ્વધર્મનું પાલન ન કરે,જવાબદારી વહન કરવાના યોગ્ય કે નાજુક તબક્કે ભાગેડુ વૃત્તિ કે પલાયનવૃત્તિ (Escapism) નો આશ્રય લે, તેમની અનિર્ણાયકતા (Indecisiveness) ને કારણે જાહેર હિતનાં ઉમદા કાર્યોનું અમલીકરણ વિલંબમાં મુકાય કે તેઓ સ્વયં અપ્રમાણિકતા આચરે, જેના કારણે જાહેર હિત' ને વ્યાપક નુકસાન થાય. તો આવા ઉચ્ચાસને બિરજનાર "મહામાનવો" કઈ જાતના સદાચાર કે સદવર્તનના પાઠ અન્યને માટે મૂકી જશે? તેમને ખોટું વર્તન કે કૃત્ય કરતાં કોઈ જોવાનું નથી એમ માનીને સમાજના નિયમો કે નીતિમત્તાના કાયદાઓનું તેઓ છડેચોક ઉલ્લંઘન કરવા મંડે, તો પછી જગતનિયંતાનું સુશાસન જોખમમાં મુકાય, ઠેર ઠેર અનુશાસન હીનતા નું પ્રાબલ્ય વધે અને સમગ્ર જીવનવ્યવહારમાંથી પવિત્રતાનું સુરક્ષાકવચ દૂર થતાં અરાજકતા જ વ્યાપે. આવા કપરા સમયે અધ:પતનને આરે જોઈ રહેલા અને છિન્નભિન્ન થતા સમાજજીવનને ભગવદ્દગીતાના

ISBN-978-81-977089-5-4
First Edition

કર્મયોગના સંદેશમાંથી સદાચાર અને નીતિમત્તાના બોધપાઠ ગ્રહણ કરી સદાચાર અને નીતિમત્તાના જ્ઞાનામૃતનું પાન કરાવી સૌને સાચો રાહ બતાવી કે સાચું દિશાસૂચન કરી તેને ઉગારી લેવાનું અત્યંત જરૂરી બન્યું છે.

આ સંદર્ભમાં વર્તમાન સમયના સૌ સમાજહિત ચિંતકો અને ઉચ્ચપદ સાથે સંકળાયેલા તમામ ક્ષેત્રોના સૌ સૂત્રધારોએ સાથે મળી ભગીરથ એવા આ સત્કાર્યના માનવસેવાના પવિત્ર મહાયજ્ઞમાં પોતાના સદ્ગુણો કે સદવર્તનની યતકિંચિત આહુતિ આપી સંસ્કારસિંચનનું ઉમદા કાર્ય કરી માનવસમાજની ભાવિ પેઢીને ઉમદા દાખલો પુરું પાડવાનો છે.

ભગવદ્ગીતાનો કર્મયોગનો જીવનસંદેશ સૌને ઉમદા નેતૃત્વ્ અને દૃઢ મનોબળ કે અખૂટ શક્તિ પૂરી પાડે છે, દુ:ખના સમયમાં તે સહારો બને છે. શ્રી શંકરચાર્યજી એ પણ જણાવ્યું છે કે : દુ:ખ માત્રના નિવારણ માટે અને પરમસુખની પ્રાપ્તિ માટે ગીતાનું જ્ઞાન જ ગાવા યોગ્ય છે."

ભગવદ્ગીતા માટે મહત્મા ગાંધીજીના આ શબ્દોને પણ કેમ ભુલાય?: "ગીતા એક મહાન ધર્મકાવ્ય છે. તેમાં જેમ ઊંડા ઊતરો તેમ તેમાંથી નવા ને સુંદર અર્થો મેળવો. ગીતા જનસમાજને સારૂં હોઈ તેમાં એક વસ્તુને ઘણી રીતે કહી દીધી છે. એટલે ગીતામાં આવેલા મહાશબ્દોના અર્થ યુગે યુગે બદલાશે ને વિસ્તાર પામશે..... ગીતાનો મૂળ મંત્ર કદી નહીં બદલાય. એ મંત્રને જે રીતે સાધી શકાય તે રીતે જિજ્ઞાસુ ગમે તે અર્થ કરે.... ગીતા વિધિ-નિષેધ બનાવનાર સંગ્રહગ્રંથ પણ નથી. એકને સારું જે વિહિત હોય તે બીજાને સારું નિષિદ્ધ હોય. એક કાળે કે એક દેશમાં જે વિહિત હોય તે બીજે કાળે બીજા દેશમાં નિષિદ્ધ હોય. **નિષિદ્ધ માત્ર ફલાસક્તિ છે. વિહિત અનાસક્તિ છે.**

ગીતામાં જ્ઞાનનો મહિમા જળવાયો છે. છતાં ગીતા બુદ્ધિગમ્ય નથી. એ હૃદયગમ્ય છે. તેથી તે અશ્રદ્ધાળુને સારુ નથી.- ૨૧ પૂજ્ય બાપુએ અન્યત્ર પણ કહ્યું છે: “મને તો કોઈ ધર્મસંકટ આવે એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું અને આ શરણાગતિ મને સદાય પથદર્શન કર્યું છે. ૨૨ વર્તમાન સમયમાં ભગવદ્ગીતા - કર્મયોગ-માહાત્મ્ય સમજાવાનું આબાલવૃદ્ધ સૌને માટે જરૂરી છે. યુગપુરુષ ભગવાન શ્રીકૃષ્ણના મુખે ગવાયેલ આ મહાન ધર્મકાવ્ય એ સાચે જ એક 'આધ્યાત્મિક નિદાનગ્રંથ' છે. આપણે સૌ તેમાંથી પ્રેરણા મેળવીને સમગ્ર વિશ્વના કલ્યાણ અર્થે માનવ સેવાના પવિત્ર મહાયજ્ઞમાં જોડાવા સંકલ્પબુદ્ધ બની શુદ્ધ જીવનની આત્મસિદ્ધિ ની યાત્રા સારુ અદમ્ય પુરુષાર્થ કરીએ અને ભગવાન શ્રીકૃષ્ણે સમસ્ત માનવજાત માટે પ્રકટાવેલ ગીતા જ્ઞાન રૂપી પ્રકાશની દિવ્ય દીપજ્યોતને સદા ઝળહળતી રાખીએ.

**સંદર્ભ ગ્રંથ**

1. શ્રી પાંડુરંગશાસ્ત્રીજી આઠવલેનાં પ્રવચનો: 'સંસ્કૃતિ પૂજન

પ્રકાશક: શ્રી વલ્લભદાસ જે. ઝવેરી

મુંબઈ : ૪૦૦ ૦૦૪

તેરમી આવૃત્તિ : ૫,૦૦૦

વર્ષ: સપ્ટેમ્બર ૧૯૯૩

૨. શ્રી પાંડુરંગશાસ્ત્રીજી આઠવલેનાં પ્રવચનો: 'ગીતામૃતમ'

પ્રકાશક : શ્રી નંદલાલ ગોપાલજી ભૂતા

મુંબઈ :૪૦૦ ૦૦૪

પાંચમી આવૃત્તિ

સંવત : ૨૦૩૬ / સને ૧૯૮૦

3. પટેલ રામદાસ રેવાદાસ: 'શ્રીમદ્ભગવદ્ગીતા'

પ્રકાશક: પટેલ હર્ષદરાય રામદાસ

વડોદરા : ૩૯૦ ૦૦૧

પ્રથમ આવૃત્તિ

વર્ષ: નવેમ્બર ૧૯૯૩

૪. ઉપાધ્યાય ભૈરવદત્ત: 'ગીતાનું જીવનદર્શન'

પ્રકાશક: શ્રી. આર.બી. સિંહ, વિશ્વભારતી પ્રકાસન (સીતાબડી) નાગપુર ૪૪૦ ૦૧૨

આવૃતિ : પ્રથમ

વર્ષ:૧૯૯૭

૫. અક્કડ શ્રી વલ્લભદાસ: વિનોબા" (જીવન અને કાર્ય)

પ્રકાશક: વિનોબા સત્કાર સમિતિ સુરત

૬. વિનોબા : 'ગીતા પ્રવચનો'

પ્રકાશક : રણજિત દેસાઈ, સંયોજક પ્રકાશન સમિતિ

પવનાર, (વર્ષા) મહારાષ્ટ્ર

આવૃત્તિ: છવ્વીસમી ૨૫,૦૦૦ વર્ષ : માર્ચ ૧૯૮૨

૭. પ્રો. સી. વી. સવળ:"પ્રસ્થાનત્રયી'

પ્રકાશક: પ્રો. સી. વી. સવળ

અમદાવાદ : ૩૮૦ ૦૧૫

આવૃતિ: પહેલી

વર્ષ:૧૯૯૨

૮. શ્રી અરવિન્દ ગીતા નિબંધો

પ્રકાશક : શ્રી અરવિન્દ આશ્રમ

પોડિચેરી : ૬૦૫ ૦૦૨

આવૃતિ ત્રીજી

વર્ષ:૧૯૮૫

૮. સરસ્વતી: 'શ્રીમદ્ભગવદ્ગીતા'

પ્રકાશક: અશ્વિનભાઇ બી. સાહ

હાથીખાના, રતનપોળ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

આવૃતિ પ્રથમ

વર્ષ : જુલાઈ ૨૦૦૨

૧૦. ડો. સુહાસ ઝાલા: 'શ્રીમદ્ભગવદ્ગીતા'

પ્રકાશક: અશ્વિનભાઇ બી. સાહ સરસ્વતી પુસ્તક ભંડાર સરસ્વતી હાથીખાના, રતનપોળ, અમદાવાદ ૩૮૦૦૦૧ આવૃતિ પ્રથમ

વર્ષ : જુલાઈ ૨૦૦૨

૧૧ શ્રી સ્વામી શિવાનંદજી: શ્રીમદ્ભગવદ્ગીતા

પ્રકાશકઃ ડો. શિવાનંદ અધ્વર્યુ દિવ્યજીવન સંઘ શાખાઓ,

વીરનગર, જિ. રાજકોટ

આવૃતિ : બીજી વર્ષ:૧૯૮૬

૧૨ . શ્રી શ્રીમદ્ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ : ભગવદ્ગીતા તેના મૂળ રૂપે

પ્રકાશક: ગોપાલકૃષ્ણ દાસ ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૪૭ આવૃતિ પ્રથમ

વર્ષ:૧૯૭૮

13. એમ .કે.ગાંધી :અનાસક્તિયોગ

પ્રકાશક: ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી

ડાયમંડ બુક્સ

14 સ્વામી સચ્ચિદાનંદ :ગીતા અને આપણા પ્રશ્નો

પ્રકાશક : ગુર્જર સાહિત્ય પ્રકાશન , વર્ષ: 2011